Website : www.rakhewaldaily.com Email : rakhewal@gmail.com

વર્ષ : 33 ● અંક : ૩૦૭
તા.૧૬-૧૨-૨૦૧૭, શનિવાર
સંવત ૨૦૭૪ માગસર વદ - ૧૪
પાના : ૮ ● કિંમત રૂા.૨-૦૦

સૂર્યોદય : ૦૭:૧૭ સૂર્યાસ્ત : ૦૫:૫૬

તાપમાન

ડીસા	૧૦.૭	વડોદરા	૧૩.૨
અમદાવાદ	૧૧.૧	સુરત	૧૫.૮
ગાંધીનગર	૧૧.૨	નલિયા	૧૦.૮

ચાંદી : ૩૭,૫૦૦ સોનું : ૨૯,૪૦૦

P.R.No. GBK/06/2015-17 RNI No 20508/71 Facebook.com/rakhewal

રખેવાલ

ઉત્તર ગુજરાતનું પ્રથમ દૈનિક

સંચાલક તંત્રી : અમૃતભાઈ શેઠ પો.બો. નં. ૧, માનવ મંદિર - ડીસા, ફોન : ૨૨૦૨૬૪, ૨૨૨૩૬૪ ફેક્સ : (૦૨૩૪૪) ૨૨૦૬૮૪ પાલનપુર ફોન-૨૫૩૦૦૪, અમદાવાદ ફોન. ૨૬૪૦૩૧૪૩ જનસેવાની પરંપરાના ૩૩ વર્ષ...

કોંગ્રેસ મતગણતરીમાં આડખલી ન કરે: સુપ્રિમ

મતગણતરીમાં દરમિયાનગીર કરવાનો ઇન્કાર : ૨૫ ટકા વીવીપેટ પર્ચીઓને ઇવીએમ સાથે કોસ વેરિફાઇ કરવા માટેની કોંગ્રેસની માંગ ફગાવાઈ

નવીદિલ્હી

ગુજરાત વિધાનસભાની ચૂંટણીના પરિણામના ત્રણ દિવસ પહેલા સુપ્રીમ કોર્ટમાં પહોંચેલી કોંગ્રેસ પાર્ટીને આજે મોટો ફટકો પડ્યો હતો. કોર્ટે મતગણતરીમાં કોઇ પણ દરમિયાનગીરી કરવાનો ઇન્કાર કર્યો છે. સુપ્રીમે દરમિયાનગીરી કરવાનો ઇન્કાર કરીને કોંગ્રેસની આ પ્રકારની માંગને ફગાવી દીધી છે. કોંગ્રેસે સુપ્રીમ કોર્ટમાં અપીલ દાખલ કરીને માંગ કરી હતી કે ૧૮મી ડિસેમ્બરના દિવસે મતગણતરીના દિવસે કમ સે કમ ૨૫ ટકા વીવીપેટ પરવીને ઇવીએમ સાથે ક્રોસ વેરિફાઇડ કરવામાં આવે તે જરૂરી છે. અરજમાં કહેવામાં આવ્યુ હતુ કે ઇવીએમમાં જે વોટ પડ્યા છે તેની તુલના વીવીપેટ સાથે કરવામાં આવે તે જરૂરી છે. અત્રે નોંધનીય છે કે ગુરૂવારના દિવસે મતદાન પૂર્ણ થયા બાદ ગુજરાત માટે મોટા ભાગના એગ્ઝિટ પોલમાં કોંગ્રેસને હાર આપવામાં આવી છે. એગ્ઝિટ પોલમાં ભાજપની જીતનો દાવો કરવામાં આવી રહ્યો છે. તે પહેલા પાટીદાર નેતા હાર્દિક પટેલ હાર્દિક પટેલે ઇવીએમમાં ગેરરિતીનો આરોપ મુક્યો છે. હાર્દિક શંકા વ્યક્ત કરતા કહ્યુ છે કે એગ્ઝિટ પોલીમાં ભાજપની જીત એટલા માટે દર્શાવવામાં આવી રહી છે કે પરિણામ જાહેર કરવામાં આવ્યા બાદ ઇવીએમ પર કોઇ પ્રશ્નો ઉભા ન થાય. હાર્દિકે ગુરૂવાર સાંજે ટ્વીટ કરીને આ મુજબની માહિતી આપી હતી.

આ પહેલા ઉત્તરપ્રદેશ ચૂંટણીવેળા ઇવીએમમાં ખામી હોવાનો મુદ્દો ઉઠાવવામાં આવ્યો હતો. આમ આદમી પાર્ટી અનમે બહુજન સમાજ પાર્ટી દ્વારા ઇવીએમને લઇને પ્રશ્નો કર્યા હતા. આમ આદમી પાર્ટીએ તો દાવો કર્યો હતો કે ઇવીએમને સરળતાથી હેક કરવામાં આવી શકે છે. જો કે ચૂંટણી પંચે આ તમામ આરોપોને રદિયો આપ્યો હતો. ઇવીએમને લઇને પ્રશ્નો સપાટી પર આવ્યા બાદ ગુજરાતમાં ચૂંટણીના ઉપયોગમાં આવનાર તમામ ઇવીએમને વીવીપેટ સાથે જોડવા માટે અપીલ કરવામાં આવી હતી. મશીન મારફતે એની ખાતરી કરવામાં આવે છે કે મતદાતાએ જેને મત આપ્યો છે તે તેના ઉમેદવારને ગયુ છે. મશીનના રિસ્પ્લેમાં એજ મતદારના નામની પરચી આવે છે.

વિચાર વૈભવ...

બોદો રૂપિયો!

૧૯૪૪ ની 'કરેંગે યા મરેંગે' ની લડતમાં ગુજરાતના જુવાને જવાબ આપ્યો. પણ આજના યુવાન તરફ નજર રાખીએ છીએ, ત્યારે દયાજનક ચિત્ર ઉપસી આવે છે. તે નિસ્તેજ, શરીર- સંપત્તિ વિનાનો, નિષ્પ્રાણ અને કંગાળ દેખાય છે. પોતાને માટે નિયત કરેલી જગ્યા પર કૂદજ ભજાવતા તે ટટાર ઊભો રહી શકતો નથી. નોકરી પર કલાકો સુધી બેઠી પલાંઠીનો કામ સાધી શકતો નથી. જવાબદારી આવે તો ટાળવા પ્રયત્ન કરતો જણાય છે. અડીખમ ઊભા રહી આફત સામે લડા કરતાં વહેલી તકે પલાયન થઈ જવાની વૃત્તિવાળી દેખાય છે. પોતાની ભૂલ જણાતાં ભીંજાના ઉપર દોષનો ટોપલો ઓકાડવામાં ઠોમિયાદી માનતો જણાય છે. આગેવાન બનવાના કોડ ધરાવતો હોવા છતાં, જવાબદારી કે જોખમ આવતા નૌથી પહેલાં ભાગવાની મનોવૃત્તિ ધરાવતો અત્યારનો જુવાન છે. ભ્રષ્ટાચારની વાતો કરનાર જો જાતે જ ભ્રષ્ટાચારના કુડમાં કલાકો ખાય છે. કળાને નામે જો વટશામકકાની ભૂળ ભુલામણીમાં ભેરવાઈ પડ્યો છે. કોમવાદ અને સંકુચિત વાડાનાં સૂગે એના દિલને ગળીપચી કરે છે, લોક કે તેમાં જોખમ નથી. એમાં વિશાળ દૃષ્ટિ નથી; સમાજને માટે જાતે વેઠવાનું દ્રાવ એમાં બેવું પડે તેમ નથી. એમાં સંગમની જરૂર નથી અને એમાં વિવેક તો મોં સંતાડીને ભાગી જ ગયો હોય છે. તેથી તો રાષ્ટ્રની નિયતિ સામે એ અટેરાં કરે છે. સાર્વજનિક દીવાળો પર એ બીભત્સ લખાણો લખે છે. કલાકા પ્રકારની ઇંટાભણમાં એ ઝઘડુજીને મોજ આવે છે, તેમાં એ દીકરું અભિમાન લે છે. સાવ બોદા રૂપિયા જેવો એ લાગે છે!

- ચંદ્રશંકર મ. ભટ્ટ

સાર સમાચાર...

કાશ્મીર, હિમાચલમાં હિમવર્ષા જારી : ઉત્તર ભારત ઠંડુગાર થયુ

નવી દિલ્હી

ઉત્તર ભારતમાં તીવ્ર ઠંડી અને ધુમ્મસની સ્થિતી જોવા મળી રહી છે. પંજાબ, હરિયાણા અને રાજસ્થાનના જુદા જુદા ભાગોમાં સવારમાં ધુમ્મસની ચાદર જોવા મળી રહી. કેટલાક મેદાની ભાગોમાં પણ પારો શુન્ય સુધી પહોંચી ગયો છે. હિમાચલ પ્રદેશ અને જમ્મુકાશ્મીરમાં કેટલાક જિલ્લામાં ભારે હિમવર્ષાની આગાહી કરવામાં આવી છે. સાથે સાથે લોકડાઉન ધણી પડે તેવી શેતવણી જાહી કરવામાં આવી છે. કાશ્મીરમાં કેટલીક રાહત મળી છે. કારણ કે શ્રીનગર-જમ્મુ નેશનલ હાઈવેને સત્તાવાળાઓએ ખોલી દેવાનો નિર્ણય કર્યો છે. આની સાથે ખીણ અને દેશના અન્ય ભાગો કુશી સંપર્કમાં આવ્યા છે. હાલમાં કેટલીક જગ્યાએ બરફના કારણે રસ્તાને બંધ કરવાની ફરજ પડી હતી. જો કે ઉષાણવાળા વિસ્તારમાં હિમાચલ પ્રદેશ અને જમ્મુ કાશ્મીરમાં હિમવર્ષા જારી રહી છે. જેથી ઠંડીમાં એકાએક વધારો થયો છે. કાશ્મીર ડિવીઝનમાં લોકોની હાલત કફોડી બનેલી છે. લડાખ પ્રદેશમાં લૌથી વધારે ઠંડી નોંધાઈ છે.

હારની ચિંતા વચ્ચે રાહુલની આજે તાજપોશી

નવીદિલ્હી

ગુજરાત અને હિમાચલ પ્રદેશ વિધાનસભા ચૂંટણી એક્ઝિટ પોલના તારણોમાં બંને રાજ્યોમાં કોંગ્રેસને ફટકો પડી રહ્યો છેપરંતુ આવતીકાલે રાહુલ ગાંધીની તાજપોશી ઉપર તેની કોઇ અસર થનાર નથી. કોંગ્રેસના સુત્રોએ કહ્યું છે કે, રાહુલને પાર્ટી પ્રમુખ બનાવવાના કાર્યક્રમમાં કોઇ ફેરફાર કરવામાં આવી રહ્યો નથી. ઓછામાં ઓછા નવ એક્ઝિટ પોલમાં તારણોમાં જણાવવામાં આવ્યું છે કે, ગુજરાતમાં ભાજપ ૧૦૦થી

વધારે સીટો જીતી જશે. ૧૯મી ડિસેમ્બરના દિવસે રાહુલને કોંગ્રેસના પ્રમુખ બનાવવાનો નિર્ણય કરવામાં આવ્યા બાદ ૧૮મી ડિસેમ્બરના દિવસે જો પરિણામ સારા રહેશે તો રાહુલને ફાયદો થશે અને જો પરિણામ પ્રતિકૂળ રહેશે તો રાહુલ માટે મુશ્કેલી સર્જાઈ શકે છે. દિલ્હીમાં કોંગ્રેસના નેતાઓએ માહિતી આપતા કહ્યું છે કે, કાર્યક્રમમાં કોઇ ફેરફાર કરવામાં આવ્યો નથી. કારણ કે, પાર્ટીને ગુજરાતના સારા પરિણામ આવવાની અપેક્ષા દેખાઈ રહી છે. એક નેતાએ કહ્યું છે કે, ગુજરાતમાં અમારી પાસે હાલમાં ૪૩ સીટો છે અને એક્ઝિટ પોલ અનેક વખત ખોટા સાબિત થઇ ચુક્યા છે. શેરબજારમાં ફિલગુડ માહોલ સર્જવા માટે આ પ્રકારના એક્ઝિટ પોલ જારી કરવામાં આવે છે.

મર્ચેન્ટ ડિસ્કાઉન્ટ રેટ હવે સરકાર ચુકવશે : કેન્દ્રીય કેબિનેટનો નિર્ણય

નવીદિલ્હી

ડિજિટલ ટ્રાન્ઝિક્શનને પ્રોત્સાહન આપવાના હેતુસર મોદી સરકારે આજે મોટો નિર્ણય કર્યો હતો જેના ભાગરૂપે ૨૦૦૦ રૂપિયા સુધીના ડિજિટલ ટ્રાન્ઝિક્શન પર મર્ચેન્ટ ડિસ્કાઉન્ટ રેટ (એમડીઆર)નો બોજ બે વર્ષ સુધી સરકાર ઉઠાવશે. આ સુવિધા પહેલી જાન્યુઆરી ૨૦૧૮થી અમલી કરવામાં આવનાર છે. આજે કેન્દ્રીય કેબિનેટની બેઠકમાં આ નિર્ણય લેવામાં આવ્યો હતો. માહિતી અને પ્રસારણ મંત્રી રવિશંકર પ્રસાદે માહિતી આપતા કહ્યું હતું કે, ડિજિટલ ટ્રાન્ઝિક્શનને પ્રોત્સાહન આપવા માટે આ નિર્ણય લેવામાં આવ્યો છે.

વિમા છત્ર હેઠળની ગાયોના મૃત્યુ કેસમાં ખેડૂતને વળતર

ફરિયાદ દાખલ કર્યાથી બંને ગાય પેટે ૮૦ હજારનું વળતર ૯ ટકા વાર્ષિક વ્યાજ સાથે ચૂકવવા વીમા કંપનીને ફરમાન

અમદાવાદ

વીમાથી સુરક્ષિત ગાયોના મૃત્યુના કેસમાં ગુજરાત રાજ્ય ગ્રાહક તકરાર નિવારણ ફોરમ(સ્ટેટ કમીશન)એ ફરિયાદી ખેડૂતને વળતર અપાવતો મહત્વનો આદેશ જારી કર્યો છે. સ્ટેટ કમીશનના જ્યુડીશીયલ મેમ્બર પી.ઓ.લાડ અને સભ્ય ડો.જે.જી.મેકવાને અમદાવાદ જિલ્લાના દસ્ક્રોઇ તાલુકાના અરજદાર ખેડૂતને ફરિયાદ દાખલ કર્યા તારીખથી બંને ગાય પેટે રૂ.૮૦ હજારનું વળતર નવ ટકા વાર્ષિક વ્યાજ સાથે ચૂકવી આપવા પ્રતિવાદી વીમાકંપની આઈસી આઈસી આઈ લોમ્બાર્ડ ઈન્શ્યોરન્સ કંપનીને ફરમાન કર્યું છે. સ્ટેટ કમીશને અરજદાર ખેડૂતને અપીલના ખર્ચના રૂ.૧૦ હજારથી અલગથી ચૂકવી આપવા પણ વીમાકંપનીને હુકમ કર્યો હતો. ગ્રાહક સુરક્ષા અને પગલા સમિતિ(અખિલ ભારતીય) સમિતિના પ્રમુખ મુકેશ પરીખ દ્વારા સ્ટેટ કમીશનના કરાયેલી અપીલમાં આ મહત્વનો હુકમ કરાયો હતો. અમદાવાદ જિલ્લાના દસ્ક્રોઇ તાલુકાના ફરિયાદી ખેડૂત વિનોદભાઇ પટેલ તરફથી કરાયેલી અલગ-અલગ અપીલોમાં ગ્રાહક સુરક્ષા અને પગલા સમિતિ(અખિલ ભારતીય)ના પ્રમુખ મુકેશ પરીખે મહત્વની દલીલો કરતાં જણાવ્યું હતું કે, ફરિયાદી ખેડૂત દ્વારા ઇન્શ્યોરન્સ કંપનીને ફરમાન કર્યું છે. સ્ટેટ કમીશને અરજદાર ખેડૂતને ચુકવેલા ખર્ચાના રૂ.૧૦ હજારથી અલગથી ચૂકવી આપવા પણ વીમાકંપનીને હુકમ કર્યો હતો. ગ્રાહક સુરક્ષા અને પગલા સમિતિ(અખિલ ભારતીય)ના પ્રમુખ મુકેશ પરીખે મહત્વની દલીલો કરતાં જણાવ્યું હતું કે, ફરિયાદી ખેડૂત દ્વારા ઇન્શ્યોરન્સ કંપનીને ફરમાન કર્યું છે. સ્ટેટ કમીશને અરજદાર ખેડૂતને ચુકવેલા ખર્ચાના રૂ.૧૦ હજારથી અલગથી ચૂકવી આપવા પણ વીમાકંપનીને હુકમ કર્યો હતો. ગ્રાહક સુરક્ષા અને પગલા સમિતિ(અખિલ ભારતીય)ના પ્રમુખ મુકેશ પરીખે મહત્વની દલીલો કરતાં જણાવ્યું હતું કે, ફરિયાદી ખેડૂત દ્વારા ઇન્શ્યોરન્સ કંપનીને ફરમાન કર્યું છે. સ્ટેટ કમીશને અરજદાર

હરિદ્વાર-ઋષિકેશમાં ગંગા કિનારે પ્લાસ્ટિક ઉપર પ્રતિબંધ

નવીદિલ્હી

નેશનલ ગ્રીન ટ્રીબ્યુનલે (એનજીટી)એ આજે વધુ એક મોટો નિર્ણય કર્યો લ્યો. એનજીટીએ હરિદ્વાર, ઋષિકેશ માં ગંગાના કિનારે રહેતા વિસ્તારોમાં પ્લાસ્ટિકથી બનેલી ચીજો પર પ્રતિબંધ મુકી દીધો છે. આમા પ્લાસ્ટિક કેરી બેગ, પ્લેટ અને કટલરીની ચીજોનો સમાવેશ થાય છે. એનજીટીના ચેરમેન જસ્ટિસ સ્વતંત્રકુમારના નેતૃત્વમાં બનેલી બેંચે ઉત્તર કાશી સુધી આ ચીજોના વેચાણ, નિર્માણ અને ભંડારણ ઉપર પ્રતિબંધ મુકી દીધો છે. એનજીટીના આ ઓર્ડરનો ભંગ કરનાર પર ૫૦૦૦ રૂપિયાનો દંડ લાગૂ કરવામાં આવશે. આના માટે જવાબદાર અધિકારીઓ સામે પણ આકમક પગલા લેવામાં આવશે. ગંગા નદી પ્રદૂષિત થતાં રોકવા માટે આ પહેલેને ઉપયોગી ગણવામાં આવે છે.

અત્રે નોંધનીય છે કે, એનજીટીએ હાલમાં જ નેશનલ ગ્રીન ટ્રીબ્યુનલે ગઇકાલે જ અમરનાથ મામલામાં સ્પષ્ટી કરણ જારી કર્યું હતું.

ગુજરાતની પ્રજાને ભરમાવવા ભાજપની ચાલબાજી

એક્ઝીટ પોલના તારણો ખોટા સાબિત થશે : કોંગ્રેસ

૧૨૪ સીટ મેળવવાનો દાવો : ગુજરાત કોંગ્રેસ નેતાઓએ જિલ્લા પદાધિકારીઓ, હોદ્દેદાર સાથે તાકીદની બેઠક કરી

અમદાવાદ

ગુજરાત વિધાનસભાની ચૂંટણીને લઇ તાજેતરમાં એક્ઝીટ પોલમાં ભાજપને વિજયી બતાવતા અને ફરીથી ભાજપની સરકાર બનવાના તારણોને આજે ગુજરાત પ્રદેશ કોંગ્રેસના પ્રમુખ ભરતસિંહ સોલંકી, શકિતસિંહ ગોહિલ સહિતના આગેવાનોએ વખોડી કાઢયા હતા. ગુજરાત કોંગ્રેસના નેતાઓએ વિધાનસભા ચૂંટણીના પ્રથમ અને બીજા તબક્કાના મતદાન બાદ આજે ગુજરાત પ્રદેશ કોંગ્રેસની કચેરી ખાતે સ્થાનિક નેતાઓ, જિલ્લા કોંગ્રેસના પદાધિકારીઓ, હોદ્દેદારોની એક તાકીદની બેઠક યોજી પરિણામોની સ્થિતિની સમીક્ષા અને મૂલ્યાંકન કર્યું હતું. બેઠક બાદ પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ ભરતસિંહ સોલંકીએ ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં આ વખતે કોંગ્રેસને ૧૨૪ જેટલી બેઠકો મળશે તેવો દાવો કર્યો હતો, સાથે સાથે તેમણે તમામ એક્ઝીટ પોલને ખોટા અને પ્રજાને ગેરમાર્ગે દોરનારા હોવાનું જણાવી ભાજપ પર ગંભીર આક્ષેપ કર્યો હતો કે, ગુજરાતની પ્રજાને ભરમાવવા ભાજપની આ ચાલબાજી છે પરંતુ કોંગ્રેસ આવે છે, નવસર્જન લાવે છે. ગુજરાત વિધાનસભાની ચૂંટણીના બંને તબક્કાનું મતદાન પૂર્ણ થયા બાદ ગઈકાલે વિવિધ ચેનલો દ્વારા કરાયેલા સર્વે અને એકઝીટ પોલના તારણો જાહેર થયા હતા, જેમાં ભાજપને ૧૧૦થી ૧૧૫ બેઠકો અને કોંગ્રેસને ૦૧થી ૭૫ જેટલી બેઠકો મળવાની ધારણા વ્યકતક કરવામાં આવી હતી. એકઝીટ પોલના તારણોએ આ વખતે ગુજરાતમાં ફરીથી ભાજપની સરકાર બની રહી હોવાની સ્થિત પણ સ્પષ્ટ કરી હતી.

વડાપ્રધાન મોદી મનમોહનસિંહની માફી માંગે : કોંગ્રેસ

સંસદનુ શિયાળુ સત્ર : પ્રથમ દિને મોદીની ટકોર મુદ્દે હોબાળો

રાજ્યસામાંથી શરદ યાદવની હકાલપટ્ટી કેમ કરવામાં આવી તે મામલામાં સ્પષ્ટતા કરવા ગુલામ નબીની માંગણી : લોકસભાની કાર્યવાહી મોકુફ કરાઇ

નવી દિલ્હી

સંસદનુ શિયાળુ સત્ર આજે શરૂ થયુ હતુ.ધારણા પ્રમાણે જ પ્રથમ દિવસથી પાંયલ ધમાલ થઈ હતી. પ્રથમ દિવસે પૂર્વ વડાપ્રધાન મનમોહનસિંહ પર વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા કરવામાં આવેલી ટિપ્પણી અને શરદ યાદવની સંસદના સભ્ય તરીકે કરવામાં આવેલી હકાલપટ્ટીના મુદ્દે હોબાળો થયો હતો. કોંગ્રેસ અને અન્ય વિરોધ પક્ષોએ નરેન્દ્ર મોદી પાસેથી માફીની માંગ કરી હતી. પાંયલ ધમાલ વચ્ચે રાજ્યસભાની કાર્યવાહ વારંવાર મોકુફ કરવામાં આવી હતી. રાજ્યસભામાં વિરોધ પક્ષના નેતા ગુલામ નબી આઝાદે મનમોહન સિંહ પર મોદીની ટિપ્પણીનો મુદ્દો ઉઠાવ્યો હતો. તેમણે કહ્યુ હતુ કે કોંગ્રેસ અને અન્ય વિરોધ પક્ષોએ એક ગંભીર મામલા પર નિયમ ૨૬૭ હેઠળ સ્થગિત પ્રસ્તાવ રજૂ કર્યો હતો. તેમણે કહ્યુ હતુ કે આ ગંભીર મામલો છે. આના કારણે સરકાર જે નહીં વિપક્ષ પણ ચિંતાતુર છે. તેમણે કહ્યુ હતુ કે પૂર્વ વડાપ્રધાન, પૂર્વ ઉપરાષ્ટ્રપતિ, પૂર્વ સેના પ્રમુખ તેમજ કેટલાક રાજકીય નેતાઓની સામે ગંભીર મુકવામાં આવ્યા છે. આઝાદ જ્યારે નિવેદન કરી રહ્યા હતા ત્યારે સંસદીય બાબતોના પ્રધાન અનંત કુમાર અને સત્તા પક્ષના કેટલાક સભ્યો ઉભા થઈને વિરોધ કરવાના મુડમાં દેખાયા હતા. સત્રની શરૂઆત પહેલા મોદીએ સહકાર માટે લોકોને અપીલ કરી હતી. હવે આગામી દિવસોમાં શાસક ભાજપ અને વિપક્ષી કોંગ્રેસ વચ્ચે જુદા જુદા મુદ્દા પર જોરદાર આક્ષેપબાજીનો દોર ચાલે તેવા સંકેત દેખાઈ રહ્યા છે. શિયાળુ સત્ર તોફાની બનવાના સંકેત દેખાઈ રહ્યા છે. આજે પ્રથમ દિવસે જ એકબાજુ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સાનુકુળ રીતે સત્ર ચલાવવા માટેની અપીલ કરી હતી. શિયાળુ સત્ર આજે શરૂ થયા બાદ હવે પાંચમી જાન્યુઆરી સુધી ચાલનાર છે.

બનાસકાંઠાની ૯ બેઠકના પરિણામને લઈ ઉત્સુકતા

૨૦૧૨ જેટલું જ મતદાન થતા અણધાર્યા પરિણામની આશંકા : ચોમેર ચૂંટણીલક્ષી ચર્ચાઓથી ભરશિયાળે રાજકીય ગરમાવો

ડીસા

બનાસકાંઠા જિલ્લાની ૯ વિધાનસભા બેઠક માટે ગત ૨૦૧૨ ની ચૂંટણી જેટલું જ ૭૪. ૩૦ ટકા જેટલું મતદાન થયું છે. જેથી ભાજપ- કોંગ્રેસ સહિત કુલ ૭૦ ઉમેદવારોનું ભવિ ઈ.વી.એમ. માં સિલ થઈ ગયું છે. પંરતુ પરિણામને લઈ ચોરે ને ચૌટે અવનવી અટકળો વહેતી થતા ભર શિયાળે રાજકીય ગરમાવો છવાયો છે.

૨૦૧૨ ની વિધાનસભાની ચૂંટણીમાં 'મોદીનો જાદુ' સમગ્ર ગુજરાતમાં ચાલ્યો હતો. આ વખતની ચૂંટણીમાં પણ 'એક્ઝીટ પોલ' મોદીનો જાદુ યથાવત હોવાનું જણાવે છે. પરંતુ ૨૦૧૨ માં બનાસવાસીઓએ અણધાર્યો લોક ચુકાદો આપતા કોંગ્રેસના ફાળે ૯ પૈકી ૫ બેઠક ગઈ હતી. જે ચુકાદાથી 'એક્ઝીટ પોલ' ની હવા નીકળી ગઈ હતી. તો સટોડીયા અને રાજકીય વિશ્લેષકો પણ માથુ ખંજવાળવા લાગ્યા હતા. ૨૦૧૨ ની ચૂંટણીમાં પણ જિલ્લાનું ૭૪.૯૦ ટકા મતદાન થયું હતું. જ્યારે ૨૦૧૭ માં ૭૪.૩૦ ટકા થયું છે. તેથી મતદાન સરખું રહેવા પામ્યું છે.પરંતુ આ વખતે જિલ્લામાં નોટબંધી અને જી.એસ.ટી. પછી વેપારીઓ, પોષણક્ષમ ભાવ ન મળતા ખેડુતો, મોંઘવારી બેકાબુ બનતા ગૃહીણીઓ, રોજગારી ન મળતા યુવાનો, પૂરમાં સહાય મુદ્દે પૂરપીડીતો, અને વેતન વધારા મુદ્દે હંગામી કર્મચારીઓમાં નારાજગી હતી. સાથે બહુમતિ ધરાવતા ઠાકોર સમાજમાં ટીકીટ મુદ્દે, અત્યાચાર મુદ્દે દલિત સમાજમાં અને જાતિવાદી રાજકારણ મુદ્દે ઈતર સમાજમાં અસંતોષ હતો. એ સિવાય મુસ્લિમ વિસ્તારોમાં ઊંચુ મતદાન થયું છે. જેના કારણે આ વખતે આ અણધાર્યું પરિણામ આવવાની શક્યતા છે..!!

કાર્યકરો અને રાજકીય જિજ્ઞાસુઓ જે- તે બેઠકોના બુથવાઈઝ આંકડા મેળવી હાર- જીતનો વર્તારો કાઢે છે પરંતુ મતદાન સંપન્ન થયા બાદ પણ બનાસવાસીઓ મત કળવા દેતા નથી. તેથી જે અને તો થી વાત આગળ વધતી નથી. તેમ છતાં ચોરે ને ચૌટે અને સોશ્યિલ મીડિયામાં અવનવી અટકળો 'વાયરલ' બની ગઈ છે. જેથી પરિણામનું રહસ્ય ગૂંચવાયું છે. જેના કારણે પરિણામને લઈ

સટ્ટા બજારમાં ભાજપનું વલણ

સટ્ટા બજારમાં મતદાન પૂર્વે ભાજપને ૯૪ અને કોંગ્રેસનો ૮૮ બેઠક મળશે તેવું વલણ હતું. પરંતુ મતદાન પુરૂ થયા બાદ (એક્ઝીટ) પોલ શરૂ થઈ જતા સટ્ટા બજારનું વલણ બદલાયું હતું જેમાં ભાજપને ૧૦૧ બેઠક અને કોંગ્રેસને ૮૮ બેઠક મળતી હોવાનું ભાખવા સટ્ટા બજારના સૂત્રોએ જણાવ્યું હતુ.

ચાર બેઠકોની રસાકસી

જિલ્લાની વાવ બેઠક ઉપર રાજ્યમંત્રી શંકરભાઈ ચૌધરી, થરાદ અને ડીસા બેઠકમાં ડિસોણીના જંગ અને વડગામ બેઠક ઉપર દલિત નેતા જિગ્નેશ મેવાણીના કારણે આ ચારેય બેઠકના પરિણામ ઉપર સમગ્ર ઉત્તર ગુજરાત વાલીઓની નજર મંડરાઈ છે. તેમા વાવ સહકારી વાવ- થરાદ બેઠક ઉપર જંગી મતદાન થયું છે. જ્યારે ડીસા અને વડગામ બેઠકનું પરિણામ આગ્રહ ઉપર નિર્ભર છે. જેથી આ ચારેય બેઠકોના પરિણામને લઈ ઉમેદવારો સાથે તેમના સમર્થકોની ધડકનો તેજ બની ગઈ છે.

સૂર્યોદય - ૭.૧૭ સૂર્યાસ્ત - ૫.૫૬

તિથિદર્શન

માગસર વદ-૧૪ શનિવાર ૨૦૭૪



વિક્રમ સંવત : ૨૦૭૪, શા.શકે-૧૯૩૯, નામ સંવત્સર :હેમલંબી નામ વીર જૈન સંવત ૨૫૪૪ માગસર વદ : ચૌદસ શનિવાર નક્ષત્ર:અનુરાધા યોગ :સુકર્મા કરણ :ગર આજે જન્મેલા બાળકની રાશી વૃશ્ચિક (ન.ય.) અક્ષરો ઉપર પાડવું શાસ્ત્રોકત છે.

- જયોતીષી બંસીલાલ એચ.લોધા

ચિંતન

- સુરેશ પ્રા.ભટ્ટ

નોરિછષ્ટં કસ્યચિત્ત દધાત
ન અદ્યાએવં તથાન્તરા ન ચેવાત્યશનં
કૃયાન્ન ચોચ્છિષ્ટં ક્વચિત વ્રજેત

આ શ્લોકમાં 'ભોજન' માટેની 'મેનર્સ' રીતભાત સમજાવવામાં આવી છેઃ 'ભોજન કર્યા પછી કોઈએ 'છાંટણ' મૂકવું નહીં (પોતાની ખાવાની શક્તિથી વધારે લીધેલા પ્રમાણને થાળીમાં બાકી રાખી અનાજનો બગાડ કરવો એટલે છાંટણ.). બે ભોજન, સવાર - સાંજ, વચ્ચે ત્રીજીવાર ખાવું નહીં. વળી, ભૂખ અને પાચનશક્તિથી વિશેષ પેટમાં ઠાંસ ઠાંસ કરી પેટ ભરવું નહીં, અને ભોજન છોડીને વચ્ચેથી ઊઠી જવું નહી. અનાજ કીમતી છે. આપણે ઘેર તો ખૂબ સાચવીને રસોઈ બનાવીએ છીએ અને જરૂર પૂરતું જ થાળીમાં લઈએ છીએ પણ નાતવરો કે ભોજનપાર્ટીમાં બૂફેમાં ખાવા- પીવાની મર્યાદા છોડી અજાણી- નવી- ન ભાવતી વસ્તુ- વાનગી લઈ અનાજનો બગાડ કરીએ છીએ. ઘણાં લોકોને ભૂખ ન હોય તો પણ નાસ્તા ખાવાનું જોઈ પેટમાં 'નાખ- નાખ'ની વૃત્તિ હોય છે. આ બીમાર પડવાનો ઉપાય છે. પેટને અને પાચનશક્તિ પૂછીને જ ખાવું જોઈએ. આપણાં શાસ્ત્રોએ પણ ખાવા- પીવાનાં વિધિવિધાન કહ્યાં જ છે, આયુર્વેદમાં પણ કઈ વાનગી ક્યારે ખાવી- ન ખાવી, કઈ વસ્તુ કોની સાથે ન ખાવી એ બધા નિયમો છે પણ હવે 'પ્રિઝર્વ' ની સવલતને કારણે બારેમાસ ભક્ષ્યાભક્ષ્ય ખાવાનું ચાલુ જ હોય છે.

ભોજન પણ એક પ્રકારનો ક્રિયાકાંડ છે, તેના વિધિવિધાન જાણી લેવાં ખૂબ જ જરૂરી- મહત્વનાં છે.

આપની આજ

- કનકચંદ્ર છગનલાલ વ્યાસ

મેષ : (અ.લ.ઈ.) વિઘ્નસભર દિવસ વિતે. ધીરજની કસોટી થાય.
વૃષભ : (બ.વ.ઉ.) ગૃહવિવાદ, અપયશના ભોગ ન બનવું પડે તેની સાવચેતી રાખવી.
મિથુન : (ક.છ.ઘ.) અગત્યની કામગીરી થાય. આનંદદાયક દિવસ વિતે. તબિયત સંભાળવી.
કર્ક : (ડ.હ.) ધાર્યું થાય નહિં. અગત્યની કામગીરીમાં રૂકાવટ આવે.
સિંહ : (મ.ટ.) પ્રતિકૂળતા દૂર થાય. સ્નેહિથી મિલન, અગત્યના કાર્યમાં પ્રગતિ થાય.
કન્યા : (પ.ઠ.ણ.) વ્યર્થ કાર્યબોજ રહે. આવક કરતા જાવકનું પાસુ વિશેષ રહે.
તુલા : (ર.ત.) વ્યર્થ માનસિક ચિંતા રહે. તબિયત બાબતે સંભાળવું.
વૃશ્ચિક :(ન.ય.) આર્થિક સમસ્યા હળવી બને. ગૃહવિવાદના ભોગ ન બનાય તે જોવું.
ધન : (ભ.ફ.ધ.) ખર્ચ પર કાબુ રાખવો. કૌટુંબિક કાર્યમાં વ્યસ્ત રહેવાય.
મકર : (ખ.જ.) મહત્વના કાર્યમાં સફળતા મળે. મનની મનોકામના પૂર્ણ થાય.
કુંભ : (ગ.શ.સ.) નવિન ઓળખાણથી લાભ. મન આનંદમય પ્રવૃતિમાં વ્યસ્ત રહે.
મીન : (દ.ચ.જ.થ.) અગત્યની કામગીરીમાં લાભ થાય. આર્થિક સમસ્યાનો હલ થાય.

સમસ્ત બ્રહ્મ સમાજનું ગૌરવ

તાલુકા પ્રતિનિધિ દીઓદર

પાટણ ખાતે પાયોનિયર સ્કુલ ઓફ કોમર્સમાં અભ્યાસ કરતા બનાસકાંઠા જિલ્લાના દીઓદર તાલુકાના સુરાણા ગામના વતની જોષી હેમંતકુમાર રઘુરામભાઈએ હિમાચલ પ્રદેશ ખાતે તા.૧ થી ૪ ડીસેમ્બર-૨૦૧૭ સુધી યોજાયેલા ૬૩ માં નેશનલ સ્કુલ યુનિફાઈટ રમતમાં સમગ્ર ભારત દેશમાં પ્રથમ નંબર પ્રાપ્ત કરી સુવર્ણ ચંદ્રક મેડલ પ્રાપ્ત કરી શાળા,ગુજરાત રાજ્ય અને બ્રહ્મ સમાજનું નામ રોશન કરેલ છે.આ રમતમાં ગુજરાતમાંથી ૧૦ બાળકોએ ભાગ લીધો હતો.

તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક - તરૂણ એ. શેઠ
માનવમંદિર, ડીસા. ફોન : ૨૨૦૨૬૪/ ૨૨૨૭૬૪
મુદ્રક : રખેવાળ પ્રિન્ટીંગ પ્રેસ, માનવ મંદિર, ડીસા
અમદાવાદ ઓફીસ :- ૧૦૩, અશ્વમેઘ એવન્યુ, મીઠાખળી ફોન ૨૬૪૦૭૧૪૭,મો.૯૪૨૯૧ ૨૨૧૦૫,
પાલનપુર ઓફીસઃ- ૧૧૭, એરોમા આર્કેડ, જીલ્લા પંચાયત સામે, ફોન- ૨૫૩૦૦૪ મો.૯૪૨૬૯૪૮૫૪૬

'રખેવાળ' દૈનિકમાં પ્રસિદ્ધ થતા તમામ સમાચાર, લેખો અથવા પ્રસિદ્ધ થતી કોઈપણ માહિતી કોઈપણ જાતના પૂર્વગ્રહ અથવા દ્વેષભાવ વગર માત્ર જનજાગૃતિના ઉદ્દેશ્યથી પ્રસિદ્ધ કરવામાં આવે છે. તેમ છતાં પ્રસિદ્ધ થયેલ માહિતી કે સમાચાર માટે કોઈને પણ ફરીયાદ હોય તો તે બાબતે આધાર-પુરાવા સાથે ડીસા કાર્યાલયનો સંપર્ક કરવો વાદવિવાદ, કે કાનુની પ્રક્રિયા માટેનું ન્યાયક્ષેત્ર ડીસા રહેશે.

દીઓદર વી.કે.વાઘેલા હાઈસ્કુલની બે બહેનોને રગ્બી ફૂટબોલમાં ગોલ્ડ મેડલ

તાલુકા પ્રતિનિધિ દીઓદર

દીઓદરમાં વી.કે.વાઘેલા હાઈસ્કૂલમાં અભ્યાસ કરતી હીના નાગજીભાઈ ચૌહાણ અને કુ.રિન્કલ અમરતભાઈ રબારીએ નેશનલ કક્ષા અન્ડર-૧૪ની રગ્બી ફૂટબોલ સ્પર્ધામાં ગુજરાતની ટીમમાં પસંદગી પામી તા.૪-ડિસેમ્બર ૨૦૧૭ દરમ્યાન ઓરિસ્સાના ભુવનેશ્વર મુકામે યોજાયેલ.૬૩ મા સ્કુલ ગેમ રમોત્સવમાં પ્રથમ નંબર મેળવી ગોલ્ડ મેડલ પ્રાપ્ત કર્યો હતો.અગાઉ રાજ્ય કક્ષાની હરિફાઈમાં ભાવનગર મૂકામે બનાસકાંઠાની ટીમ વતી ભાગ લઈ ભાઈઓ-બહેનોની બંને વિભાગની ટીમો ત્રીજા સ્થાને આવતાં ગુજરાતની ટીમમાં દીઓદરની વી.કે.વાઘેલા હાઈસ્કુલની બે બહેનો અને ત્રણ ભાઈઓની રાષ્ટ્રકક્ષાએ રમવા જવા પસંદગી થઈ હતી. રાષ્ટ્રકક્ષાએ ગુજરાતની બહેનોની ટીમે ગોલ્ડ મેડલ મેળવ્યો હતો.મેડલ વિજેતા આ બંને બહેનો જ્યારે માદરે વતન દીઓદર પરત ફરી ત્યારે ગ્રામજનોએ કુમકુમ તિલક,ફુલહારથી તમામ પાંચેય ભાઈઓ-બહેનોનું ભવ્ય સ્વાગત કર્યુ હતું.

વસ્તુની સાચી માલિકી પકડવામાં નહિં પણ છોડવામાં આવે છે : રાજરક્ષિત મ.સા.

નવસારી

પૂર્ણા નદીને કિનારે નવસારી-તપોવનમાં આચાર્ય હંસકીર્તિસૂરિજીની પાવન નિશ્રામાં પંન્યાસ રાજરક્ષિત વિજયજીએ જણાવ્યું કે વસ્તુની સાચી માલિકી પકડવામાં નહિં પરંતુ છોડવામાં છે. ધન આપણને છોડે અથવા આપણે ધનને છોડીએ તે પહેલાં સંપત્તિને પરોપ-કારમાં લૂંટાવવી જોઈએ. જેથી પુણ્યના ડૉલર તૈયાર થાય જે આલોકમાં શાન્તિ પરલોકમાં લૂંટાવવી જોઈએ. જેથી પુણ્યના ડૉલર તૈયાર થાય જે આલોકમાં શાન્તિ પરલોકમાં સદગતિ અને સન્મતિ આપે છે. શ્રીમંત અને ગરીબની વ્યાખ્યા ભલે લોકો કરે કે જેને પાસે ઘણા પૈસા તે પૈસાદાર જેની પાસે કાંઈ નહિં તે ગરીબ પણ હકીકતમાં શ્રીમંત હોવા છતાં પણ જે વધુ સંપત્તિ મેળવવા લાલસુ હોય, જેને નાણાંનો સતત અભાવ સતાવતો હોય તે સૌથી મોટો ગરીબ. જ્યારે સાદગી-સંતોષથી મસ્તીનું જીવન જીવનાર ખરેખર શ્રીમંત છે. દુનિયામાં જે જે વિગ્રહો(લડાઈ) થયા છે. તેનું મૂળ પરિગ્રહ છે.

પંન્યાસ રાજરક્ષિત વિજયએ કહ્યું કે કમ્પ્યુટર યુગમાં જીવી રહેલ માનવી મશીનના સંગે લાયન હાર્ટેડ બન્યો છે. જગતને જીવાડનારું નદીનું મીઠું પાણી સુકાતુ જાય છે. જ્યારે કોઈપણ કામ ન આવે એવા ખારા પાણીનો સમુદ્ર ક્યારેક મર્યાદા મુકી રહ્યો છે. નદી સુકાય અને સમુદ્ર સુનામી દ્વારા મર્યાદા મૂકે ત્યારે જે હોનારત થાય તેથી વધુ હાહાકાર માણસના હૃદયમાંથી કરૂણા સુકાય અને કઠોરતા વધે ત્યારે સર્જાય છે. માટે દરેક વ્યક્તિએ સ્વાર્થનું વિલોપન કરીને હૃદય કરૂણાસભર રાખવું જોઈએ. સંપત્તિનો સદ્વ્યય કરવો જોઈએ. દાન ધર્મથી આલોકમાં લોકપ્રિયતા અને પરલોકે સદ્ગતિ મળે છે.

ડીસાના રાજપુરમાં તકરીરનો કાર્યક્રમ યોજાયો

જમીલ મેમણ

પ્રતિ. રાજપુર

ડીસાના રાજપુર ખારા-કુવા પાસે તાજેતરમાં ઈશાની નમાજ બાદ મર્હુમ અબ્દુલ રેહમાન ડબીગરાના ઈસાલે સવાબ માટે ભવ્ય તકરીરનો પ્રોગામ યોજવામાં આવ્યો હતો જે પ્રસંગે હઝરત સૈયદ મંહમદઅલી બાવાએ જણાવ્યુ કે જીવન સાદગી અને ધાર્મિક પ્રવૃત્તિવાળું બનાવો, નમાજ પઢો હઝરત મંહમદ પયંગબર સાહેબે આપેલા ગુણો જીવનમાં ઉતારી એક અને નેક બનો સાથે સાથે તેમણે જણાવ્યું કે જીવન એવી રીતે જીવો કે જે બીજાને કામ આવે, થાય તો સારા કાર્યો કરો, સમાજ સેવા કરો પરંતુ ખરાબ કામોથી દૂર રહો. કારણ કે મૃત્યુ ક્યારેય પણ આવી શકે છે ત્યારે સારો કર્મો કર્યા હશે તો જ જન્નત(સ્વર્ગ) મળશે આ પ્રસંગે મૌલાના સૌકતઅલી અકબરીએ નાત શરીફ પઢી સૌની ઉંઘ ઉડાડી દીધી હતી આ કાર્યક્રમને સફળ બનાવવા જુનેદ ડબીગરા તથા સિરાજ ડબીગરાએ ભારે જહેમત ઉઠાવી હતી.

જગાણા મુકામે વ્યસનમુક્તિ કાર્યક્રમ યોજાયો

પાલનપુર

મેડીકલ ઓફીસર રતનપુર તા. પાલનપુર દ્વારા અખબારીયાદીમાં જણાવ્યા મુજબ તા.૦૮-૧૨-૨૦૧૭ ના રોજ પ્રા.આ.કેન્દ્રર રતનપુર તથા સબ સેન્ટર જગાણા દ્વારા જગાણા મુકામે એસ.કે. મહેતા હાઈસ્કુલો ખાતે રાષ્ટ્રિય તમાકુ નિયંત્રણ હેઠળ તમાકુથી દુર રહેવા માટેની વિધાર્થીઓ તથા વાલીઓને સમજ આપવા વ્યહસન મુક્તિ કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે વકતૃત્વ તથા ચિત્ર સ્પર્ધા પણ યોજવામાં આવી હતી. જેમાં ૨૮ બાળકોએ ભાગ લીધો હતો. વિધાર્થીઓને પ્રોત્સાહક ઈનામો આપવામાં આવ્યા હતા. આ પ્રસંગે ડો. ડી. બી. પરીખ મેડીકલ ઓફીસર, ડો. મુકેશ પરમાર, ફિ.હે.વ. તથા મ.પ.હે.વ. શ્રી જે.કે. વ્યાડસ તથા શ્રી એસ.ડી. શ્રીમાળી, આશા બહેનો, શિક્ષણ સ્ટા ફ વગેરે ઉપસ્થિ ત રહ્યા હતા.

શિયાળાની મૌસમમાં શાળાઓમાં બાળકોને વ્યાયામના પાઠ

નરસિંહ દેસાઈ

પ્રતિ. વડાવળ

શિયાળાની ઋતુમાં દરેક જણ સ્ફૂર્તિ લાવવા માટે વિવિધ કસરતો કરતા હોય છે શિયાળાની શરૂઆત થતાં જ દરેકના માનસપટ આવા દ્રશ્યો છવાઈ જાય છે સવારની ગુલાબી ઠંડીમાં નવી તાજગી અને સ્ફુર્તિનો અનુભવ થતો હોય છે ત્યારે શાળામાં અભ્યાસ કરતા બાળકોને શિયાળાની ઋતુની શરૂઆત થતાં વ્યાયામ શિક્ષકો તથા શાળા પરિવાર દ્વારા વિવિધ કસરતો તથા દાવપંચ કરાવતા હોય છે.બાળકો પણ આનંદિત થઈ ઉઠતા હોય દરેક જિલ્લામાં વ્યાયામ શાળા પણ હોય છે પણ શિયાળાની મૌસમમાં દરેક શાળાઓમાં એમાંય ખાસ કરીને શનિવારની સવારની શાળા હોય છે જેથી કરીને શાળામાં દર શનિવારે બાળકોને ખાસ વ્યાયામનો પાઠ કરવામાં આવતા હોય છે.

મત ગણતરીની તૈયારી : ૭૦ ખાસ નિરીક્ષક ગોઠવી દેવાયા

અમદાવાદ

રાજ્ય વિધાનસભાની ૧૮૨ બેઠકો માટે બે તબકકામા હાથ ધરવામા આવેલા મતદાન બાદ સોમવારે ૧૮ ડિસેમ્બરના રોજ સવારથી રાજ્યભરમા એકસાથે ૩૭ જેટલા સ્થળોએ મતગણતરી શરૂ કરવામા આવશે ઉપરાંત બપોર સુધીમા પરિણામો આવી જવાની સંભાવનાની વચ્ચે ચૂંટણીપંચ દ્વારા મતગણતરીના સ્થળોએ ખાસ ૭૦ જેટલા ઓબ્ઝર્વરોની નિમણૂંક કરવામા આવી છે આ ઓબ્ઝર્વરો તેમને સોંપવામા આવેલા ફરજના સ્થળોએ શનિવાર સાંજ સુધીમા પહોંચી જશે.આ અંગે મળતી માહિતી અનુસાર,આગામી સોમવારને ૧૮ ડિસેમ્બરના રોજ રાજયમા ૯ તેમજ ૧૪ ડિસેમ્બર એમ બે તબકકામા યોજાયેલી ૧૮૨ બેઠકો પર મતદાન યોજવામા આવ્યુ હતુ.આ બે તબકકાના મતદાન બાદ ૧૮ ડિસેમ્બરના રોજ એકસાથે ૩૭ જેટલા સ્થળોએ મતગણતરી કાર્ય હાથ ધરવામા આવનાર છે **અનુસંધાન પાના નં.૬**

ડીસા વિધાનસભા બેઠકનું બુથવાઈઝ મતદાન

ગામ અને બુથ	થયેલ મતદાન			ટકાવારી
	પુરૂષ	સ્ત્રી	કુલ	
રામસણ-૧	૩૦૩	૨૪૦	૫૪૩	૬૬.૬૩
રામસણ-૨	૩૬૯	૨૭૮	૬૪૭	૭૪.૬૩
રામસણ-૩	૨૭૨	૨૦૯	૪૮૧	૭૪.૫૭
રામસણ-૪	૪૩૭	૨૯૮	૭૩૫	૭૦.૯૫
રામસણ-૫	૪૨૭	૩૦૬	૭૩૩	૬૫.૦૪
સુંથીયા	૪૪૧	૩૫૫	૭૯૬	૭૭.૧૩
ચોરા-૧	૩૯૦	૩૧૯	૭૦૯	૭૪.૦૯
ચોરા-૨	૨૭૨	૨૨૦	૪૯૨	૭૫.૩૪
રમુણ-૧	૪૧૪	૩૬૦	૭૭૪	૭૩.૭૮
રમુણ-૨	૪૩૪	૩૭૯	૮૧૩	૭૮.૫૫
ધનાવાડા-૧	૩૬૨	૨૬૯	૬૩૧	૮૬.૦૮
ધનાવાડા-૨	૩૬૭	૨૮૩	૬૫૦	૮૪.૪૨
બુરાલ-૧	૪૩૪	૩૯૭	૮૩૧	૭૬.૫૯
બુરાલ-૨	૧૪૪	૧૧૨	૨૫૬	૬૬.૧૫
બુરાલ-૩	૩૩૪	૨૩૦	૫૬૪	૭૨.૭૭
બુરાલ-૪	૩૨૩	૨૮૦	૬૦૩	૭૬.૧૪
વિરૂણા-૧	૪૪૭	૩૦૮	૭૫૫	૭૬.૬૫
વિરૂણા-૨	૩૬૦	૨૯૨	૬૫૨	૭૨.૨૮
કુચાવાડા-૧	૩૧૬	૨૪૪	૫૬૦	૬૫.૩૪
કુચાવાડા-૨	૪૯૧	૪૭૨	૯૬૩	૮૨.૬૬
કુચાવાડા-૩	૪૨૯	૩૧૪	૭૪૩	૭૨.૨૧
કુચાવાડા-૪	૩૨૯	૨૬૪	૫૯૩	૬૮.૧૬
ફાગુદ્રા	૩૪૮	૩૧૬	૬૬૪	૫૯.૫૫
વિઠોદરા-૧	૨૮૧	૨૪૯	૫૩૦	૭૩.૭૧
વિઠોદરા-૨	૨૯૩	૨૪૮	૫૪૧	૭૬.૨૦
વિઠોદરા-૩	૪૮૭	૩૯૦	૮૭૭	૭૭.૦૭
ભાચલવા-૧	૨૭૩	૨૩૮	૫૧૧	૮૨.૮૨
ભાચલવા-૨	૩૬૬	૩૦૨	૬૬૮	૭૧.૫૨
ભાચલવા-૩	૪૫૪	૩૮૮	૮૪૨	૭૪.૫૧
ટેટોડા-૧	૪૧૭	૪૧૩	૮૩૦	૭૪.૭૭
ટેટોડા-૨	૨૯૭	૨૭૪	૫૭૧	૮૧.૧૧
ટેટોડા-૩	૨૩૫	૨૦૧	૪૩૬	૭૫.૩૦
નાગફણા-૧	૪૩૧	૩૭૬	૮૦૭	૮૨.૧૦
નાગફણા-૨	૪૫૭	૩૬૮	૮૨૫	૮૩.૦૦
કોચાસણા	૨૯૯	૨૬૩	૫૬૨	૭૪.૮૩
જાવલ-૧	૨૮૩	૨૨૩	૫૦૬	૭૨.૨૯
જાવલ-૨	૨૮૨	૨૪૩	૫૨૫	૭૮.૧૩
થેરવાડા-૧	૩૨૮	૨૯૧	૬૧૯	૭૭.૬૭
થેરવાડા-૨	૩૧૬	૨૬૬	૩૮૨	૮૧.૭૪
થેરવાડા-૩	૨૯૩	૨૫૧	૫૪૪	૭૧.૩૯
ઝેરડા-૧	૩૩૭	૨૫૩	૫૯૦	૬૭.૨૦
ઝેરડા-૨	૨૪૩	૨૧૦	૪૫૩	૬૯.૨૭
ઝેરડા-૩	૩૮૪	૩૩૫	૭૧૯	૬૯.૦૭
ઝેરડા-૪	૩૮૯	૩૧૫	૭૦૪	૬૩.૦૩
ઝેરડા-૫	૩૦૮	૨૭૮	૫૮૬	૮૦.૮૩
ઝેરડા-૬	૨૨૫	૨૦૯	૪૩૪	૭૧.૦૩
ઝેરડા-૭	૩૮૫	૩૧૪	૬૯૯	૬૬.૬૩
પમરૂ-૧	૨૮૩	૨૫૭	૫૪૦	૭૧.૬૮
પમરૂ-૨	૨૫૮	૨૩૭	૪૯૫	૭૧.૧૨
ગુગળ	૪૭૫	૪૦૬	૮૮૧	૭૫.૬૯
શેરપુરા-૧	૩૨૫	૨૭૮	૬૦૩	૮૪.૧૦
શેરપુરા-૨	૪૩૭	૩૯૮	૮૩૫	૮૦.૬૦
શેરપુરા-૩	૪૫૬	૩૯૪	૮૫૦	૮૩.૦૯
કુંવારાપાદર	૬૬	૭૦	૧૩૬	૭૫.૧૪
કંસારી-૧	૪૪૬	૩૭૦	૮૧૬	૮૩.૩૫
કંસારી-૨	૩૬૭	૨૬૦	૬૨૭	૭૩.૮૫
કંસારી-૩	૪૯૨	૩૬૦	૮૫૨	૮૧.૧૪
બાઈવાડા-૧	૩૩૬	૨૫૧	૫૮૭	૬૮.૧૦
બાઈવાડા-૨	૩૦૬	૨૬૭	૫૭૩	૮૦.૦૩
બાઈવાડા-૩	૨૯૨	૨૫૮	૫૫૦	૬૦.૯૧
બાઈવાડા-૪	૩૫૩	૩૨૩	૬૭૬	૬૭.૦૦
તાલેપુરા	૩૬૬	૩૧૬	૬૮૨	૭૪.૬૨
ધાનપુરા-૧	૨૩૬	૨૦૧	૪૩૭	૬૬.૦૧
ધાનપુરા-૨	૩૭૬	૨૮૧	૬૫૭	૬૯.૨૩
ચત્રાલા	૨૧૫	૧૭૦	૩૮૫	૯૧.૪૫
ભડથ-૧	૪૦૮	૩૨૮	૭૩૬	૭૮.૨૧
ભડથ-૨	૩૮૧	૩૧૭	૬૯૮	૭૭.૩૮
ભડથ-૩	૩૧૫	૨૧૫	૫૩૦	૬૩.૭૦
ભડથ-૪	૩૦૮	૨૧૧	૫૧૯	૬૭.૩૨
ભડથ-૫	૪૭૪	૩૫૦	૮૨૪	૭૪.૨૩
ભડથ-૬	૪૧૦	૨૮૬	૬૯૬	૭૪.૬૮
ભડથ-૭	૨૦૭	૧૩૨	૩૩૯	૬૫.૯૫
ભડથ-૮	૩૪૬	૨૧૯	૫૬૫	૭૬.૪૫
ભડથ-૯	૩૭૫	૨૫૫	૬૩૦	૮૦.૨૫
ભડથ-૧૦	૨૭૯	૨૨૮	૫૦૭	૬૬.૬૨
ભડથ-૧૧	૩૭૧	૨૭૭	૬૪૮	૮૧.૩૦
ડાવસ-૧	૩૪૨	૨૯૬	૬૩૮	૮૩.૬૨
ડાવસ-૨	૩૪૫	૩૦૩	૬૪૮	૮૦.૮૦
મહાદેવીયા-૧	૪૬૨	૩૭૩ ૮૩૫ ૮૨.૨૭		
મહાદેવીયા-૨	૪૪૫	૩૪૧	૭૮૬	૮૦.૩૭
આખોલ મોટી-૧	૨૫૯	૨૯૭	૬૫૬	૭૫.૯૩
આખોલ મોટી-૨	૩૬૭	૨૯૯	૬૬૬	૭૧.૭૧
સમશેરપુરા-૧	૪૨૧	૩૬૬	૭૮૭	૭૭.૮૪
સમશેરપુરા-૨	૪૭૨	૩૮૧	૮૫૩	૮૨.૩૪
ચાવરપુરા-૧	૩૫૩	૨૬૮	૬૨૧	૮૦.૭૫
ચાવરપુરા-૨	૩૫૧	૨૮૪	૬૩૫	૮૬.૩૯
વરણ-૧	૪૭૫	૩૬૨	૮૩૭	૭૫.૧૩
વરણ-૨	૫૦૫	૩૮૮	૮૯૩	૭૦.૮૦
વરણ-૩	૪૨૫	૩૨૦	૭૪૫	૭૨.૯૭
લક્ષ્મીપુરા-૧	૨૪	૩૯૧	૮૧૫	૮૭.૪૫
લક્ષ્મીપુરા-૨	૩૦૯	૨૬૬	૫૭૫	૮૫.૩૧
દામા-૧	૪૨૪	૩૪૧	૭૬૫	૮૧.૩૮
દામા-૨	૩૩૯	૨૭૬	૬૧૫	૮૯.૧૩
દામા-૩	૪૪૪	૩૪૫	૭૮૯	૭૪.૭૯
જોરાપુરા-૧	૪૫૦	૩૭૩	૮૨૩	૮૧.૮૧
જોરાપુરા-૨	૩૩૦	૨૩૯	૫૬૯	૭૭.૭૩
રામપુરા-૧	૪૧૧	૩૨૩	૭૩૪	૮૩.૩૧
રામપુરા-૨	૪૬૨	૩૯૮	૮૬૦	૮૪.૯૦
રામપુરા-૩	૩૬૬	૩૦૯	૬૭૫	૮૦.૯૪
ઓઢવા-૧	૪૨૩	૩૩૩	૭૫૬	૭૪.૬૩
ઓઢવા-૨	૩૪૬	૨૫૪	૬૦૦	૬૭.૬૪
ઓઢવા-૩	૧૩૬	૧૩૨	૨૬૮	૭૦.૧૬
ઢેઢાલ-૧	૪૩૪	૩૮૩	૮૧૭	૮૬.૩૬
ઢેઢાલ-૨	૩૫૪	૨૯૩	૬૪૭	૭૮.૬૧
આખોલ નાની-૧	૩૬૪	૩૨૧	૭૦૫	૮૭.૦૪
આખોલ નાની-૨	૩૧૮	૨૮૫	૬૦૩	૭૯.૪૫
આખોલ નાની-૩	૪૨૦	૩૫૯	૭૮૯	૬૯.૩૯
માલગઢ-૧	૩૨૩	૨૪૫	૫૬૮	૭૫.૬૩
માલગઢ-૨	૩૮૪	૨૬૭	૬૫૧	૭૧.૭૮
માલગઢ-૩	૩૭૨	૩૧૯	૬૯૧	૭૦.૫૧
માલગઢ-૪	૪૨૮	૩૦૦	૭૨૮	૬૯.૬૦
માલગઢ-૫	૪૩૦	૩૧૪	૭૪૪	૭૦.૯૯
માલગઢ-૬	૨૮૦	૧૯૫	૪૧૫	૭૦.૭૯
માલગઢ-૭	૩૬૨	૨૬૧	૬૨૩	૭૦.૯૬
માલગઢ-૮	૨૯૨	૧૩૭	૪૨૯	૭૩.૨૨
માલગઢ-૯	૩૪૪	૨૮૧	૬૨૫	૭૮.૦૩
માલગઢ-૧૦	૩૧૪	૨૪૦	૫૫૪	૭૨.૮૦
માલગઢ-૧૧	૩૩૯	૨૭૨	૬૧૧	૭૩.૬૧
માલગઢ-૧૨	૨૦૨	૧૬૯	૩૭૧	૭૧.૨૧
કુંપટ-૧	૩૭૯	૨૯૮	૬૭૭	૭૪.૦૭
કુંપટ-૨	૫૧૨	૩૯૫	૯૦૭	૮૨.૯૧
વડલીફાર્મ	૩૩૧	૨૬૯	૬૦૦	૮૧.૪૧
રાણપુર આથમણોવાસ-૧	૪૬૬	૩૬૬	૮૩૨	૮૦.૦૦
રાણપુર આથમણોવાસ-૨	૪૪૮	૩૬૬	૭૮૬	૭૬.૨૪
રાણપુર આથમણોવાસ-૩	૩૧૩	૨૫૬	૫૬૯	૭૮.૩૭
રાણપુર આથમણોવાસ-૪	૩૬૮	૩૩૬	૭૦૪	૮૬.૯૧
રાણપુર વચલોવાસ-૧	૩૨૨	૩૪૭	૬૬૯	૮૫.૦૧
રાણપુર વચલોવાસ-૨	૨૮૪	૨૩૦	૫૧૪	૭૨.૭૦
રાણપુર ઉગમણોવાસ-૧	૫૦૯	૪૧૧	૯૨૦	૮૩.૧૧
રાણુપર ઉગમણોવાસ-૨	૫૨૨	૪૧૪	૯૩૬	૮૪.૯૪
વાસડા-૧	૩૭૭	૨૯૮	૬૭૫	૭૯.૦૧
વાસડા-૨	૨૦૨	૧૬૭	૩૬૯	૮૩.૦૮
લટીયા	૧૪૮	૧૨૭	૨૭૫	૮૩.૦૮
કાંટ-૧	૪૧૪	૩૯૦	૮૦૪	૭૮.૭૫
કાંટ-૨	૩૬૫	૩૧૪	૬૭૯	૬૫.૪૧

ગામ અને બુથ	થયેલ મતદાન			ટકાવારી
	પુરૂષ	સ્ત્રી	કુલ	
કાંટ-૩	૪૭૦	૩૯૫	૮૬૫	૭૩.૨૪
ભોયણ-૧	૩૭૭	૩૩૭	૭૧૪	૮૦.૦૪
ભોયણ-૨	૨૫૬	૨૧૦	૪૬૬	૮૩.૮૧
ભોયણ-૩	૩૦૮	૨૫૨	૫૬૦	૮૨.૭૨
ભોયણ-૪	૨૭૭	૨૪૧	૫૧૮	૬૨.૧૧
રસાણા નાના-૧	૩૩૦	૩૩૮	૬૬૮	૮૭.૮૯
રસાણા નાના-૨	૩૮૦	૩૨૬	૭૦૬	૭૬.૯૯
રસાણા મોટા-૧	૪૫૭	૩૪૨	૭૯૯	૭૮.૭૨
રસાણા મોટા-૨	૩૦૮	૨૯૮	૬૦૬	૮૩.૪૭
રસાણા મોટા-૩	૫૦૧	૪૨૮	૯૨૯	૮૦.૫૦
ઢુવા-૧	૪૨૯	૩૦૯	૭૩૮	૬૭.૮૯
ઢુવા-૨	૩૩૦	૨૫૪	૫૮૪	૬૮.૦૭
ઢુવા-૩	૪૦૮	૩૩૫	૭૪૩	૭૭.૮૮
ઢુવા-૪	૩૫૮	૨૯૦	૬૪૮	૭૯.૪૧
ઢુવા-૫	૨૬૦	૨૩૮	૪૯૮	૬૨.૪૧
ધરપડા-૧	૪૮૬	૪૨૨	૯૦૮	૮૨.૯૨
ધરપડા-૨	૪૧૦	૩૩૬	૭૪૬	૭૭.૧૫
ધરપડા-૩	૨૫૪	૨૫૪	૫૦૮	૮૯.૧૨
ફતેપુરા	૧૭૯	૧૪૯	૩૨૮	૮૪.૭૫
વાસણા જુનાડીસા-૧	૩૩૭	૨૭૫	૬૧૨	૭૯.૨૭
વાસણા જુનાડીસા-૨	૪૩૦	૩૭૭	૮૦૭	૭૯.૫૯
વાસણા જુનાડીસા-૩	૩૧૪	૨૫૦	૫૬૪	૮૦.૮૦
વાસણા જુનાડીસા-૪	૨૯૮	૨૩૬	૫૩૪	૮૫.૧૭
વાસણા જુનાડીસા-૫	૩૯૬	૩૫૧	૭૪૭	૮૭.૦૬
જુનાડીસા-૧	૩૯૯	૩૫૧	૮૦૯	૭૫.૯૨
જુનાડીસા-૨	૩૨૦	૩૫૬	૬૭૬	૬૬.૮૦
જુનાડીસા-૩	૪૪૬	૨૫૮	૭૦૪	૬૬.૪૨
જુનાડીસા-૪	૩૭૬	૩૨૮	૭૦૪	૬૯.૪૩
જુનાડીસા-૫	૪૬૮	૪૩૬	૯૦૬	૭૭.૫૦
જુનાડીસા-૬	૪૨૨	૩૬૩	૭૮૫	૬૭.૫૦
જુનાડીસા-૭	૨૪૩	૨૦૪	૪૪૭	૭૦.૦૬
જુનાડીસા-૮	૧૪૫	૧૩૬	૨૮૧	૬૧.૪૯
જુનાડીસા-૯	૧૬૮	૧૪૩	૩૧૧	૭૬.૯૮
જુનાડીસા-૧૦	૩૮૪	૩૪૫	૭૨૯	૬૭.૫૬
જુનાડીસા-૧૧	૩૮૭	૩૨૪	૭૧૧	૭૦.૬૮
શેરગંજ	૪૦૬	૩૨૨	૭૨૮	૮૧.૧૬
વડાવલ-૧	૪૭૩	૪૬૦	૯૩૩	૮૦.૯૯
વડાવલ-૨	૪૩૮	૩૯૪	૮૩૨	૭૧.૪૮
લોરવાડા-૧	૫૩૧	૩૨૯	૮૬૦	૭૪.૭૨
લોરવાડા-૨	૪૬૭	૩૯૮	૮૬૫	૭૩.૬૮
ડેડોલ	૨૯૦	૨૭૧	૫૬૧	૯૧.૫૨
સોતમલા-૧	૨૧૨	૧૬૦	૩૭૨	૬૦.૦૦
સોતમલા--૨	૨૭૫	૧૯૪	૪૬૯	૬૮.૬૭
સાંડીયા	૪૩૦	૪૩૨	૮૬૨	૮૬.૪૬
સણથ	૩૭૫	૩૩૧	૭૦૬	૮૬.૬૩
ખેંટવા-૧	૩૮૪	૩૪૧	૭૨૫	૭૭.૪૬
ખેંટવા-૨	૧૯૨	૧૪૮	૩૪૦	૭૮.૧૬
વાહરા	૩૭૯	૨૮૫	૬૬૪	૭૭.૦૫
વિરૂવાડા	૧૨૩	૧૦૦	૨૨૩	૮૪.૪૭
દશાનાવાસ	૩૮૬	૨૯૨	૬૭૮	૮૩.૯૧
ડીસા-૧	૩૮૮	૩૧૩	૭૦૧	૬૫.૨૧
ડીસા-૨	૩૫૪	૨૯૪	૬૪૮	૬૫.૦૬
ડીસા-૩	૩૯૦	૩૦૭	૬૯૭	૫૭.૧૩
ડીસા-૪	૪૬૦	૩૫૭	૮૧૭	૬૩.૭૮
ડીસા-૫	૩૧૨	૩૦૦	૬૧૨	૫૯.૮૮
ડીસા-૬	૩૦૪	૧૪૪	૪૪૮	૬૧.૫૪
ડીસા-૭	૪૨૪	૩૮૦	૮૦૪	૬૨.૦૮
ડીસા-૮	૩૦૪	૨૬૪	૫૬૮	૬૪.૧૧
ડીસા-૯	૪૦૪	૩૫૧	૭૫૫	૬૨.૬૬
ડીસા-૧૦	૩૯૧	૨૯૫	૬૮૬	૭૦.૦૭
ડીસા-૧૧	૪૬૮	૩૮૩	૮૫૧	૬૪.૩૨
ડીસા-૧૨	૨૮૮	૨૩૬	૫૨૬	૫૮.૮૪
ડીસા-૧૩	૨૧૯	૧૯૧	૪૧૦	૫૬.૭૯
ડીસા-૧૪	૪૦૮	૩૧૭	૭૨૫	૬૧.૨૧
ડીસા-૧૫	૩૭૯	૩૨૭	૭૦૬	૬૩.૨૨
ડીસા-૧૬	૨૪૧	૧૭૭	૪૧૮	૪૭.૫૦
ડીસા-૧૭	૨૩૯	૨૨૧	૪૬૦	૫૦.૫૪
ડીસા-૧૮	૪૦૮	૩૪૩	૭૫૧	૬૧.૨૬
ડીસા-૧૯	૩૦૮	૨૪૪	૫૫૨	૫૯.૯૩
ડીસા-૨૦	૩૫૫	૨૮૭	૬૪૨	૬૫.૫૬
ડીસા-૨૧	૪૩૯	૪૦૭	૮૪૬	૬૭.૬૮
ડીસા-૨૨	૪૨૦	૩૫૯	૭૭૯	૬૮.૮૨
ડીસા-૨૩	૨૪૩	૨૩૮	૪૮૧	૫૧.૧૭
ડીસા-૨૪	૩૫૪	૩૭૧	૭૨૫	૬૩.૧૫
ડીસા-૨૫	૪૧૩	૩૨૮	૭૪૧	૫૯.૬૧
ડીસા-૨૬	૪૦૮	૩૪૦	૭૪૮	૬૧.૪૬
ડીસા-૨૭	૪૨૪	૩૬૬	૭૯૦	૫૭.૨૦
ડીસા-૨૮	૪૮૦	૪૪૫	૯૨૫	૭૨.૭૮
ડીસા-૨૯	૨૬૨	૨૨૬	૪૮૮	૫૦.૮૩
ડીસા-૩૦	૨૪૦	૨૦૧	૪૪૧	૫૫.૫૪
ડીસા-૩૧	૩૮૩	૩૦૬	૬૮૯	૬૯.૫૩
ડીસા-૩૨	૨૫૬	૨૧૯	૪૭૫	૬૮.૦૫
ડીસા-૩૩	૨૧૬	૧૬૦	૩૭૬	૪૦.૬૮
ડીસા-૩૪	૨૮૧	૨૦૬	૪૮૭	૩૫.૪૦
ડીસા-૩૫	૩૦૦	૨૨૨	૫૨૨	૪૦.૧૨
ડીસા-૩૬	૪૦૯	૩૦૭	૭૧૬	૫૪.૧૫
ડીસા-૩૭	૩૩૯	૨૮૫	૬૨૪	૬૧.૨૨
ડીસા-૩૮	૨૩૦	૧૮૦	૪૧૦	૫૬.૦૯
ડીસા-૩૯	૨૭૨	૨૨૬	૪૯૮	૫૩.૨૧
ડીસા-૪૦	૩૫૬	૨૭૮	૬૩૧	૫૮.૨૨
ડીસા-૪૧	૪૩૫	૩૭૦	૭૬૫	૬૩.૩૯
ડીસા-૪૨	૨૫૯	૨૦૫	૪૬૪	૫૮.૬૬
ડીસા-૪૩	૨૫૨	૨૧૯	૪૭૧	૬૮.૨૬
ડીસા-૪૪	૨૫૫	૧૮૯	૪૪૪	૪૮.૯૫
ડીસા-૪૫	૩૯૮	૩૪૦	૭૩૮	૫૯.૧૩
ડીસા-૪૬	૨૬૫	૨૧૬	૪૮૧	૫૬.૮૬
ડીસા-૪૭	૨૭૫	૧૮૬	૪૬૧	૬૫.૫૭
ડીસા-૪૮	૩૫૧	૨૮૧	૬૩૨	૬૧.૦૦
ડીસા-૪૯	૩૪૫	૨૭૨	૬૧૮	૫૬.૫૪
ડીસા-૫૦	૩૧૨	૨૬૩	૫૭૫	૭૦.૫૫
ડીસા-૫૧	૨૫૮	૨૧૨	૪૭૦	૬૨.૬૭
ડીસા-૫૨	૨૯૬	૨૬૬	૫૬૧	૬૦.૦૬
ડીસા-૫૩	૪૨૮	૩૩૫	૭૬૩	૫૬.૦૬
ડીસા-૫૪	૨૬૪	૨૧૫	૪૯૯	૫૫.૨૬
ડીસા-૫૫	૩૦૭	૨૫૩	૫૬૦	૬૨.૫૭
ડીસા-૫૬	૩૨૪	૨૩૯	૫૬૩	૬૧.૫૩
ડીસા-૫૭	૨૪૦	૧૫૨	૩૯૨	૫૭.૧૪
ડીસા-૫૮	૩૬૧	૨૮૫	૬૪૬	૬૫.૩૨
ડીસા-૫૯	૨૩૨	૧૯૪	૪૨૬	૫૨.૫૯
ડીસા-૬૦	૪૫૫	૩૫૧	૮૦૬	૬૫.૦૫
ડીસા-૬૧	૨૭૬	૨૦૬	૪૮૪	૬૨.૨૯
ડીસા-૬૨	૨૭૭	૨૩૨	૫૦૯	૬૩.૫૫
ડીસા-૬૩	૪૨૦	૩૨૧	૭૪૧	૬૯.૪૫
ડીસા-૬૪	૨૩૭	૨૦૫	૪૪૨	૫૯.૬૫
ડીસા-૬૫	૪૩૨	૩૨૮	૭૬૦	૭૫.૭૭
ડીસા-૬૬	૪૦૯	૩૪૦	૭૪૯	૭૩.૩૬
ડીસા-૬૭	૪૪૬	૩૬૮	૮૧૪	૭૨.૨૩
ડીસા-૬૮	૩૮૯	૩૨૨	૭૧૧	૬૯.૩૭
ડીસા-૬૯	૩૧૦	૨૪૯	૫૫૯	૬૫.૪૬
ડીસા-૭૦	૪૦૬	૩૯૩	૭૯૯	૭૩.૫૧
ડીસા-૭૧	૩૯૦	૩૪૨	૭૩૨	૭૬.૩૩
ડીસા-૭૨	૫૬૩	૪૪૮	૧૦૧૧	૭૪.૮૯
ડીસા-૭૩	૨૦૭	૧૮૭	૩૯૪	૫૧.૫૦
ડીસા-૭૪	૨૯૩	૨૪૧	૫૩૪	૬૫.૬૦
ડીસા-૭૫	૩૮૧	૩૧૫	૬૯૬	૫૮.૧૯
ડીસા-૭૬	૨૮૪	૨૩૫	૫૧૯	૫૩.૮૪
ડીસા-૭૭	૩૪૬	૩૩૪	૬૮૦	૭૦.૬૯
ડીસા-૭૮	૫૨૯	૪૩૯	૯૬૮	૭૩.૮૯
ડીસા-૭૯	૪૨૧	૩૨૬	૭૪૭	૬૨.૬૨
ડીસા-૮૦	૩૯૦	૩૩૪	૭૨૪	૬૩.૪૬
ડીસા-૮૧	૪૦૫	૩૬૮	૩૭૩	૬૭.૮૭
ડીસા-૮૨	૨૫૬	૨૨૨	૪૭૮	૬૯.૨૮
ડીસા-૮૩	૩૦૯	૨૮૧	૫૯૦	૬૮.૩૭
ડીસા-૮૪	૪૮૧	૩૬૩	૮૪૪	૬૨.૨૪
કુલ	૯૭૮૬૪	૮૦૪૦૪	૧૭૮૨૬૮	૭૧.૦૯

ધાનેરા તાલુકાના તાલેગઢમાં વિક્રમી ૯૬.૧૬ ટકા મતદાન

ધાનેરા વિધાનસભા માટે કુલ મતદાન ૭૫.૩૫

તા.પ્રતિનિધિ ધાનેરા

બનાસકાંઠા જિલ્લાની ધાનેરા બેઠક ની વાત કરવામાં આવે તો ધાનેરા વિધાનસભા નવ માટે આ વખતે કુલ પાંચ ઉમેદવારો મેદાનમાં હતા જો કે ખરા ખરી નોન જંગ ભાજપ તેમજ કોંગ્રેસ પક્ષમાં જોવા મળ્યો હતો ,ભારતીય જનતા પાર્ટી ના ઉમેદવાર તરીકે માવજી ભાઈ દેસાઈ અને કોંગ્રેશ પક્ષ ના ઉમેદવાર તરીકે નથા ભાઈપટેલ આમને સામને હતા, જયારે ગતરોજ આ બંને ઉમેદવારીનું ભાવિ એવીએમમાં બંદ થવા પામ્યું છે, જયારે આ વખતે ધાનેરા તેમજ દાંતીવાડા તાલુકાના મતદાતાએ પણ જોશ પૂર્વક મતદાન કર્યું છે, જો આંકડાની વાત કરવામાં આવે તો, ધાનેરા વિધાન સભા નવ માટે કુલ મતદાતા ૨૨૮૯૪ છે, જેમાં પુરુષ ૧૨૧૫૨૦ અને સ્ત્રી ૧૦૭૪૨૨ અને અન્ય ૨ છે.

જયારે મતદાન ની વાત કરવામાં આવે તો આ વખત ની વિધાન સભા નવ માટે ધાનેરા તેમજ દાંતીવાડા તાલુકાના મતદાતા એ ૭૫.૩૫ મતદાન કર્યું છે, જેમાં પુરુષ વર્ગે ૯૪૩૨૯ નું મતદાન કર્યું છે, જયારે મહિલા વર્ગે પણ ૭૮૧૭૮ જેટલું મતદાન કરી પોતાની ફરજ નિભાવી છે, જયારે ફુલ થયેલ મતદાનની વાત કરવામાં આવે તો ધાનેરા વિધાન સભા નવ માટે ૧૭૨૫૦૫ મતદાતા એ મતદાન કર્યુંહોવાનું જાણવા મળ્યું છે, ધાનેરા વિધાન સભા નવમાં કુલ ૨૭૪ મતદાન મથક પર થયેલ મતદાન માં કુલ ૬ જેટલા મતદાન મથક પર ૯૦% ઉપર નું મતદાન થયું છે ,જેમાં ધાનેરા તાલુકનું તાલેગઢ ગામ સૌથી વધારે એટલે કે ૯૬.૧૬ ટકા મતદાન કરી પહેલા નંબર પર છે, જયારે દાંતીવાડા તાલુકાના નાંદોત્રા ઠાકોર વાસ ના બુથ નું મતદાન સૌથી ઓછું ૩૫.૧૭ ટકા નોંધાયું છે.

ધાનેરા તેમજ દાંતીવાડા તાલુકાના મતદાતાની પશંદ કોન બને છે એ તો ૧૮ડિસેમ્બરના રોજ ખબર પડશે જયારે આ વખતના મતદાન થી વહીવટી તંત્ર દ્વારા કરવામાં આવતી મતદાન જાગૃતા કેટલાક અંશે સફળ જોવા મળી છે.સાથે ધાનેરા નાયબ મામલદાર મોઠાલિક રાજપૂત એ પણ ચૂંટણી માં રોકાયેલા તમામ કર્મચારી નો આભાર માન્યો હતો.અને તમામ કર્મચારી માટે ની વેવસ્થા માં પણ ધાનેરા નંબર વન રહ્યું હતું. એકન્દે ધાનેરા તેમજ દાંતીવાડા તાલુકામાં શાંતિ પૂર્વક માહોલ માં મતદાન પૂર્ણ થતાં વહીવટી તંત્ર રાહત અનુભવી હતી.

થરાદના રાહમાં રસ્તે ચાલવા બાબતે પાઈપ ફટકારતાં ગરદન તુટી

ઈજાગ્રસ્તને ઓપરેશન કરાવવું પડ્યું,કાનની બુટ તુટતાં ત્યાં પણ ટાંકા લેવાયા

પ્રતિનિધિ થરાદ

થરાદના રાહમાં રસ્તે ચાલવા બાબતની માથાકુટમાં એક વ્યક્તિએ બીજા પર લોખંડની પાઈપ વડે હુમલો કરી ગંભીર ઈજાઓ પહોંચાડી હતી.જેને સારવાર માટે ડીસા ખસેડાયો હતો.

થરાદના રાહ ગામના વસરામભાઈ લાધાજી પટેલ તથા તેમનો ભત્રીજો ભાવેશભાઈ પાંચ દિવસ પહેલાં સવારના સુમારે તેમના ખેતરેથી ગામ તરફ જઈ રહ્યા હતા. દરમ્યાન ગણપતભાઈ તગાજી પંચાલ સામા મળતાં તેમણે આ રસ્તે નહી ચાલવા કહેતાં ભાવેશભાઈ એ આ રસ્તો અમારો પણ છે જેથી અમેતો ચાલવાના તેમ કહેતાં ગણપતભાઈ ઉશ્કેરાઈને મારવા જતાં તે દોડી ગયો હતો.જોકે હોબાળો થતાં આયદાનભાઈ લાધાજી પટેલ દોડી આવી સમજાવવા જતાં ગણપતભાઈ એ તેના હાથમાંની પાઈપ ગરદનની પાછળ ફટકારી હતી.આથી ત્યાં ફેકચર થવા પામ્યું હતું ઉપરાંત કાનની બુટ પણ તૂટતાં તેને ટાંકા લેવા પડ્યા હતા.જેની સારવાર હાલ ડીસા ચાલી રહી છે.આ બનાવની પોલીસે ફરીયાદ નોંધી વધુ તપાસ હાથ ધરી હતી.

મતદાન વધ્યુ જ્ઞાતિવાદ કે ચૂંટણી પંચના જાગૃતિના કારણે ? પરિણામ શું આવશે ??

શું લાગે છે આ વખતે ? એકઝીટ પોલ પ્રમાણે ભાજપ - ૧૦૮ થી વધુ તો કોંગ્રેસ ૭૦ આજુબાજુ અન્યની એકાંકી રહેશે. બનાસકાંઠામાં ૨૦૧૨ નું પુનરાવર્તન થશે કે તેનાથી ઉલટું આ બધી ચર્ચાનો ચકરાવો સતત ચાલુ છે. મતદારોનો 'અંડર કરંટ' ખરેખર એકઝીટ પોલની સત્ય આગાહી જેવો રહેશે ? કે પછી બિહાર પરિણામ પૂર્વેની આગાહી કે ઉત્તર પ્રદેશ આવી અનેક ગડમથલ ૧૮ મી બપોરના એક બે વાગ્યા સુધી તો ચાલવાની જ છે ૧૮ મી ડીસેમ્બર ૨૦૧૭ ના વધુ વાવાઝોડું સાંજે શાત પડશે બનાસકાંઠા જિલ્લામાં ૭૪ ટકા આસપાસ મતદાન થયું છે. જેમાં વાવ - ૭૨.૪૦, થરાદ ૮૪.૪૧, ધાનેરા ૭૦.૧૪, દાંતા - ૭૩.૪૧, વડગામ ૭૧.૧૫, પાલનપુર ૬૮.૯૭, ડીસા ૭૦.૮૮, દિયોદર ૭૬.૭૨ , કાંકરેજ ૭૫.૫૮ આમ જિલ્લાનું એકંદરે ૭૪.૩૦ ટકા જેટલું ને રાજયમાં ૬૮.૭૦ ટકા મતદાન થયાના અહેવાલો વચ્ચે ભારે ઉત્તેજનાભર્યો માહોલ જોવા મળી રહ્યો છે. પાટ-દિયર, જી.એસ.ટી.-નોટબંધીની અસર કે વિકાસનો વંટોળ, કાંકરેજ તાલુકામાં ભાજપે ગત ૨૦૧૨ માં હારેલા કિર્તિસિંહ વાઘેલાને પુનઃ ટીકીટ આપેલ જ્યારે કોંગ્રેસ પક્ષે વર્તમાન ધારાસભ્ય ધારશીભાઈ ખાનપુરાની ટીકીટ કાપીને ક્ષત્રિય ઠાકોર સેનાના દિનેશભાઈ ડી.ઝાલેરા (ભદ્રેવાડી) ને ટીકીટ આપતાં ઠાકોર સમાજના લેબુજી ઠાકોર પાદરડીવાળાએ અપક્ષ ઉમેદવારી નોંધાવતા વાતાવરણમાં અવનવી ચર્ચાએ જોર પકડી રાખ્યુ હતું તો જૈન સમાજ કોંગ્રેસથી અલિપ્ત એનકેન પ્રકારે રહ્યો અા બધા વચ્ચે કાંકરેજ તાલુકામાં ૨૦૧૨ માં ૭૫.૯૨ ટકા મતદાન થયેલ જેમાં પુરૂષ ૭૫.૫૮ જ્યારે સ્ત્રી ૬૬.૬૦ ટકા હતું ૨૦૧૭ માં ૭૫.૫૨ ટકા મતદાનમાં પુરૂષ ૭૮.૪૬ સ્ત્રી ૭૨.૨૪ ટકા જાણવા મળે છે. ગત વિધાનસભા ચૂંટણી - ૨૦૧૨ કરતાં ૨૦૧૭ ૪.૨૩ ટકા પરિણામ વધ્યું છે જેની પાછળ જ્ઞાતિવાદનું સમીકરણ કે પછી ચૂંટણીપંચની જાગૃતિ લોકો ચૂંટણીપંચની જાગૃતિ કરતાં જ્ઞાતિવાદના લીધે મતદાન વધ્યાનુ સ્વીકારે છે. બનાસકાંઠા જ નહી સમગ્ર ગુજરાતમાં લગભગ જ્ઞાતિવાદની અસર ઠેઠળ જ ઉમેદવારની પસંદગી થયેલ છે. આગામી ૧૮ મી ડીસેમ્બર ૨૦૧૭ ઈ.વી.એમ.વી.વી.પેટ ખુલ્યા પછી પરિણામ કેવા રહે છે. તેનીજ ચર્ચાઓ ચાલુ રહેશે.

પરિવર્તન કે પુનરાવર્તનની યોમેર ચર્ચા



યશપાલસિંહ ટી.વાઘેલા

ડીસાના રાજપુર-ગવાડીમાં ૭૪% મતદાન

જમીલ મેમણ

પ્રતિ. રાજપુર

લોકશાહીના પર્વ સમાન ચૂંટણીમાં સવારથી જ મહિલાઓએ ઘરના કામકાજ છોડીને મતદાન કરવા સવારથી જ લાઈનમાં લાગીને મત આપીને ફરજ બજાવી હતી જ્યારે પુરૂષોએ સવારથી જ લાઈનો લગાવી દેતા ગવાડીમાં ડીસામાં સૌથી વધુ ૭૪% મતદાન થવા પામ્યુ હતું જ્યારે રાજપુર વિસ્તારમાં હિન્દુ-મુસ્લિમોનું ૬૮% મતદાન થવા પામ્યુ હતુ છોટાપુરા ગવાડી પ્રાથમિક શાળામાં બુથ નં.૨૬૩ માં ઈવીએમ બે.બે. વાર ખરાબ થઈ જતા મતદારોને અડધો કલાક લાઈનમાં ઉભા રહેવાની ફરજ પડવા પામી હતી આ વખતની ચૂંટણીમાં ભાજપ-કોંગ્રેસ વચ્ચે કાંટાની ટક્કર જોવા મળી રહી હતી શહેરમાં ભાજપ તો ગામડામાં કોંગ્રેસને વોટ મળતા બંને ઉમેદવાર જીતની આશા કરી રહ્યા છે ત્યારે સોમવારના દિવસે જ ખબર પડશે કે કયો ઉમેદવારો જીતશે?ડીસા રાજપુર-ગવાડીના મતદારોએ ઉત્સાહપૂર્વક મતદાન કર્યું હતુ ગવાડીમાં ૮૦ વર્ષના વૃધ્ધોએ, અપંગો લાકડીના સહારે બુથ પર જઈ મતદાન કર્યું હતું.

ગેળા શતાયુ માતાજીનું મતદાન

પ્રતિનિધિ ગેળા

લોકશાહીમાં મતદાન આપણી ફરજ છે ત્યારે આ વખતે વિકલાંગ અને સીનીયર સીટીઝન ગણાતા વડીલોના મતદાન માટે વિશેષ વ્યવસ્થા કરાઈ હતી. ત્યારે લાખણી તાલુકાના ગેળા ગામના ૧૦૦ વર્ષના હેમાબેન રામાભાઈ ડાંગી(પટેલ) એ પણ ગામની પ્રાથમિક શાળામાં મતદાન કરી જૈફ વયે પણ બંધારણે આપેલી ફરજ અદા કરી યુવાનોને પ્રેરણા પુરી પાડી હતી.

ધાનેરા નવ વિધાનસભાના નાંદોત્રામાં સૌથી ઓછુ મતદાન ૩૫.૧૭%

તા.પ્રતિનિધિ ધાનેરા

ધાનેરા ૯ વિધાનસભામાં ૭૫.૩૫ ટકા મતદાન થવા પામ્યુ છે. જેમાં સૌથી વધારે મતદાન તાલેગઢ ગામે થયુ હતુ. ગામમાં ૪૬૯ મતદારો હતા તેમાંથી૪૫૫ મતદારોએ પોતાના મતો આપતા ગામનુ મતદાન ૯૬.૧૬% થવા પામ્યુ છે. ત્યારે સૌથી ઓછુ મતદાન નોદોત્રા ઠાકોરવાસ-૨ નુ મતદાન થયુ હતુ. ગામના આ બુથનુ મતદાન ૪૩૫ હતુ જેમાંથી માત્ર ૧ મતો સંકેત દ્વારા ૧૫૩ લોકોએ મતદાન કર્યુ છે જેથી આ બુથનુ મતદાન માત્ર ૩૫.૧૭% થયેલ છે. આ મતદાન ને લઈને ભાજપ તેમજ કોંગ્રેસના ઉમેદવારો પોતાની જીતના આંકડાઓ માં ૨૫ હજારથી જીતતા હોવાના દાવાઓ કરી રહ્યા છે.

બનાસકાંઠામાં સૌથી વધુ ૮૫.૫૩ ટકા મતદાન સાથે થરાદનો રેકોર્ડ

૯૭.૧૩ ટકા મતદાન સાથે તાલુકાનું કરણપુરા પ્રથમ ક્રમે

પ્રતિનિધિ થરાદ

બનાસકાંઠામાં થયેલા ૭૫.૨૫ મતદાનની સરખામણીએ સૌથી વધુ ૮૫.૨૩ ટકા મતદાન સરહદી થરાદ તાલુકામાં થવા પામ્યું હતું.થરાદ વિધાનસભા બેઠકના કુલ ૨૦૯૧૮૩ મતદારો (૧૧૦૯૩૪ પુરુષ અને ૯૮૨૪૯ મહિલા) પૈકી ૯૬૨૯૨(૮૬.૮૦ ટકા) પુરૂષો અને ૮૨૬૩૦ (૮૪.૧૦ ટકા) મહિલા મતદારોએ મતદારોએ કરતાં કુલ ૮૫.૫૩ ટકા મતદાન થવા પામ્યું હતું.જે બનાસકાંઠામાં સૌથી વધુ રહ્યું હતું.થરાદ બેઠક પર લાઈવોલ્ટેજ ચુટણીમાં ભાજપના વર્તમાન ધારાસભ્ય પરબતભાઈ પટેલ તથા કોંગ્રેસના ડીદીરાજપુત અને કોંગ્રેસ સાથે છેડો ફાડી અપક્ષ માવજીભાઈ પટેલ વચ્ચે ભારે રસ્સાકસ્સી ભર્યા માહોલમાં ત્રીપાંખીયો જંગ ખેલાતાં રાજપુત,મારવાડી અને દેશી પટેલો દ્વારા પોતપોતાના ઉમેદવારને જીતાડવા માટે કચકચાવીને મતદાન કરાવવામાં આવ્યું હતું.જેમાં માર્કેટયાર્ડના વેપારી તથા ડીરેક્ટર અને ઘેસડા ગ્રુપ ગ્રામપંચાયતના સરપંચ જેતસીભાઈ પટેલના કરણપુરા ગામમાં તાલુકાનું સૌથી વધુ ૯૭.૧૩ ટકા મતદાન થવા પામ્યું હતું.જેમાં ૫૯૨ પૈકી ૫૭૫ મતદારોએ મતદાન કર્યું હતું.આ સિવાય ગુજરાત રાજ્યમાં સૌથી વધુ મતદાનનો રેકોર્ડ ધરાવનાર ગગણા ગામમાં બુથ પર ૯૭૦૮ ટકા અને પોસ્ટલ બેલેટ સાથે ૯૯.૦૩ ટકા મતદાન થવા પામ્યું હોવાનું સુત્રોએ જણાવ્યુ હતું.

પાલનપુરના હાઈવે પર ટ્રક પાછળ રિક્ષા ઘુસી જતા એકને ઈજા

પાલનપુર

પાલનપુર હાઈવે પર હોટલ લાજવંતી સામે અકસ્માત સર્જાયો હતો. જેમાં ૧ વ્યક્તિને ગંભીર ઈજા થઈ હતી. જેને સારવાર અર્થે પાલનપુર સિવિલમાં ખસેડાયો હતો. પાલનપુર હાઈવે પર ટ્રક પાછળ રિક્ષા ઘુસી જતા અકસ્માત થયો હતો. જેમાં રિક્ષામાં સવાર ૪૦ વર્ષીય યુવાન રાજેશકુમાર મદનજી ઠાકોર રહે. સિદ્ધપુરને ગંભીર ઈજા થઈ હતી. જેને સારવાર અર્થે પાલનપુર સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો.

સોયલામાં ૧૦૯ વર્ષના દાદીમાનું મતદાન

પ્રતિ. ભીલડી

બનાસકાંઠા જિલ્લાની વિધાનસભાની ચૂંટણીમાં મતદારોએ ઉત્સાહપૂર્વક મતદાન કર્યું હતું. જેમાં નવયુવાનો સાથે વૃધ્ધ અને વિકલાંગોએ પણ મતદાન કરી લોકશાહી પર્વને અજવાળ્યું હતુ ત્યારે ડીસા તાલુકાના સોપલા ગામના ૧૦૯ વર્ષના દાદીમાં દિવાળીબેન ભવાનીશંકર જોષીએ પણ ગામની પ્રાથમિક શાળામાં મતદાન કરી લોકશાહીના પર્વને હર્ષોલ્લાસભેર મનાવ્યું હતું.

થરાદ તાલુકાના ડેડુડી ગામના ૧૦૯ વર્ષીય દાદીએ મતદાન કર્યું

પ્રતિનિધિ થરાદ

બનાસકાંઠા જિલ્લાના થરાદ તાલુકામાં આવેલા ડેડુડી ગામના ૧૦૯ વર્ષીય હાંસીબેન નાથાજી ચૌધરીએ પોતાના મત અધિકારનો ઉપયોગ કર્યો હતો. તેઓ કહે છે કે સૌ પ્રથમ વોટીંગ મેં ક્યારે કર્યું હતું તે મને યાદ નથી પણ ચૂંટણી એવી નહી હોય જેમાં મેં મતદાન ન કર્યું હોય. તેઓએ ૧૦૯ વર્ષીય ઉમરે પણ હેલ્પી હોવાનું રહસ્ય જણાવવી કહ્યું કે ખેડુતની દીકરી છું અને જીવનભર ખેતી કરી છે માટે મને કોઈ પ્રકારની બિમારી હજુ સુધી થઈ નથી. આઝાદી વિશે વાત કરતા તેઓએ કહ્યું કે અમને આઝાદી મળી છે તેવું મે બાળકો પાસેથી સાંભળેલું પણ ગામડાઓમાં તે સમયે આઝાદી કે ગાંધીજીના સમાચાર ભાગ્યે જ મળતા હતા.

પુષ્કર ગોસ્વામી

તા.પ્રતિ. વડગામ

ગઈકાલ વિધાનસભા સામાન્ય ચૂંટણી ૨૦૧૭ અન્વયે વડગામ વિધાનસભા ચૂંટણી અધિકારી ડી.કે. હડીયેલ મામલતદાર આર.એમ ચાવડા, તા.વિકાસ અધિકારી ઉપાભેન જોષી એ મતદાન મથકોની મુલાકાત લઈ મતદારોના પ્રશ્નોનું સ્થળ ઉપર નિરાકરણ કર્યું હતું.સમગ્ર વિસ્તારમાં ચૂંટણી વિભાગનું સંકલન હોવાથી શાંતિમય વાતવરણમાં મતદાન સંપન્ન થયું હતું.

વડગામ વિભાગ ચૂંટણી અધિકારીએ મતદાન મથકોની મુલાકાત લીધી

રાહુલને જવાબદારી સોંપી સોનિયા નિવૃત્ત

નવીદિલ્હી

કોંગ્રેસ પાર્ટીની જવાબદારી પોતાના પુત્ર રાહુલગાંધીને સોંપીને કોંગ્રેસ અધ્યક્ષ સોનિયા ગાંધીએ આજે રાજનીતિમાંથી નિવૃત્તિ લેવાની જાહેરાત કરી દીધી હતી. સોનિયા ગાંધીને જ્યારે પત્રકારોએ પાર્ટીમાં તેમની ભાવિ ભૂમિકાને લઈને પ્રશ્નો કર્યા ત્યારે સોનિયા ગાંધીએ નિવૃત્તિની વાત કરી હતી. છેલ્લા ઘણા સમયથી સોનિયા ગાંધી સક્રિય રાજકારણથી દૂર હતા. તેમની તબિયત સારી રહી નથી. સોનિયા ગાંધીએ તાજેતરમાં જ યોજાયેલી ગુજરાત અને હિમાચલ પ્રદેશની વિધાનસભાની ચૂંટણીમાં પ્રચારની કામગીરી પણ હાથ ધરી ન હતી. આ ગાળા દરમિયન સોનિયા ગાંધીના આરોગ્યને લઈને અહેવાલો સતત આવતા રહ્યા હતા. સોનિયા ગાંધીને આજે પત્રકારોએ પ્રશ્ન કર્યો ત્યારે સોનિયાએ કહ્યું કે તેઓ નિવૃત્ત થઈ રહ્યા છે. સોનિયા ગાંધી વર્ષ ૧૯૯૮માં કોંગ્રેસના પ્રમુખ બન્યા હતા. ૧૯ વર્ષ સુધી કોંગ્રેસના અધ્યક્ષ પદ ઉપર રહ્યા હતા. આ ગાળા દરમિયાન તેમના નેતૃત્વમાં કોંગ્રેસ પાર્ટી સતત બે વખત ૨૦૦૪ અને ૨૦૦૯માં લોકસભા ચૂંટણી જીતી ગઈ હતી. યુપીએના અધ્યક્ષ પણ સોનિયા ગાંધી રહ્યા હતા.

મુસ્લિમ મહિલા બિલને કેબિનેટની મંજુરી મળી

નવીદિલ્હી

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં કેન્દ્રિય કેબિનેટની બેઠકમાં આજે અંતિત મહત્વપૂર્ણ નિર્ણય કરવામાં આવ્યો હતો. ત્રિપલ તલાક પર મોટુ પગલુ લઈને મોદી સરકારે મુસ્લિમ મહિલા બિલને લીલીઝંડી આપી દીધી છે. મોદી કેબિનેટે મુસ્લિમ મહિલા બિલ ૨૦૧૭ને લીલીઝંડી આપી દેતા આને લઈને ચાલી રહેલી તમામ ચર્ચા અને અટકળોનો અંત આવી ગયો છે. આના મારફતે મૌખિક, લેખિત અને કોઈ પણ ઈલેક્ટ્રોનિક રીતે એક સાથે ત્રણ વખત તલાકને ગેરકાયદે બનાવી દેવામાં આવનાર છે. સંસદના બંને ગૃહોમાંથી પાસ થઈ ગયા બાદ આ કાયદો બની જશે. શુક્રવારના દિવસે રાજ્યસભામાં ભારે ધાંધલ ધમાલ વચ્ચે મોદી કેબિનેટની બેઠકમાં આને લીલીઝંડી આપી દેવામાં આવી હતી. એમ માનવામાં આવે છે કે સરકાર આને સંસદના શિયાળુ સત્રમાં જ પસાર કરી દેવાના પ્રયાસ કરનાર છે. તે પહેલા કેન્દ્ર સરકારના ડ્રાફ્ટ બિલને આઠ રાજ્યો દ્વારા સમર્થન આપી દેવામાં આવ્યુ છે. કાયદા મંત્રાલય દ્વારા આશરે એક પખવાડિયા પહેલા ત્રણ તલાક પર પ્રતિબંધ મુકવા અને આને એક દંડનીય અપરાધ તરીકે ગણવા તેમજ બિનજામીનપાત્ર અપરાધ બનાવવા સાથે સંબંધિત સુચિત કાયદા પર તમામ રાજ્ય સરકારો પાસેથી અભિપ્રાય માંગ્યા હતા. ઉત્તરપ્રદેશ, મધ્યપ્રદેશ, ઉત્તરાખંડ, મહારાષ્ટ્ર, ઝારખંડ, આસામ, મણિપુર અને અન્ય છ રાજ્યોએ ડ્રાફ્ટ બિલ પર સરકારનુ સમર્થન કર્યુ હતુ. જ્યારે અન્ય રાજ્યોના જવાબની રાહ જોવામાં આવી રહી છે. સુપ્રીમ કોર્ટે આ વર્ષે ૨૨મી ઓગષ્ટના દિવસે એક ઐતિહાસિક ચુકાદો આપ્યો હતો. જેમાં ઈસ્લામિક પ્રથાને ઈચ્છિત અને ગેરબંધારણીય કરાર જાહેર કરવામાં આવ્યો હતો પરંતુ તે છતાં કેટલીક જગ્યાઓથી ત્રિપલ તલાક આપવાને લઈને રિપોર્ટ આવી રહ્યા છે. ત્રિપલ તલાકની ફરિયાદો મળી ગઈ હતી જેના પરિણામ સ્વરુપે કેન્દ્ર સરકારે આનો ઉકેલ શોધી કાઢવા માટે એક કમિટિ બનાવી હતી. આ કમિટિમાં હોમ મિનિસ્ટર રાજનાથસિંહ, નાણામંત્રી અરુણ જેટલી, કાયદામંત્રી રવિશંકર પ્રસાદ, લઘુમતિ બાબતોના પ્રધાન મુખ્તાર અબ્બાસ નકવી પણ હતા. સૂચિત બિલમાં પોતાની પત્નિની સાથે એક સાથે ત્રણ વખત તલાક બોલીને તલાક આપવાના પ્રયાસ કરનાર મુસ્લિમ પુરુષને ત્રણ વર્ષની સજા અપાશે. આ ઉપરાંત પીડિત મહિલાઓને કોર્ટમાંથી રજૂઆત કરીને યોગ્ય વળતર આપવામાં આવશે. બાળકોની કસ્ટડી માંગવાની મંજુરી પણ અપાશે.

અંકલેશ્વર જીઆઈડીસીમાં શનિવારે દ્વિતિય રાષ્ટ્રીય કવિ સંમેલન યોજાશે

અંકલેશ્વર

અંકલેશ્વર જીઆઈડીસીમાં તારીખ ૧૬ મી,૨૦૧૭ શનિવારના રોજ એઆઈએ હોલ ખાતે દ્વિતીય રાષ્ટ્રિય કવિ સંમેલનનું સેવાકીય પ્રવૃતિ સાથે સંકળાયેલ માં વિંધ્યવાસિની ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા આયોજન કરવામાં આવ્યું છે.

આ સંમેલનમાં સુપ્રસિધ્ધ વરિષ્ઠ હાસ્ય કવિ સુરેન્દ્ર શર્મા, ઉપસ્થિત રહેશે. આ ઉપરાંત જાણીતી કવિયત્રી પદમી શર્મા, ઉર્મિલા-ઉર્મિ તથા કવિઓ દિનેશ ભાવરા, અશોક ચરણ તથા સુનિલ વ્યાસ પણ પોતાનો રચનાઓનો રસાસ્વાદ કરાવશે. આ કવિ સંમેલનમાં લ્હાવો લેવામાં વિંધ્યવાસિની ચેરીટેબલ ટ્રસ્ટનાં ટ્રસ્ટી અનિલ શુકલા, આર.કે.શુકલા તથા અન્યોએ લોકોને આમંત્રણ પાઠવ્યું છે. આ ચેરીટેબલ ટ્રસ્ટ અનેક સેવાકીય પ્રવૃતિઓ સાથે સંકળાયેલી સંસ્થા છે. જે સાંસ્કૃતિક ઉપરાંત પર્યાવરણ, શિક્ષણ સ્વાસ્થ્ય તેમજ અન્ય સામાજીક પ્રવૃતિઓ નિયમિત સમયાંતરે ફરીને સમાજ પ્રત્યે પોતાની ફરજ અદા કરે છે.

અમદાવાદમાં પણ લોકોએ ઠંડીનો અનુભવ કર્યો

ગુજરાતમાં તીવ્ર ઠંડીનું મોજુ ફેલાયું : નલિયા ખાતે ૮.૪

છેલ્લા કેટલાક દિનથી ઠંડીનું મોજુ : હિમાચલ પ્રદેશ અને જમ્મુ કાશ્મીરમાં હિમવર્ષાની અસર : તાપમાન હજુ ઘટશે

અમદાવાદ

અમદાવાદ સહિત રાજ્યભરમાં તીવ્ર ઠંડીનું મોજુ ફરી વળ્યું છે. સવારથી જ લોકોએ ઠંડીનો અનુભવ કર્યો હતો. જમ્મુ કાશ્મીર અને હિમાચલ પ્રદેશમાં હિમવર્ષાની અસર પણ દેખાઈ રહી છે. બીજી બાજુ સવારમાં ઠંડા પવનો ફુંકાઈ રહ્યા છે. મોડીરાતથી વહેલી પરોઢ સુધી ઠંડીનો અનુભવ લોકો કરી રહ્યા છે. તાપમાનમાં પણ ઘટાડો થયો છે. આજે રાજ્યના નલિયામાં સૌથી ઓછું ૮.૪ ડિગ્રી લઘુત્તમ તાપમાન નોંધાયું હતું. બીજી બાજુ અમદાવાદમાં લઘુત્તમ તાપમાન ૧૩.૬ ડિગ્રી નોંધાયું હતું. સૌરાષ્ટ્ર અને કચ્છના જુદા જુદા ભાગોમાં તીવ્ર ઠંડીનું મોજુ ફરી વળ્યું છે. અમરેલીમાં ૯.૩, રાજકોટમાં ૧૧.૧, સુરેન્દ્રનગરમાં ૧૨ અને મહુવામાં ૧૩.૫ ડિગ્રી તાપમાન રહ્યું હતું. ભુજમાં લઘુત્તમ તાપમાન ૯.૮ ડિગ્રી નોંધાઈ ગયું છે. ઠંડીનું પ્રમાણ અકબંધ રહે તેવા સંકેત દેખાઈ રહ્યા છે. રાજસ્થાનના માઉન્ટ આબુમાં મોટી સંખ્યામાં ગુજરાતી લોકો હાલ પહોંચેલા છે. આ પ્રવાસી લોકો હાલ તીવ્ર ઠંડી અનુભવી રહ્યા છે. કારણ કે માઉન્ટ આબુમાં પારો એક ડિગ્રીની આસપાસ છે.

અંબાજીમાં દર્શન કરી આશીર્વાદ મેળવ્યા

ભાજપના અહંકારીઓની હાર થશે : હાર્દિક પટેલનો દાવો

અમદાવાદ

પાસના યુવા નેતા હાર્દિક પટેલે આજે સુપ્રસિધ્ધ યાત્રાધામ અંબાજી ખાતે દર્શન કરી માતાજીના આશીર્વાદ મેળવ્યા હતા. હાર્દિક પટેલે એકઝીટ પોલના ભાજપને વિજયી બતાવતાં તારણોને ફગાવતાં જણાવ્યું હતું કે, એકઝીટ પોલના તારણોમાં કોઈ વાસ્તવિકતા નથી. ગુજરાત વિધાનસભા ચૂંટણીના પરિણામોમાં આ વખતે ભાજપના અહંકારીઓ અને ઘમંડીઓ હારવાના છે. ગુજરાતમાં આ વખતે ખેડુતો, યુવાનો અને સારા લોકોની સરકાર આવવાની છે. પાસના નેતા હાર્દિક પટેલે વધુમાં જણાવ્યું હતું કે, એકઝીટ પોલ કે બીજી કોઈ વાતને લઈને ચિંતા કરવાની જરૂર નથી, ભાજપના અહંકારીઓ અને ઘમંડીઓ હારવાના છે આ વખતે તે નક્કી છે.

ઈવીએમમાં ગડબડીની આશંકા અંગેના એક પ્રશ્નના જવાબમાં હાર્દિક પટેલે જણાવ્યું હતું કે, મતદાન કર્યા પછી ઈવીએમમાં ગડબડી થવાની ચિંતા થાય તે લોકશાહીની કરૂણતા અને બહુ દુઃખની વાત છે. ઈવીએમમાં મતદાન કર્યા પછી પણ જો પ્રજાના મનમાં કોઈ શંકા ઉઠે તો તંત્રની વિશ્વસનીયતા સામે સવાલ ઉભા થાય છે અને લોકશાહીની તે કરૂણતા કહેવાય. પાસના યુવા નેતા હાર્દિક પટેલે જણાવ્યું કે, એકઝીટ પોલના તારણોમાં કોઈ તથ્ય નથી. જો સારી રીતે ચૂંટણી થઈ હશે તો, આ વખતે ભાજપ હારશે અને ગુજરાતમાં ખેડુતો, યુવાનો અને સારા લોકોની સરકાર બનશે. હાર્દિક પટેલે આજે અંબાજી માતાના દર્શન કરી માતાજીની પૂજાઅર્ચના કરી આશીર્વાદ મેળવ્યા હતા, મંદિરના પુજારી દ્વારા પણ હાર્દિકને માથે તિલક લગાવી ચુંદડી પહેરાવી આશિષ આપવામાં આવ્યા હતા.

તંત્રી સ્થાનેથી ...

પત્ની જ ધર્મ, અર્થ, કામ અને મોક્ષના કારણરૂપ છે.

શૈક્ષણિક સંસ્થાઓને અપાતી ગ્રાન્ટોનો ઉપયોગ હેતુસર થવો જરૂરી

રાજ્યમાં શૈક્ષણિક સંસ્થાઓને લાખો- કરોડોની ગ્રાન્ટો ફાળવવામાં આવતી હોય છે. ત્યારે રાજ્યની યુનિવર્સિટીઓને જે ગ્રાન્ટ મળે છે. તેમાં કેટલા ટકા નાણાંનો ઉપયોગ થતો હશે? રાજ્યમાં ચિલ્ડ્રન યુનિ. સ્પોર્ટસ, સહિતની યુનિવર્સિટીઓમાં સરકાર દ્વારા ૫ કરોડથી લઈને ૧૫ કરોડ સુધીની ગ્રાન્ટ ફાળવવામાં આવે છે. પરંતુ તે યુનિવર્સિટીઓમા કેટલા વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે, કે પછી ગ્રાન્ટ વાપરવા માટે જ યુનિવર્સિટીઓ ચાલે છે.તે બાબતે સરકારે ઉચ્ચ સ્તરે તપાસ ચલાવવી જરૂરી છે. સરકારના નાણાં ગમે ત્યાં વપરાય અને તેનો જરૂરિયાત મુજબનો ઉપયોગ ન થાય તે ચલાવી લેવાય નહિં.

દરમ્યાન દર વર્ષે યુનિવર્સિટીઓને અપાતી ગ્રાન્ટમાં વધારો થતો જ રહેતો હોય છે. પરંતુ વાસ્તવિકતા એ છે કે, અને કહેવાય છે કે રાજ્યમાં અડધો ડઝન યુનિવર્સિટીઓ દ્વારા જેટલી ગ્રાન્ટ મેળવવામાં આવે છે. તેની સામે વિદ્યાર્થીઓની સંખ્યા આંગળીના વેઢે ગણાય એટલી જ હોય છે? આમ લાખોનો ખર્ચ થતો હોવા છતાં રાજ્યમાં યુનિવર્સિટીની રચનાનો કોઈ હેતુ સરી શકયો નથી.

રાજ્યની યુનિવર્સિટીઓને સરકાર દ્વારા સીધી ગ્રાન્ટ આપવામાં આવતી હોય છે અને દર વર્ષે સરકાર દ્વારા બજેટમાં ખાસ જોગવાઈ કરવામાં આવે છે. હકીકતમાં તમામ યુનિવર્સિટીઓએ પોતાની સંસ્થામાં કેટલા વિદ્યાર્થીઓ- વિદ્યાર્થીનીઓ અભ્યાસ કરે છે. તેનો પુરાવો આપવો જોઈએ. જેથી સરકારને પણ ખ્યાલ આવે કે અમુક યુનિવર્સિટીમાં વિદ્યાર્થીઓની આટલી સંખ્યા છે. કોઈપણ યુનિવર્સિટીમાં વિદ્યાર્થીઓની સંખ્યા સામાન્ય હોય અને લાખોની ગ્રાન્ટ લેતી હોય તો એ નાણાં કઈ રીતે વગે થતાં હશે?

શાળા- કોલેજ અને યુનિવર્સિટીઓના વિકાસ માટે અને તેના સંચાલન માટે નાણાં જોઈએ જ એ બરાબર છે. પરંતુ એ નાણાં કયાં કેટલા વપરાય છે. તે બાબતે યુનિવર્સિટીઓએ ખર્ચનો અહેવાલ સરકારમાં રજુ કરવો જોઈએ. તેવું શિક્ષણવિદોનું માનવું છે. મહત્વની વાત એ છે કે જે હેતુ માટે યુનિવર્સિટીઓ શરૂ કરવામાં આવી છે. તે પુરો થયો જ નથી?

કઈ યુનિવર્સિટી કયા હેતુથી ચાલે છે તે બાબતે તેની ખુદ સત્તાધિશોને પણ જાણકારી નથી, કરોડોની ગ્રાન્ટો કયા હેતુસર વાપરવામાં આવી હશે તે પણ એક ચર્ચા માગી લે તેવો વિષમ કહી શકાય. આ બાબતે સરકારે સંશોધન કરવાની જરૂર જણાય છે. યુનિવર્સિટીઓમાં પ્રત્યેક વિદ્યાર્થીઓને તમામ પ્રકારની સુવિધા મળવી જોઈએ. તે બાબતે કોઈ વિદ્યાર્થીને મનોમન મનદુઃખ થાય તે પણ ચલાવી લેવાય નહિં.

તાજેતરમાં હાયર એજ્યુકેશન વિભાગ દ્વારા ખરેખર કઈ યુનિવર્સિટીમાં કેવી અને કયા પ્રકારની કામગીરી થઈ છે તેની વિગતો સરકાર દ્વારા માંગવામાં આવતા અનેક યુનિવર્સિટીની પોલ ખુલી પડી હોવાનું પણ બહાર આવેલ છે.

રાજ્યમાં બિસ્માર અને સુવિધા વિનાની અસંખ્ય પ્રાથમિક શાળાઓના મકાન ધરાશાયી થઈ જાય તેવા છે. ગત ચોમાસામાં અસંખ્ય શાળાઓના ઓરડા કે તેની દિવાલો તુટી પડી હતી. ત્યારે ગરીબ અને સામાન્ય વર્ગના વિદ્યાર્થીઓ કેવી રીતે અભ્યાસ કરે છે. તે તો સરકાર જાત નિરીક્ષણ કરે તો ખ્યાલ આવી શકશે! સરકારી ગ્રાન્ટના નાણાં ગમે ત્યાં વેડફાવા જોઈએ નહિં!

નાણાકીય કટોકટીનો સામનો કરવા માટેનો નવો ડિજિટલ ઉકેલ

ભારતના સૌથી મોટા ક્રાઉડફંડિંગ પ્લેટફોર્મ Milaap.rog લોકોને તેમની વ્યક્તિગત જરૂરિયાતો તથા દેશમાં સામાજીક કાર્યો માટે ભંડોળ એકત્ર કરવામાં મદદ કરે છે. માત્ર ૭ વર્ષ જૂની કંપનીએ મિત્રો અને પરિવારજનોને તેમના નજીકના વ્યક્તિઓના મેડિકલ તથા અન્ય આકસ્મિક ખર્ચાને પહોંચી વળવા માટે રૂ. ૨૫૦ કરોડથી વધુનું ભંડોળ એકત્ર કરવામાં મદદ કરી છે. આ ઉપરાંત વધુ સંખ્યામાં લોકો શિક્ષણ, પાડોશી અને સમુદાયો માટે, રમત-ગમત માટે, ગ્રામિણ વિકાસ, કલા તથા પશુ બચાવ પ્રોજેક્ટ્સ માટે પણ ભંડોળ એકત્ર કરી રહ્યાં છે. વિશેષ પ્રકારની કામગીરી માટે ખાસ કરીને ઈન્ટરનેટના માધ્યમથી મોટી સંખ્યામાં લોકો (મિત્રો અને પરિવારજનો) પાસેથી નાની રકમ એકત્ર કરવાની કામગીરીને ક્રાઉડફંડિંગ તરીકે ઓળખવામાં આવે છે. ઓનલાઈન ક્રાઉડફંડિંગના આગમનથી વિકાસશીલ ભારતને એક નવો કોન્સેપ્ટ મળ્યો છે. મહત્વપૂર્ણ છે કે બેંગ્લોર સ્થિત સંસ્થાએ ઉમદા કામગીરી માટે ગુજરાતમાંથી ભંડોળ ઉભું કરવાની તથા ડોનેશનમાં નોંધપાત્ર વૃદ્ધિ નોંધી છે. છેલ્લાં બે વર્ષમાં ગુજરાતમાંથી ભંડોળ એકત્ર કરવાની અપીલની સંખ્યામાં સતત વધારો નોંધાયો છે. વર્ષ ૨૦૧૫માં ગુજરાતમાં ૫૦થી ઓછા ફંડરેઈઝર્સ સેટ-અપ હતાં અને બે વર્ષના સમયગાળામાં હવે આ સંખ્યામાં ૧૦ ગણો વધારો થયો છે. મુખ્યત્વે અમદાવાદ, વડોદરા, સૂરત અને જામનગર જેવા પ્રદેશોમાં લોકો દ્વારા ડિજિટલ માધ્યમથી ભંડોળ એકત્ર કરવાની પ્રવૃત્તિમાં વધારો થયો છે. ઉમદા કામગીરીઓમાં મેડિકલ અને આકસ્મિક ખર્ચનું પ્રમાણ વધુ છે. જ્યારે કે બીજી મુખ્ય કેટેગરીઓમાં શિક્ષણ, મહિલા અને બાળક તથા સમુદાય સંબંધિત પ્રવૃત્તિ વગેરેનો સમાવેશ થાય છે.

ગુજરાતના કુલ ફંડરેઈઝર્સમાં અમદાવાદના ફંડરેઈઝર્સનો હિસ્સો લગભગ ૫૦ ટકા જેટલો છે. આ બાબતને લક્ષ્યમાં રાખીને સંસ્થાએ અમદાવાદની કેટલીક હોસ્પિટલ્સ સાથે વર્કિંગ રિલેશન્સ સ્થાપ્યાં છે.

આત્મચિંતન

આપણી અતૃપ્તિ અને અસંતોષનું કારણ

વિવેકશીલ વ્યક્તિએ પોતાની આવશ્યકતાઓ પર કડક નિયંત્રણ રાખવું જોઈએ. આવશ્યકતાઓને મર્યાદાની અંદર બાંધવા માટે એક વિશેષ શક્તિ, મનોવિગ્રહની જરૂર છે.

એક વિચારકનું કથન છે કે, "જે મનુષ્ય મહત્તમ સંતોષ અને સુખ મેળવવા ઈચ્છે છે, તેને પોતાના મન અને ઈન્દ્રિયોને વશમાં કરવું અત્યંત જરૂરી છે. જો આપણે પોતાને તૃષ્ણા અને વાસનામાં વહેવા દઈશું તો આપણા અસંતોષની સીમા રહેશે નહિ."

અનેક પ્રલોભનો તેજીથી આપણને પોતાના વશમાં કરી લે છે. આપણે પોતાની સ્થિતિને ભૂલીને તેને વશીભૂત થઈ જઈએ છીએ. પછી રોવા કકળવા લાગીએ છીએ. જીભના આનંદ, મનોરંજન, આમોદ-પ્રમોદની મજા આપણને તેના વશમાં રાખે છે. આપણે ટીવીમાં જાહેરાતો દેખીને મનને પોતાના હાથથી ખોઈ બેસીએ છીએ અને ભલે દિવસભર ભૂખ્યા રહીએ પણ ગમે તેવા ખર્ચા કરી નાંખતા હોઈએ છીએ. આ બધામાં આપણે મનોનિગ્રહની અત્યંત આવશ્યકતા છે.

મન પર સંયમ રાખીએ વાસનાઓને નિયંત્રણમાં બાંધી લઈએ, પોકેટમાં બિનજરૂરી પૈસા ન રાખીએ. આપ દેખશો કે તમે ઈન્દ્રિયોને વશમાં રાખી શકશો.

આર્થિક દ્રષ્ટિથી મનોનિગ્રહ અને સંયમનું મૂલ્ય લાખ રૂપિયાથી વધારે છે, જે મનુષ્ય પોતાનો સ્વામી છે અને ઈન્દ્રિયોને પોતાની ઈચ્છાનુસાર ચલાવે છે, વાસનાની આગળ હારતો નથી, તે હંમેશા સુખી રહે છે.

- ગાયત્રી શક્તિપીઠ,ડીસા

'રખેવાળ' ના આ પાના ઉપર પ્રસિધ્ધ થતી વિગતો અને લેખો જે તે લેખકના વ્યકિતગત મૌલિક વિચારો ઉપર આધારીત હોય છે. તેની સાથે તંત્રી-સંપાદક સહમત નથી. જે તે વિગતો અને લેખોની સંપૂર્ણ જવાબદારી લેખકોની જ રહેશે.

જૂઓ ફિલ્મ "મુબારકા"નું વર્લ્ડ ટેલીવિઝન પ્રિમિયર ૨૩ ડિસે. રાત્રે ૮-૦૦ કલાકે, ફક્ત સોની મેક્સ પર

સોની પિક્ચર્સ નેટવર્ક્સની હિંદી ફિલ્મોની પ્રનુખ ચેનલ સોની મેક્સ ક્રિસમસનો આનંદ બમણો કરવા માટે પોતાના દર્શકોને ૨૦૧૭ની રોમાંટિક કોમેડી "મુબારકા" થી ખુશ કરવા જઈ રહ્યું છે. કોમેડીના કિંગ તરીકે જાણકાર, અનીસ બઝ્મી દ્વારા ડાયરેક્ટ કરવામાં આવેલ આ ફિલ્મ ૨૩ ડિસેમ્બરના રોજ રાત્રે ૮-૦૦ કલાકે દર્શાવવામાં આવશે. આ ફિલ્મની કહાની બે ભાઈઓ- કરણ અને ચરણના ચક્કરદાર લગ્નથી જોડાયેલ છે, ઘણા મોટા સિતારાઓવાળી આ ફિલ્મમાં કાકા અનિલ કપૂર અને ભત્રીજો અર્જુન કપૂર પ્રથમ વાર એક સાથે જોવા મળ્યા. કરણ અને ચરણ જુડવા ભાઈ છે. આ ડબલ રોલ અર્જુન કપૂરે નિભાવ્યો છે. આ બન્ને જુડવા ભાઈઓની પર્સનાલિટી એક બીજીથી એકદમ અલગ છે. કરણ લંડનમાં ભણેલ-ગણેલ છે અને ચરણ પંજાબમાં. કરણને સ્વીટી (ઈલિયાના ડિક્રુઝ) સાથે પ્રેમ છે. ચરણને નફીસા (નેહા શર્મા) સાથે પ્રેમ છે. કરણના પરિવાર વાળા તેના લગ્ન લંડનના સૌથી અમિર પરિવારો માંથી એક ની દીકરી બિંકલ (અથિયા શેટ્ટી)ની સાથે નક્કી કરી દે છે. જલ્દી જ સમસ્યા શરૂથી જાય છે, કારણકે કરણ પોતાના પરિવારવાળાને આ સંબંધ ચરણ સાથે કરવા માટે મનાવી લે છે. આમ થવાથી ચરણ સિવાયના બંને પરિવારો ખુશ છે, કારણકે ચરણ તો નફીસા સાથે લગ્ન કરવા માંગે છે. "મુબારકા અનિલ બઝ્મી દ્વારા બનાવવામાં આવેલ સૌથી ફાસ્ટ ફિલ્મ છે. અમે લંડનમાં આ ફિલ્મ નું શૂટિંગ ૬ મહિનામાં પૂર્ણ કરી દીધું હતું અને ફિલ્મ રિલિઝ માટે તૈયાર થઈ ગઈ.આ ફિલ્મ માં મારું કેરેક્ટર એક બેચલર અંકલ કરતાર સિંહનું છે, જેને પરિવારમાં બધાનો પ્રેમ પ્રાપ્ત થયેલ છે, નાના- મોટા સૌ ખૂબ ચાહે છે. આ ખૂબ વિચારેલ અને સમજીને સુંદર રીતે લખેલ કેરેક્ટર છે, જે મેં પહેલા ક્યારેય પણ નિભાવ્યું નથી.

મેક્સ ફેશન દ્વારા ગુજરાતમાં વાઉ ફેમિલી કેમ્પેનના વિજેતાઓની ઘાષેણા

ભારતના વિશાળ ફેમિલી ફેશન ડેસ્ટિનેશન, મેક્સ ફેશનના ત્રણ મહિનાના વાઉ ફેમિલી કેમ્પેનનું સમાપન આજે થયું હતું. આ કેમ્પેન'ફરવાની મજા' વાઉ ફેમિલી સ્લોગન કોન્ટેસ્ટ અંતર્ગત હતું જેમાં ટોપ ૧૦૦ સ્લોગન્સ કુલ ૧૬૨૧૧ એન્ટ્રીઝમાંથી શોર્ટલિસ્ટ કરાયાહતા. રેડિયો મિર્ચીના આરજે ક્ષિતિજે મેક્સ ફેશનની ઈન્ટરનેશનલ ટ્રીપ જો તેઓ જીતે તો તેમની લાગણીઓની અભિવ્યક્તિના આધારેવિજેતાની પસંદગી કરી હતી. જેમાં વડોદરાના નિરવ કુમાર મોદી સિંગાપોરની ફૂલી પેઈડ ઈન્ટરનેશનલ ટ્રીપ જીત્યા હતા.આ ત્રણ મહિનાના કેમ્પેનમારહેલી ઓફર્સ ગુજરાતના અમારા પરિવારો માટે લાગુ કરાઈ હતી અને અમને ગત વર્ષ કરતાં પણ વધુ એન્ટ્રીઝ મળી છે. હું સ્લોગન કોન્ટેસ્ટના વિજેતાને તથા અન્ય તમામ વિજેતાઓને અભિનંદન. અમને આશા છે કે અમે આ ઓટમ-વિન્ટરને તમામ વિજેતાઓ અને સામેલ થનારા લોકો માટે યાદગાર બની રહેશે. મેક્સ દ્વારા વાઉ ફેમિલી 'ફરવાની મજા' કેમ્પેન વખતે કેટલીક ઓફર્સ શરૂ કરાઈ હતી.

બ્રિટિશ કાઉન્સિલએ રિલાયન્સના જીયોચેટ પર 'ફ્રી' ઈંગલિશ લર્નિંગ પ્લેટફોર્મ રજુ કર્યુ

વિશ્વમાં અંગ્રેજી ભાષા શીખવવામાં અગ્રેસર નિષ્ણાંત બ્રિટિશ કાઉન્સિલ એ રિલાયન્સ ગ્રુપના જીયોના ઈન્સ્ટન્ટ મેસેજીંગ ચેટ 'જીયોચેટ' પર તેની અનોખી લર્ન ઈંગલિશ ચેનલ લોન્ચ કરી છે, જે નિઃશુલ્ક છે. તેમાં અંગ્રેજી ભાષા શીખવા માટેના ઉચ્ચ ગુણવત્તાવાળા રિસોર્સીસ (સંસાધન) ટેકસ્ટ, વીડિયો અને ઓડિયોમાં ઉપલબ્ધ છે. મોટી સંખ્યામાં જીયોના ગ્રાહકો જીયો ચેટ એપ ડાઉનલોડ કરી લોકો તેનો લાભ મેળવી શકે છે. બ્રિટિશ કાઉન્સિલના ઉચ્ચ સ્તરીય ઓફરિંગ ઈંગલિશ કલબની વીડિયો સ્ટોરીસ પણ જીયોચેટના યુઝર્સને જીયો એકસપ્લોર સેકસનમાં ઉપલબ્ધ થશે. . આજે ભારતીયો તેમના સ્માર્ટફો પર ખુબ સમય પસાર કરે છે તેથી અમે ઈચ્છીએ છે કે તેઓ ૨૪ કલાક ઉપલબ્ધ લર્ન ઈંગલિશ પ્લેટફોર્મનો લાભ લે. જીયોના ગ્રાહકોને તેમના સ્માર્ટફોન પર અંગ્રેજી શીખવા અને વ્યક્તિત્વ વિકાસની સંભાવનાઓ પ્રદાન કરતા અમે ખૂબ ઉત્સાહિત છીએ.' લર્ન ઈંગલિશ બ્રિટિશ કાઉન્સિલનું એજ્યુકેશન રિર્સાસ (શિક્ષણ સંસાધન) છે જે અંગ્રેજી શીખવા ઈચ્છુંક લોકો માટે ખૂબ સહાયક છે. તેમાં અંગ્રેજીમાં વાતચીત શીખવા પર વધારે મહત્વ આપવામાં આવ્યું છે. નવી ચેનલના ગ્રાહકો માટે લર્નઈંગલિશની ઓડિયો અને વીડિયો મટીરિયલ સુલભ થશે અને જેનું નિર્માણ તેમની ફ્લૂએન્સી અને ઉચ્ચારણમાં સુધાર લાવવાના હેતુ માટે કરવામાં આવેલ છે. તેના દ્વારા તેમનું શબ્દ જ્ઞાન અને વ્યાકરણ સારૂ થશે. સાથે જ દૈનિક કામ-કાજ અને વ્યક્તિગત જીવનની વિભિન્ન પરિસ્થિતીયોમાં ઉપયોગી અંગ્રેજીનાં જ્ઞાનમાં સુધાર થશે. અંગ્રેજી શીખવાનું આ પ્લેટફોર્મ ગતિશીલ અને ઈન્ટરએકટિવ છે. યુઝર આ ચેનલને તેમના મેસેજ મોકલી શકે છે જેનો જવાબ તુરત આપવામાં આવશે.

સિનેપોલિસે વંચિત સમૂહોના બાળકો માટે સ્પેશ્યલ સ્ક્રીનિંગ 'લેટ્સ ઑલ ગો ટૂ સિનેપોલિસ'

ભારતની પહેલી ઈન્ટરનેશનલ અને દુનિયાના બીજા સૌથી મોટા મૂવી થિએટર સર્કિટ સિનેપોલિસે રાઉન્ડ ટેબલ ઈન્ડિયા સાથે ભાગીદારીમાં આ વર્ષે એક સીએસઆર પહેલ 'લેટ્સ ઑલ ગો ટૂ સિનેપોલિસ' રજૂ કર્યુ, આ અભિયાન ભારતના ૧૫ શહેરો સુધી પહોંચશે. સિનેપોલિસ દેશભરના બાળકોને ગુણવતતસભર શિક્ષણ આપવા ચાહે છે અને આને ધ્યાનમાં રાખતા શિક્ષણ ક્ષેત્રે કામ કરતા નોન પ્રોફિટેબલ સંગઠન રાઉન્ડ ટેબલ ઈન્ડિયાની સાથે ભાગીદારી કરી છે. ફિલ્મોના માધ્યમથી બાળકોના શિક્ષણમાં ઉપસ્થઈત અંતરાળને દૂર કરવા માટે પ્રતિબદ્ધ સિનેપોલિસ વંચિત સમૂહોના બાળકો માટે એક પ્રેરક ફિલ્મ 'સિક્રેટ સુપરસ્ટાર' રજૂ કરશે. આ ફિલ્મ શિક્ષણ અને મહિલા સશક્તિકરણનો સંદેશ આપશે. આ નાનકડી પહેલ ન માત્ર બાળકો માટે તેમજ સિનેપોલિસના પરિવાર માટે પણ ખુશીઓનો એક ખાસ દિવસ લઈને આવશે. એક જવાબદાર સંગઠન હોવાના નાતે, અમે સમાજ પ્રતિ વચનબદ્ધ છીએ અને અમારા દર્શકોને સિનેમા નિહાળવાનો શ્રેષ્ઠ અનુભવ આપવા ચાહીએ છીએ.` આ નેક કામ માટે અમને સિનેપોલિસ સાથે જોડવાની તક મળી. અમારી આ પહેલ દેશના બાળકોને સશક્ત બનાવવામાં મહત્વપૂર્ણ ભૂમિકા નિભાવશે જે અમારા દેશનું ભવિષ્ય છે.

હ્યુન્ડાઈ નેક્સ્ટ ઝેન વર્ના એ પ્રતિશિષ્ઠ 'ઈન્ડીયન કાર ઓફ ધ ઈયર ૨૦૧૮નો એવોર્ડ' જીત્યો

ફોટો : શાંતી શાહ

દેશની દ્વિતિત ક્રમાંક સૌથી મોટી કાર નિર્માતા કંપની અને કારની સૌથી મોટી નિકાસકાર હ્યુન્ડાઈ મોટર ઈંડિયા લિમિટેડ (એચએમઆઈએલ) ની નેક્સ્ટ ઝેન વર્ના એ સર્વાધિક પ્રતિશિષ્ઠ ઈન્ડીયન કાર ઓફ ધ ઈયર ૨૦૧૮ (આઈસીઓટીવાય) એવોર્ડ મેળવ્યો છે. ભારતની સૌથી પસંદગીની અને વિશ્વાસપાત્ર કારના નિર્માતા હ્યુન્ડાઈ મોટર ઈન્ડીયાએ તેની કાર વર્ના, ક્રેટા, ઈલાઈટ આઈ૨૦, ગ્રાન્ડ આઈ૧૦ અને આઈ૧૦ માટે અનુક્રમે ૨૦૧૮, ૨૦૧૬, ૨૦૧૫, ૨૦૧૪ અને ૨૦૦૫માં ૫ આઈસીઓટીવાઈ એવોર્ડ મેળવ્યા છે. રિફાઈનમેન્ટના સર્વોચ્ચ સ્તર સાથે શ્રેષ્ઠ એન્જીનિયરિંગ અને પરફેક્શન સાથે ૫ મા જનરેશનની નેક્સ્ટ ઝેન વર્ના સુપીરિયર સેડાનનું યોગ્ય અને સાચુ ઉદાહરણ છે. ઓગસ્ટ ૨૦૧૭માં લોન્ચ કરવામાં આવેલ નેક્સ્ટ ઝેન વર્ના ભારતીય બજારમાં ટ્રેન્ડસેટર બની ચૂકી છે અને વિશ્વભરમાં હ્યુન્ડાઈ સફળતાની ગાથામાં તેને નવો અધ્યાય ઉમેર્યો છે. ૫ મો આઈસીઓટીવાઈ એવોર્ડ જીતવો એ હ્યુન્ડાઈ બ્રાન્ડમાં ગ્રાહકોનો ભરોસો અને વિશ્વાસ દર્શાવે છે. નેકસ્ટ ઝેન વર્નાને ઈન્ડીયન કાર ઓફ ધ ઈયર એવોર્ડ અને હ્યુન્ડાઈને સર્વાધિક પસંદગીની અને ભરોસાપાત્ર કાર નિર્માતા બનાવવા માટે અમે અમારા બધા ગ્રાહકો, સહયોગીઓ, મીડિયા અને નિર્ણાયકોનો આભાર માનીએ છીએ છે.'

હ્યુન્ડાઈ નવી પેઢીની બ્રાન્ડ છે અને મોર્ડન પ્રીમિયમ બ્રાન્ડની દિશામાં નેક્સ્ટ ઝેન વર્ના એ સેડાન સેગમેન્ટને પુનઃવ્યાખ્યાયિત કર્યો છે. ભારતમાં નેક્સ્ટ ઝેન વર્નાની ૨૬૦૦૦ કરતા વધારે બુકિંગ થઈ છે અને ૨,૦૦,૦૦ કરતા વધારે લોકો તેનામાં રસ લઈને માહિતી મેળવી છે. વૈશ્વિક બજારમાંથી ૧૦,૫૦૦ કારનો ઓર્ડર મળ્યો છે.

અમદાવાદ સુધીની એવોર્ડ વિજેતા સર્વિસનાં ૧૦ વર્ષ ઉજવતી કતાર એરવેઝ

અમદાવાદ

કતાર સ્ટેટની નેશનલ કેરિયર કતાર એરવેઝ દોહાથી ગુજરાતના ફાયનાન્સિયલ સીટી અમદાવાદ સુધીની સીધી ફ્લાઈટ શરૂ કર્યાની ૧૦મી વર્ષગાંઠ પ્રસંગે કોર્પોરેટ અને ટ્રેડ પાર્ટનર્સ અને કતાર એરવેઝના પ્રિવિલેજ ક્લબ મેમ્બર્સ સાથે ડીનરનું આયોજન કરીને ઉજવણી કરી રહી છે.

આ એવોર્ડ વિજેતા એરલાઈને અમદાવાદના સરદાર પટેલ ઈન્ટરનેશનલ એરપોર્ટ પરથી વર્ષ ૨૦૦૭માં ફ્લાઈટ શરૂ કરી હતી.અમદાવાદ તેના આકર્ષક પૌરાણિક ખજાના અને આધુનિક સ્થળો તથા રંગીન બજારો, સ્થાપત્ય અને સાંસ્કૃતિક કેન્દ્રોને કારણે જાણીતું છે.કતાર એરવેઝ હાલમાં ભારતના ૧૩ સ્થળોએ ઉડાન ભરે છે, જેમાં નવી દિલ્હી, મુંબઈ, ચેન્નાઈ, કોલકતા, અમૃતસર, અહેમદનગર, નાગપુર, બેંગ્લોર, હૈદ્રાબાદ, ગોવા, ત્રિવેન્દ્રમ, કોચી અને કોઝીકોડનો સમાવેશ થાય છે.કતાર એરવેઝપ્રવાસીઓને એવોર્ડ વિજેતા ૫-સ્ટાર સર્વિસનો ઓનબોર્ડ અનુભવ અને ૬ ખંડના ૧૫૦ થી વધુ સ્થળોએ ઉત્તમ કનેક્ટીવિટી પૂરી પાડે છે.

બાબા રામદેવ સુપર ડાન્સર શગુનસિંહની ખુશામ કરવા માટે ગુજરાતી બોલે છે

બાબા રામદેવએ બાળકોના ડાન્સ રિયાલિટી શોના સુપર ડાન્સર પ્રકરણ ૨ પર ખાસ દેખાવ કર્યો હતો. તે માત્ર તમામ પ્રતિભાશાળી બાળકોની જાદુઈ પરફોર્મન્સથી પ્રભાવિત ન થયા હતા, પણ દરેકને તેમના ગુણો અને પ્રોત્સાહનદાયી શબ્દોથી પ્રભાવિત કર્યા હતા. આવી એક પ્રોત્સાહક ટિપ્પણી, સર્વોચ્ચ પ્રતિભાશાળી શગુનસિંહને સંબોધવામાં આવી હતી, જેમણે બાબા રામદેવનું માવેરિક ડાન્સ મુવ્સ સાથે ધ્યાન ખેંચ્યું હતું.શગૂન સિંઘે કાઇ પો છે! ગીત પરફોર્મ કર્યું હતું! અને ગુજરાતને રજૂ કર્યું. આગામી એપિસોડમાં કલર્સ ઓફ ઈન્ડિયાને રજૂ કરે છે, શગુનનું પ્રભાવશાળી ડાન્સ કાઇ પો છે ગીતથી ગુજરાતનું ચિત્રણ બાબા રામદેવને એટલું બધું પ્રભાવિત કરે છે કે તેમણે ગુજરાતીમાં તેણીને પ્રશંસા કરી. સેટ પરના લોકોએ તેમને ગુજરાતીમાં બોલવાની અપેક્ષા ન હતી પરંતુ ભાષામાં તેમની વાકપટુતાથી દરેકનું ધ્યાન ખેંચ્યું હતું.શગુન માટે પણ તે એક મોટી ક્ષણ હતી, કારણ કે બાબા રામદેવએ તેની પરફોર્મન્સ માટે ગુજરાતીમાં તેની પરફોર્મન્સની પ્રશંસા કરી હતી. શગુનએ દરેક વખતે તેની પ્રતિભાને પ્રભાવિત કર્યા છે અને આ વખતે પણ તેણે યોગ ગુરુ બાબા રામદેવ પાસેથી પ્રશંસા મેળવવા માટેની તક ચૂકી ન હતી. સુપર ડાન્સર પ્રકરણ ૨ દર શનિવાર અને રવિવારે રાત્રે ૮ વાગે સોની એન્ટરટેઈનમેન્ટ ટેલિવિઝન પર પ્રસારિત થાય છે.

ઉજ્જીવન સ્મોલ ફાઈનાન્સ બેન્ક દ્વારા ઉજ્જીવન સિનિયર સિટીઝન અકાઉન્ટ લોન્ચ કરાયું

ઉજ્જીવન ફાઈનાન્શિયલ સર્વિસીસ લિ.ની સંપૂર્ણ માલિકીની સબસિડિયરી ઉજ્જીવન સ્મોલ ફાઈનાન્સ બેન્ક લિમિટેડે આજે તેની અજોડ અને કસ્ટમાઈઝ્ડ સિનિયર સિટીઝન પ્રોડક્ટના રાષ્ટ્રીય લોન્ચની જાહેરાત કરી હતી, જેમાં મુંબઈ, દિલ્હી, બેન્ગલોર, પુણે, કોલકતા, મૈસુર, પોંડિચેરી, કોચી, હરિદ્વાર, અમદાવાદ અને બરોડાનો સમાવેશ થાય છે. 'ઉજ્જીવન સિનિયર સિટીઝન' અકાઉન્ટ જ્યેષ્ઠ નાગરિકો માટે અજોડ વિશિષ્ટતાઓ ધરાવે છે, જેમાં ઘેરબેઠાં બેન્ક વ્યવહાર, અગ્રતાની સેવાઓ, અંગત સહાય અને આસાન બેન્કિંગ અનુભવ કરાવવાનો સમાવેશ થાય છે.

જ્યેષ્ઠ નાગરિકો સેવિંગ્સ અકાઉન્ટ અને ફિક્સ્ડ ડિપોઝિટ ખોલાવવા માટે ઘેરબેઠાં બેન્કિંગ સેવા હવે અપનાવી શકે છે. જ્યેષ્ઠ નાગરિક જો શાખામાં જાય તો તેમને લાઈનમાં ઊભા રહીને લાંબા સમય સુધી વાટ જોવાની પણ જરૂર નથી. ઉજ્જીવન એસએફબી તેમને તાત્કાલિક કન્સલ્ટેશન અને અંગત સહાય દરેક સમયે આપશે.

જ્યેષ્ઠ નાગરિકોને વિવિધ લાંબી બેન્કની પ્રક્રિયાઓ હેઠળ પસાર થવું નહી પડે તે ધ્યાનમાં લેતાં ઉજ્જીવને આ પ્રોડક્ટમાં વિશેષ લાઈફ ઈવેન્ટ્સ મોડ્યુલ તૈયાર કર્યું છે, જે તેમને માઈગ્રેશન, બીમારી, પરિવારના સભ્યનું નિધન વગેરે જેવી જીવનને પ્રભાવિત કરતી સ્થિતિઓને સાચવી લેવામાં મદદ કરે છે. આવી સ્થિતિમાં ઉજ્જીવન એસએફબી લઘુતમ કાગળિયાં અને ઝંઝટમુક્ત બેન્કિંગ અનુભવ માટે તેમને સહાય કરવા સમર્પિત સ્ટાફ સાથે ગ્રાહકોને મદદરૂપ થાય છે અને માર્ગદર્શન આપે છે. આ પ્રોડક્ટને સ્પર્ધાત્મક બનાવવા માટે ઉજ્જીવન સિનિયર સિટીઝન અકાઉન્ટ ૧-૨ વર્ષ માટે રૂ. ૧ કરોડથી ઓછી ફિક્સ્ડ ડિપોઝિટ્સ પર વાર્ષિક ૮.૫ ટકાનો આકર્ષક વ્યાજ દર પણ આપે છે. ઉદ્યોગમાં હાલ અપાત સૌથી આકર્ષક અને સ્પર્ધાત્મક વ્યાજ દરમાંથી આ એક છે."ઉજ્જીવન એસએફબીએ ગ્રાહકલક્ષી સંશોધન હાથ ધર્યું હતું અને આ ચોક્કસ વર્ગની મુખ્ય આવશ્યકતાઓ શું છે તે સમજવા માટે પાઈલટ પ્રોગ્રામ ચલાવ્યો હતો.

ઉબરે ગુજરાતની ચીફ ઈલેક્ટોરલ ઓફિસ સાથે મતદારોની જાગૃતતા વધારવા માટે હાથ મીલાવ્યા

અમદાવાદ

ઉબેર, વિશ્વની સૌથી મોટી ઓન ડિમાન્ડ રાઇડ શેરીંગ કંપનીએ ગુજરાતનાં ચીફ ઈલેક્ટોરલ ઓફસ સાથે મતદારોમાં જાગૃતતા લાવવમાં મદદ કરવા માટે ભાગીદારી કરી છે. એસવીઇઇપી ખાતા સાથેનાં જોડાણથી, સહયારા પ્રયાસનો અમદાવાદ, સુરત, અને વડોદરામાં ચુંટણીનાં દિવસે લાયક મતદારોને પ્રોત્સાહીત કરવાનો હેતું છે. પોલિંગ સ્ટેશનોમાં વીવીએપીએટી સાથે જોડાયેલ ઈવીએમની હાજરી અને નોટાનાં વકલ્પો અંગે મતદારોને સંવેદનશીલ કરવા માટે ઉપોયગમાં લેવામાં આવેલ ઇનએપ નોટીફીકેશન થી બ્લોગ સુધી કોમ્યુનિકેશને ચેનલોની સીરીઝમાં ઈલેક્ટોરલ પ્રક્રિયામાં સહભાગી કરવા માટે આ શહેરોમાં હજારો ઉબેર રાઇડરો અને ડ્રાઇવર ભાગીદારોને અરજી કરવામાં આવી છે. એસવીઇઇપીનાં મતદાર માર્ગદર્શન દ્વારા મતદાર રજીસ્ટ્રેશન માહીતી ઈમેઇલ અને નોટીફીકેશનો દ્વારા રાઇડરો માટે અને ડ્રાઇવર ભાગીદારો માટે સહાય કેન્દ્રો એ ઉપલબ્ધ છે..વધુમાં રાઇડરો અને ડ્રાઇવર ભાગીદારોને તેમને મતદાનનાં રજીસ્ટ્રેશન અને ચુંટણીનાં દિવસે ક્યા જવું, તેમનાં ફીંગરટીપ, ઉબેરની સલામતી, સસ્તી, વિશ્વસનીય પિરવહન ઉકેલ તેમને માહીતી આપીને મતદારોને તેમનાં મતદાન મથકે બટન દબાવા લઇ જશે. રૂ. ૨૯માં ૫ કીમી. સુધીની પુલરાઇડનાં ભાડામાં વલથરો ચાલુ છે જે મતદારો માટે મતદાર મથકે જવાનો ઉબેરનો સાનુકુળ અને સસ્તો મુસાફરી વિકલ્પ છે.

સાઉથના સુપરસ્ટાર નાગા ચૈતન્ય એ પોતાના અંદાજને અનુરુપ પ્લેટીનમ જ્વેલરી પસંદ કરી

સાઉથ ઈન્ડિયાના લોકપ્રિય સુપરસ્ટાર નાગા ચૈતન્ય એ જોયલુક્કાસ સ્ટોર હૈદ્રાબાદ ખાતે પ્લેટીનમ મેન'સ જ્વેલરી ની યુનિક શ્રેણીની રજુઆત કરી.આ શ્રેણી બોલ્ડ મિનીમાલિઝમના ઈન્ટરનેશનલ ટ્રેન્ડથી પ્રેરીત છે. નાગા ચૈતન્ય એ આ નવા કલેકશનમાંથી પોતાના માટે પ્લેટીનમ બ્રેસલેટ અને ચેઈનની પસંદગી કરી.આ પ્રસંગે તેમની સાથે જોય લુક્કાસ - ઈન્ડિયન ઓપરશન્સ, ના મેનેજર -રિટેઇલ શ્રી રાજેશ ક્રિશ્નન તથા રાજેશ રાજેન્દ્રન , ડાયરેકટર ટ્રેડ માર્કેટીંગ એન્ડ ડેવલોપમેન્ટ , ઈન્ડિયા , પ્લેટીનમ ગીલ્ડ ઈન્ટરનેશનલ પણ ઉપસ્થિત હતા. પ્લેટીનમ વિશે જાણવુ એટલે પ્લેટીનમને પ્રેમ કરવો. મને એ વાત ગમે છે કે પ્લેટીનમ ખુબ જ જુજ મુલ્યવાન મેટલ છે જે એને ખાસ બનાવે છે. . પ્લેટીનમ જ્વેલરી એ યુવા ગ્રાહકોમાં ખુબ ચાહના મેળવી છે કે જેઓ ઈન્ટરનેશનલ ટ્રેન્ડથી વાકેફ હોય છે અને જ્વેલરીમાં તેમને મોર્ડન સ્ટાઈલ જોઈએ છીએ. નાગા ચૈતન્ય એ પોતાના વ્યકતિત્વના ભાગ રુપે પ્લેટીનમ ને ધારણ કર્યુ.પુરુષો માટેની પ્લેટીનમ જ્વેલરી ખાસ અને ઝડપથી વિકસતુ સેગમેન્ટ છે. જયારે મુલ્યવાન જ્વેલરીની વાત આવે ત્યારે જુજ અને મુલ્યવાન પ્લેટીનમ પહેરવા માટેખાસ અનુભુતિ આપે છે.

મિયા માઈકલ્સઃ "અલ્ફોન્સ, તું મારી નજરમાં સુપરહિરો છે"

એ કથી વધારે એમી એવોર્ડ વિજેતા આંતરરાષ્ટ્રિય કન્ટેમ્પરરી કોરિયોગ્રાફર ડાન્સ ઈન્ડિયા ડાન્સમાં સ્પર્ધકોની સામે ચેલેન્જર તરીકે જોવા મળ્યા ઝી ટીવીના પ્રસિધ્ધ ડાન્સ રિયાલિટી શો ડાન્સ ઈન્ડિયા ડાન્સે ઈન્ડસ્ટ્રીના ઘણા જાણિતા કોરિયોગ્રાફરને શોમાં મોટા ચેલેન્જર તરીકે આવતા જોયા છે અને તેઓ સ્પર્ધકોને સદર સપ્તાહે કંઇક આકર્ષક પડકાર આપે છે. આ સપ્તાહને અંતે, દર્શકો માટે એક ખાસ બાબત જોવા મળી છે, કારણકે, એક કરતાં વધુ એમી એવોર્ડ વિજેતા, આંતરરાષ્ટ્રિય સ્તરે પ્રસિદ્ધ કન્ટેમ્પરરી કોરિયોગ્રાફર, મિયા માઇકલ

શોમાં જોવા મળશે. તેને સ્પર્ધકોને તેમની સામે ત્રણ મુશ્કેલ હિસ્સા- દેશી, વિદેશી અને કહાની (ભારતીય, આંતરરાષ્ટ્રિય અને વાર્તા)ને તેમના પર્ફોર્મન્સમાં બતાવવા માટે કહ્યું હતું. દરેક સ્પર્ધકોની ક્રિએટીવિટી અને વાર્તા કહેવાની અલગ સ્ટાઈલથી માઈટી અભિભૂત થઈ હતી. મિયાએ ફક્ત તેમને પ્રોત્સાહિત કર્યા એટલું જ નથી

પરંતુ તેના પ્રોત્સાહનની સાથે તેને કેટલીક ટીપ્સ પણ આપી હતી, જે તેમના પર્ફોર્મન્સને આગળના સ્તર પર લઈ જવામાં મદદ કરશે.

આલ્ફોન્સ, મિયાની સામે મરાઠી ગીત 'સૈરાટ ઝાલા જી' પર પાવર-પેક્ડ પર્ફોર્મન્સની સાથે આવ્યો હતો. મિયાએ ફક્ત તેની પ્રતિભાને વખાણી એટલું જ નહીં, પરંતુ તેને એ પણ સ્વિકાર્યું કે, તે અલ્ફોન્સની સાથે એક ઊંડાણપૂર્વકનું જોડાણ અનુભવે છે. કોરીયોગ્રાફરે જણાવ્યું કે, આલ્ફોન્સની જેમ જ, તે પણ બાળપણથી જ થાપા અને પગની ખોડથી પિડાઈ છે. પરંતુ તેને તેના પર્ફોર્મન્સમાં ક્યારેય જોવા નથી દીધું. મિયાએ સ્વિકાર્યું કે, તેણીનો ડાન્સ માટેનો જુસ્સાએ તેને તેનું સપનું પૂરું કરવા માટે ક્યારેય પાછી પાડવા નથી દીધી અને તે તેણીની ઈચ્છા શક્તિ અને સહનશક્તિને આભારી છે.

આવા સુંદર પળોના સાક્ષી બનવા માટે જોતા રહો ડાન્સ ઈન્ડિયા ડાન્સ સિઝન ૬, દર શનિવાર અને રવિવાર રાત્રે ૯ વાગ્યે ફક્ત ઝી ટીવી પર

મધુવન

'એક બાળક બોલતાં શીખી ગયું આજે,
ત્યો હવે નિર્દોષતાને નામે રોવાનું"

હરદ્વાર ગોસ્વામીના આ શિર્ષક શે'રમાં એક જોરદાર ચોટ છે. મજાનું બાળપણ. નિખાલસ ભોળપણ. અને શૈશવની એ મીઠી મજાઓનું મધુરું સ્મરણ. ઘણીવાર એવું લાગે છે કે શાણપણ વધતું જાય છે એમ એમ આપણી અંદર જીવતું બાળક સાવ મરી જાય છે. એવું કહેવાય છે કે ઈશ્વરના દરબારમાં એવા લોકોનું સ્વાગત કરવામાં આવે છે કે જે બાળક જેવા હોય.

'એકદમ ફૂટી પડ્યું ત્યા બાળપણ
માળિયેથી જૂની સિસોટી મળી"

રવીન્દ્રનાથ પારેખના આ શે'રમાં રમકડાં સંતાઈને કેદ થઈને બેઠું હતું એ બાળપણ એકાદ સિસોટી કે જૂનાં રમકડાં મળતાં ફરી એકદમ બેઠું થઈ જાય છે. જો કે અહીં શાયર ફૂટી પડવું. ઈજા થવી કે નાશ પામવું એવો વેદનામય અર્થ કરે છે. આવા બાળપણના સ્મરણો સાચે જ મધુરાં છે.

"ઝળતી ઉમ્મરમાં સ્વેટ હાથ આવી.
મેં ફરી એમાં બાળપણ દોર્યું"

શોભિત દેસાઈના આ શે'રમાં પણ શૈશવનાં સુમધુર સંસ્મરણો વાગોળ્યાં છે. બાળક પ્રકૃતિની અણમૂલ ભેટ રાષ્ટ્રનું સ્મિત છે. સુદરતમૂ કૃતિ છે. સહુથી નિર્દોષ વસ્તુ છે બાળક મનોવિજ્ઞાનનું મૂળ છે. શિક્ષકની ઉત્તમ પાઠશાળા છે. માનવ જગતનું નિર્માણકર્તા છે. અને એના પર જગતનો વિકાસ અને ભાવિ નિર્ભર છે. એનામાં ભૂતકાળ સૂતેલો વર્તમાન ઝ્વાસ લે છે. એ ભવિષ્યનાં બીજ વવાયેલા છે. અને એથી જ રાષ્ટ્ર પલ્લવિત થઈ શકે છે.

"લપ્યો, હત્તુતુ રમતું એ શૈશવ કેમ કરીને આવે
મારી જોડે રમતું તે ગેદાન હવે ખોવાઈ ગયું છે"

મધુમતીના શે'રમાં પણ બાળપણની યાદ સારુ વેદના પણ છે. આજે મેદાનોમાં મકાનો, દુકાનો,રસ્તાઓ, અનેક પ્રકાર નાં બાંધકામો થતાં જાય છે. બાળકો ધીમે ધીમે આઉટડોર ગેમ બંધ કરી મોબાઈલ કે ટીવીમાં રમતો રમવા લાગ્યાં છે. પ્રકૃતિ સારોનો એમનો સંબંધ છૂટી ગયો છે. બાળવિકાસની વાત કરતાં સ્વેટમાર્ડન કહે છે કે'પ્રેરણા આપીને બાળકોમાં એ શક્તિઓનો વિકાસ કરી શકાય છે. જેમના ઉપર સ્વાસ્થ્ય, સફળતા અને સુખ આધારિત છે. બાળકના આત્મવિશ્વાસને નષ્ટ કરવો એના મન ઉપર નિરાશાની છાયા નાખવી એ ભયાનક યાય છે.

"જગતને જાણવાની જ્યાં સમજ શક્તિ 'અનિલ' આવી;
પ્રભુ પાસે ફરી નિર્દોષ મારૂ બાળપણ માંગ્યું"

રતિલાલ 'અનિલ' ના આ શે'રમાં પણ બાળપણ પ્રત્યેનો અનન્ય લગાવ જોઈ શકાય છે. બાળકનું એક માત્ર કામ સદ્દેજ રહેવું અને આનંદમાં રહેવું એ હોય છે. આપણી પાસે આનંદમાં રહેવા સિવાયનાં ઘણાં કામ હોય છે. જુલર્ટ નામના વિચાર કે કહ્યું છે કે બાળકોને ટીકાકોર વિવેચકો કરતાં આદર્શ ઉદાહરણોની વધારે જરૂર હોય છે. વડીલો માત્ર વય ની મૂડી ઉપર ટીકા કરવા લાગે છે. એ શોભાસ્પદ નથી.બાળકોની દુનિયા અલૌકિક છે. અદ્‌ભૂત અદ્રિતિય છે. આરાધ્ય છે.

"બાળક જોઈ જે રીઝે, રીઝે બાળક જોઈ જેને,
વત્સલ મૂરત, સ્નેહલ સુરત, હૃદય હૃદયનાં વંદન તેને"

ઉમાશંકરજોશીના શબ્દોમાં સુંદર મજાની વાત છે. બાળકોને જોઈને જેને આનંદ યાય એટલું જ નહિ પણ જેને જોઈ બાળકોને પણ આનંદ યાય એવી વ્યક્તિને કવિ હૃદયવંદના પાઠવે છે. આથી જ રવીન્દ્રનાથ ટાગોરે કહ્યું હશે ને પ્રત્યેક બાળક ઘરતી પર એ સંદેશો લઈને આવે છે કે ઈશ્વર હજુ માનવજાતથી નિરાશ નથી થયો.

આવા બાળકોની અને બાળપણની એની માવજતની જવાબદારી આપણા સૌની છે રૂજવેલ્ટના શબ્દોમાં કહીએ તો રાજનૈતિક સંમેલનોની વિશ્વની સમસ્યાઓ નહી ઉકલે આ ગૂંચો ઉકેલવી હશે તો બાળકના શરણે જવું પડશે અંતે જોઈએ 'કૈલાસ' પંડિતનો આ શે'ર

"મોટર બંગલા લઈલો મારાં લઈલો વૈભવ પાછો
પેન-લખોટી ચાકના ટુકડા મુજને પાછા આપો"

ધેંગાભાઈ એન'સરહદી' મુ.પો.ટડાવ, તા. (વાવ)
મો. ૯૪૨૭૬૪૪૬૧૧

ચૂંટણી કાવ્ય-એ લોકો

ફરી આવશે એ લોકો બે હાથ જોડીને !
સરયસો કાઢશે ભાષણોમાં બોલશે,
કે પ્રજા બીચારી પીડાય છે
સાચું તો એ કે વરસોથી મળી નથી
એમને એ ખુરશીની લાય છે
મીઠું મીઠું બોલશે ઓળખાણો કાઢશે
તમારા દરવાજે દોડીને !
ફરી આવશે એ લોકો બે હાથ જોડીને
પ્રજાને આ નથી પ્રજાને તે નથી
એવો બોલાવશે દેકારો
ભોળીભદ્ર પ્રજાને ભોળવીને વોટ લેવા
એમને સ્વવી સરકારો
ખુટશે જો બહુમતીનો આંકડો થોડો ઘણો
લાવશે બીજા બે ચાર કોડીને
ફરી આવશે એ લોકો બે હાથ જોડીને

નાઈ પરબતકુમાર કે.(ભુકલા)

લોકગીત

શ્રી અમરધામ તીર્થના લાભાર્થે

ગામડે ગામડે ગાવું છે રે, મારે વેદનાનુંગીત
ઉગતા સુરજને અજવાળું રે, શું કરવી ચાંદાથી પ્રીત
અનીતીના ઉકરડા બાળીને રે, નીતીની ચલવી છે ભીત
સુપડે સોઈને ખાંડતાં રે, ખાંડી લે બંટીનું બીજ
પરદેશી ભાષાના ભારમાં રે, સ્વદેશી ખોવાશે રીત
અમરધામ તીર્થેમાં આવતા રે, સતસંગમાં સુધરે ચિત્ત,
રાજારામ કળયુગના રાજમા રે, ભાવળીયા ઉગે નીત નીત

ભગત રાજારામ લવજી
શ્રી સત પરીવાર સતસંગ મંડળ અબાસણા

ઘાતકી સિંહ રાજા

ઘણાં સમય પહેલાંની આ વાત છે. એક જંગલમાં એક સિંહ રાજા રહેતો હતો. આ સિંહ એકદમ ક્રુર અને ઘાતકી હતો. તે અવારનવાર જંગલમાં જતો અને નિર્દોષ પ્રાણીઓનો સંહાર કરતો. જંગલના પ્રાણીઓ અચાનક થતાં હુમલાથી ખુબ જ ભયભીત થઈ ગયા હતા.

એક દિવસ આ સિંહ જંગલમાં શિકારે નીકળ્યો હતો ત્યાં અચાનક તેની નજર એક સસલાં પર પડી.તેણે તરાપ મારીને એ સસલાં પકડી લીધો. સસલો તો સામે મોત જોતાં જ થરથર કાંપવા લાગ્યો. સસલાંએ ઘણી આજીજી કરી પરંતુ સિંહે સસલાંને મારી નાખીને ખાઈ ગયો.સિંહને સસલાંને મારી નાખવું ખુબ ગમતું. તેથી તે જ દિવસથી સિંહ માત્ર સસલાંનો શિકાર કરતો. જંગલમાં બધાં જ સસલાં ગભરાઈ ગયાં. કેટલાક તો આખો દિવસ બહાર નીકળતાં જ નહીં, જ્યારે કેટલાંક તો વન છોડીને ભાગી ગયા.

જે દિવસે સિંહને સસલું ખાવા ના મળે ત્યારે તે ખુબ જ ગુસ્સે થતો અને જંગલમાં હાહાકાર મચાવતો હતો. બધાં જ પ્રાણીઓ હવે આ સિંહ રાજાના ત્રાસથી તંગ આવી ગયા હતા.

જો જંગલનો રાજા મૂર્ખ હોય તો પછી એના દરબારમાં રહેતા નાના મોટા પ્રાણીઓ પણ જંગલના નાના પ્રાણીઓ પર હકુમત ચલાવતા રહે અને તેઓ ભોળાં નિર્દોષ પ્રાણીઓને પણ રંજાડતા, વનના પ્રાણીઓ પણ ફરીયાદ કરે તો કોને કરે ? વાડ જ જયાં ચીભડાં ગળે તો પછી ફરીયાદ કોને કરવી ?

એક જ દિવસ સિંહરાજાના ત્રાસથી જંગલના બધા જ પ્રાણીઓ ભેગાં થયા અને આ મુર્ખ રાજાની ચુંગાલમાંથી છુટવાનો ઉપાય વિચારવા લાગ્યા. ઘણાં બધાં પ્રાણીઓએ પોત પોતાના સુઝાવો, ઉપાયો દર્શાવ્યા પરંતુ બધાં જ ઉપાયો વિચારવા લાગ્યાં. ઘણાં બધાં પ્રાણીઓને ગળે ઉતરે તેમ નહોતા. બધાએ નક્કી કર્યું કે આપણે આ ઘાતકી રાજાનો સંહાર કરીશું પરંતુ પ્રશ્ન એ હતો કે શક્તિશાળી સિંહનો સંહાર કોણ કરે ?

અચાનક એક સસલું ઉભું થયું અને તેણે કહ્યું,કે જો તમે બધા મને સાથ આપો તો હું આ ક્રુર સિંહનો નાશ કરવાની યુક્તિ બતાવું. બધા તૈયાર થઈ ગયા. તેણેકહ્યું કે કોઈપણ એક મધપુડામાંથી મને મધ લાવી આપો. તે લઈને હું સિંહ રાજા પાસે જઈશ. સિંહે મધ ખાશે એટલે તે વધુ મધ માંગશે. હું સિંહને લઈને મધપુડા પાસે જઈશ જેવું મધ ખાવા સિંહ મધપુડાને છંછેડશે એટલે બધી જ મધમાખીઓ સિંહ પર તુટી પડશે..

આમ નક્કી થયા મુજબ મધમાખીઓએ એક માટલું ભરીને મધ આપ્યું સસલું તે માટલું લઈને સિંહની ગુફા પાસે ગયું. સિંહે સસલાને જોતાં જ ત્રાડ પાડીને તરત જ ઝડપી લીધું. જ્યાં સિંહ તેની પર પંજો ઉપાડવા ગયો ત્યાં જ સસલાંએ કહ્યું, 'મહારાજ ! ઉભા રહો, પહેલાં મારી વાત સાંભળો..' પછી તમે મને મારીને ખાજો. હું તમારા માટે મધ લાવ્યો છું પહેલાં તમે મધ આરોગો ત્યારબાદ મને સંહાર કરીને તમારો આહાર બનાવો. હુંકયાંય ભાગી જવાનો નથી.'

સિંહે સસલાની વાત માનીને મધ ભરેલાં માટલામાંથી મધ ખાવા માંડ્યું. આ બાજુ સસલાની થોડેક દુર બધા પ્રાણીઓ સંતાઈને જોઈ રહ્યા હતા. મધ ખાધા પછી સિંહને મધનો સ્વાદ ખુબ ભાવ્યો. બીજા દિવસે સિંહે સસલાને બોલાવીને બીજું મધ માગ્યું.સસલાંએ કહ્યું, મહારાજ, હવે બીજું મધ ખાવા તો આપણે મધપુડો શોધવો પડે. ગમે તે યાયમારે તો મધ ખાવું છે.. સિંહે ગર્જના કરતાં કહ્યું.

સસલો સિંહને લઈને જંગલના મધ્ય ભાગમાં આવ્યો. દુર એક ઝાડ પર મધપુડો દેખાડીને સસલાંએ કહ્યું, મહારાજ ! પેલો રહ્યો મધપુડો જાવ! અને આરામથી મધ આરોગો.'

બધું જ પ્લાન મુજબ ગોઠવાઈ ગયું હતું. સિંહે જેવો મધપુડા પર પોતાનો પંજો માર્યો ત્યાં જ બધી મધમાખીઓ છંછેડાઈ અને ગુસ્સામાં આવીને સિંહ પર તુટી પડી. સિંહ એકલો અને સંખ્યાબંધ મધમાખીઓ કેવી રીતે પ્રતિકાર કરી શકે ?મધમાખીઓએ સિંહને ચટકા ભરીને લોહી લુહાણ કરી નાખ્યો. છેવટે સિંહનું મૃત્યુ થયું. ચોડીયાર પછી બધા જ પ્રાણીઓ સિંહના મૃત શરીર પાસે આવીને ઉભા રહ્યા. સૌના ચહેરા પર મુક્તિનો આનંદ હતો. એક ચતુર સસલાંની ચતુરાઈથી એક ક્રુર અને ઘાતકી સિંહનો અંત આવ્યો.-**કમલેશ કંસારા**

લખું છું કવિતા

લખું છું કોક દિ સરસ મજાની છે કવિતા
છિપાય છે તેમાંથી કોઈની તરસ એવી કવિતા
તેમાં વિતાર નરનારીનો સમજાય તેવી કવિતા
સંઘર્ષોનો સામનો કરવાની છે શક્તિ કવિતા
હરખ અને પ્રેમના હુંફની અનુભૂતિ છે કવિતા
જીવનના હુંકાર અને હકારની શૌર્ય છે કવિતા
દુઃખ દર્દ વિયોગના નકારની છબી છે કવિતા
દુઃખ વેદના પીડા ભુલાવે તે જ વલણેખી કવિતા
જાંદગીની હર સમસ્યાઓ હલ કરે છે કવિતા
તાણાવાણા સાથે કાયમ ગુંથાયેલી છે કવિતા
બદલાય છે વહેણ સરીતાનું નથી બદલાવી કવિતા
વીરા ઘડીભર વિચારો સાચો ઈતિહાસ છે કવિતા

વીરાભાઈ સી.ચાવડા
(કાણોદર)

શ્વાસે શ્વાસે

ફુલ ઝરે છે શ્વાસે શ્વાસે, તુંજ ફરે છે શ્વાસે શ્વાસે
મસ્જીદ હો કે ઘર શેરી હો, તું જ સ્મરે છે શ્વાસે શ્વાસે
કોણ કહે છે દુર થયા એ, સ્પર્શ કરે છે શ્વાસે શ્વાસે
મુજ અંતરને ખુણે ખુણે,તેજ ઝરે છે શ્વાસે શ્વાસે
હું હું મળે ને હામ મળે છે, દર્દ ખરે છે શ્વાસે શ્વાસે
મીન રહ્યા તે અંત સમયના દ્રશ્ય તરે છે શ્વાસે શ્વાસે
યુસુફ તારે એકલપંથે, હામ ધરે છે શ્વાસે શ્વાસે

યુસુફ ગુંજાવી

મોરનાં ઈંડાં

પપલુ : કોણ જાણે મારી પેન કોણે ખરાબ કરી નાખી ?

પપલુ : હમણાં હું દિવાલ પર લખી રહ્યો હતો ત્યારે તો સરસ ચાલતી હતી.

૦૦૦૦

પતિની કંજુસાઈથી કંટાળીને પત્નીએ કહ્યું, જો આજે તમે મને બનારસી સાડી લાવીને નહીં આપો તો સમજી લેજો કે હું મરી ગઈ.

જો તારે સમજવું જ છે તો પછી એવું કેમ નથી સમજી લેતી કે તને મેં બનારસી સાડી લાવીને આપી દીધી છે.. પતિએ મુશ્કુરાવતાં કહ્યું.

૦૦૦૦

જાહેરખબર આપવાનું પરિણામ બહુ જલદી જોવા મળે છે.

કઈ રીતે ?

જુઓ ને પરમ દીવસે મેં ચોકીદાર જોઈએ છે એવી જાહેરખબર આપી અને કાલે રાતે મારે ત્યાં ચોરી થઈ ગઈ.

૦૦૦૦

છગને હોટલના મેનેજરને કહ્યું, તમારી વ્યવસ્થા ખુબ જ ખરાબ છે. જુઓ આ હાથ સાફ કરવાનો ટુવાલ કેટલો ગંદો થઈ ચુક્યો છે ?

શું વાત કરો છો સાહેબ ? સવારથી બસ્સો માણસ આ ટુવાલથી હાથ લુંછી ચુક્યા છે.. પણ કોઈએ આ વિશે ફરીયાદ નથી કરી.. મેનેજરે કહ્યું.

૦૦૦

પટાવાળો : સાહેબ મને કાલે રાતના ઓવરટાઈમના પૈસા મળવા જોઈએ ?

સાહેબ : કેમ ?

પટાવાળો : ગઈકાલે આખી રાત મને ઓફિસના કામના જ સપનાઓ આવ્યા છે. ૦૦૦૦

ઉછીનું જીવન

ગતાંકથી ચાલુ

'મહારાજ કાલે મારા પુત્રનો રાજ્યભિષેક છે,મારે તેને ચક્રવર્તી રાજા બનાવવો છે. મને થોડી મહેતલ આપો' રાજાએ વિનંતી કરી.

'રાજન! મોહને કોઈ છેડો હોતો નથી, છતાં તું કહે છે તો તને એક વર્ષનો સમય આપીશ, યમરાજે કહ્યું.

યમરાજ આપનો ખૂબ ખૂબ આભાર.' રાજાએ ગદગદતિ સ્વરે કહ્યું.

'પરંતુ સાંભળ,તારે આ સમય દરમ્યાન ભયંકર સહારલીલાઓ કરવી પડશે, કારણ કે આ આયુષ્ય હું તને એક રાક્ષસનું આપું છું.' યમરાજે સ્પષ્ટતા કરી.

'યમરાજ આપ કહો છો તેમ જ કરીશ. 'રાજા બોલ્યો. યમરાજ અદ્રશ્ય થઈ ગયા. રાજાને બરાબર નીંદર આવી ગઈ.

સવાર પડ્યું.ધામધૂમપૂર્વક રાજ દરબારમાં રાજકુમાર તો રાજ્યભિષેક કરવામાં આવ્યો. સુંદર હીરા અને રત્નોથી જડિત મુગટ રાજકુમારને પહેરાવવામાં આવ્યો.

એટલામાં દૂતે આવી સમાચાર આપ્યા કે આ પંચકળો મહાપાશવી રાક્ષસ મૃત્યુ પામ્યો છે.રાજા આ સાંભળી ખુશ થયો. તેણે રાજકુમારને કહ્યું.

'રાજકુમાર મારી એક ઈચ્છા છે કે તું જલ્દીમાં જલ્દી ચક્રવર્તી રાજા બને, તેથી આજે જ લશ્કર લઈ આપણે આસપાસના રાજ્યો જીતવા માટે ઉપડી જવાનું છે.

જેવી આપણી આજ્ઞા પિતાજી,રાજકુમારે કહ્યું.

સેનાપતિ લશ્કર તૈયાર કરાવો, હું પણ સાથે આવીશ. રાજાએ કહ્યું.

દિવસો પર દિવસો વીતવા લાગ્યા. રાજા અને રાજકુમાર લશ્કરની તાકાત અને પોતાના પરાક્રમથી એક પછી એક રાજ્યોને જીતતા ગયા...જીતતા ગયા. આખા દેશમાં હવે રાજા વિક્રમસેન અને તેના રાજકુમારની વાહ વાહ બોલાવા લાગી. જયજયકાર થવા લાગ્યો.

એક દિવસ એક દૂત સંદેશો લઈને આવ્યો કે પડોશના રાજ્યના રાજાએ રાજકુમાર સાથે પોતાની બે પુત્રીઓના લગ્ન કરવાનું કહ્યું છે. આથી રાજા રાજી રાજી થઈ ગયો. તેણે પૂછ્યું. 'રાજકુમારીઓ કેવી છે. તેમના નામ શું છે.'

'મહારાજ રાજકુમારીઓ સુંદર અને સુશીલ છે ગુણવાન અને કુળવાન છે. તેમના નામ માયાકુમારી અને છાંયા કુમારી છે.' દુતે જણાવ્યું.

'સારું, સારું રાજન ને કહો કે અમને મંજુર છે. લગ્નની તૈયારી કરાવો' રાજાએ હુકમ કર્યો.

બન્ને તરફ લગ્નની તૈયારીઓ થવા લાગી. રાજાએ યુદ્ધમાં ગયેલ રાજકુમારને બોલાવ્યો. અને લગ્નની વાત કરી. તો તે એકદમ ઉશ્કેરાઈ ગયો. અને બોલ્યો.

'પિતાજી હું હમણાં કોઈ લગ્ન નહી કરું, તમારે મને પૂછવું તો જોઈએ.'

કુમાર મારી પાસે સમય ખૂબ થોડો છે મારી આટલી ઈચ્છા પૂરી કર બેટા, લગ્ન કરી લે રાજાએ વિનવણી કરી.

'ના, ના, એ કોઈ સંજોગોમાં નહીં બને.' રાજકુમારે મક્કમતા પૂર્વક કહ્યું.

રાજાને ગુસ્સો આવી ગયો. તેણે ગુસ્સામાં ને ગુસ્સામાં પોતાની પાસે પડેલ ગદાનો રાજકુમાર ઉપર ઘા કર્યો. ગદા વાગતાં રાજકુમાર ઢળી પડયો. અને મૃત્યુ પામ્યો.

રાજાને ખૂબ જ પસ્તાવો થયો. તેણે ખૂબ રૂદન કર્યું રાત્રીના મોડે સુધી રૂદન કરતો રહ્યો. તેમાં તેની આંખ ક્યારે મીચાઈ ગઈ તેનું તેને ભાન ન રહ્યું. આજે વૈશાખસુદ-૧ ને મધ્યરાત્રીનો સમય હતો. વાયદા મુજબ યમરાજ હાજર થઈ ગયા.

'રાજન ! હવે તું મારી સાથે ચાલ, તારાં પાપ પુણ્ય કરતાં ઘણાં વધી ગયાં છે. મેં તને દુનિયાનું ભલું કરવા માટે ઉછીનું જીવન આપ્યું. પરંતુ તેમાં તે તારા વફાદાર સેવક અને જેણે તારો જીવ બચાવ્યો હતો તેનો દ્રોહ કર્યો. પછી તે મજુરો અને પ્રજા પર ત્રાસ ગુજારી રંગ મહેલ બનાવ્યો. મેં એક રાક્ષસનું આયુષ્ય ફરીથી તને આપ્યું. તો તું જ રાક્ષસ બની ગયો. અને તે ભયંકર સંહાર લીલાઓ આદરીને તેનો તારા સ્વાર્થમાં ઉપયોગ કર્યો. તે અનેક માણસોને મારી તારા રાજકુમારને ચક્રવર્તી બનાવ્યો. પરંતુ જ્યારે તે ચક્રવર્તી રાજકુમારે તારા સ્વમાનને હાની પહોંચાડી તો તે પોતાનો પુત્ર છે. એ વિચાર પણ ન કર્યો અને તેને મારી નાંખ્યો.'

'યમરાજ તમારી વાત સાચી છે. ઉછીનું જીવન પૂણ્યતા પાપ જ વધારે છે. માટે હવે મારે વધુ નથી જીવવું. મને લઈ લો મને લઈ જીઓ.'

સવારે શહેરના ચોરેચૌટે વાત ચર્ચાતી હતી કે રાજાનું મૃત્યુ થયું છે.

નટવર હેડાઉ

મત ગણતરીની...

અનુસંધાન ૨ નુ ચાલુ..

આ માટે રાજય ચૂંટણીપંચ તરફથી મતગણતરી હાથ ધરવા માટે ૩૭ જેટલા સ્થળોની પસંદગી કરવામા આવી છે.જેમા અમદાવાદ શહેરમા પોલીટેકનીક ઉપરાંત ગુજરાત કોલેજ અને એલડી એન્જિનિયરીંગ કોલેજની સાથે રાજકોટ શહેર અને જિલ્લાની ૮ વિધાનસભા બેઠકો માટે મતગણતરી કણકોટ એન્જિનિયરીંગ કોલેજ ખાતે હાથ ધરવામા આવશે.તો સુરતમા ડો.એલ.એન્ડ એસ.એસ.ગાંધી અન્જિનિયરીંગ કોલેજ અને બી-જેવીએમ કોમર્સ કોલેજ ખાતે મતગણતરી હાથ ધરવામા આવશે.પંચ દ્વારા આ મતગણતરી કેન્દ્રો માટે ૭૦ જેટલા ઓબઝર્વરોની નિમણૂંક કરવામા આવી છે આ તમામ ઓબ્ઝર્વરો આવતીકાલે શનિવારે સાંજ સુધીમા તેમને સોંપવામા આવેલા ફરજના સ્થળે પહોંચી જશે એમ સત્તાવારસૂત્રો તરફથી જાણવા મળ્યુ છે.

ઉંઝામાં છરાની...

પાના નં ૮ ચાલુ

ધમકી આપી હતી ત્યારબાદ મકાનની અંદર કબાટમાંથી સોના ચાંદીના કિંમતી દાગીના તેમજ રૂપિયા ૨૫ હજારની રોકડ રકમ મળી કુલ ૧,૮૮૦૦૦ ની કિંમતની મત્તાની આબાદ લૂંટ ચલાવી અંધારામાં ક્યાંક નાસી છૂટ્યા હતા. આ બનાવ અંગે ઉંઝા પોલીસે ચાર અજાણ્યા શખ્સો વિરૂધ્ધ લૂંટનો ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે. ઉંઝા શહેરમાં છેલ્લા ઘણા વખતથી મિલકત વિરૂધ્ધના ગંભીર પ્રકારના ગુનાઓનું પ્રમાણ વધી જતાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ તદ્દન ખાડે જતાં લોકોમાં ભય સાથે ચિંતાની લાગણી ફેલાઈ છે.

ધાનેરાના ચારડા...

પાના નં ૮ ચાલુ

ખાતે સરકારી હોસ્પીટલમાં લવાયા હતા અને ઈજા ગંભીર હોવાથી વધુ સારવાર માટે પાલનપુર રીફર કરવામાં આવ્યા હતા. આ ઘટનાથી ધાનેરા તાલુકાના મધ્યાહન ભોજન સંચાલકો માં ભારે ઘેરા પ્રત્યાઘાત પડ્યા છે. જેને લઈને તમામ સંચાલકોએ શુક્રવારે મામલતદાર કચેરી ખાતે આવ્યા હતા અને ધાનેરા મામલતદારને આવેદનપત્ર આપ્યુ હતુ. જેમાં જણાવેલ કે જો પોલિસ દ્વારા હુમલાખોરોને સોમવાર સુધીમાં પકડીને તેમની સામે કાર્યવાહી કરવામાં નહી આવે તો તાલુકાના તમામ સંચાલકો મામલતદાર કચેરી ખાતે ઉપવાસ ઉપર ઉતરવાની ચીમકી પણ આપી છે. આ બાબતે ધાનેરા ના.મામલતદાર એમ.કે. રાજપુતે જણાવેલ કે આ બાબતે ઉચ્ચ કચેરી ખાતે આ આવેદનપત્ર મોકલી આપીશુ અને તેમની સામે જરૂર કાર્યવાહી થશે તેની ખાત્રી આપી હતી.

માઉન્ટ આબુમાં ...

પાના નં ૮ ચાલુ

બજારો ખુલે છે અને સાંજે પણ દુકાનો વહેલી બંધ થઇ જાય છે. નખ્ખી લેઈકમાં બરફ જામી જતા બોટીંગ બંધ કરવામાં આવ્યુ છે. આજે વહેલી સવારે ઝાકળ અને ધુમ્મસભર્યુ વાતાવરણ જોવા મળ્યુ હતુ. હજુ ઠંડી વધવાની આગાહી છે. રાજસ્થાનમાં જેસલમેરથી લઈને શ્રીગંગાનગર સુધી અને જયપુરથી લઈને અજમેર સુધી કડકડતી ઠંડી પડી રહી છે. લોકો ઠંડીથી બચવા પ્રયાસો કરી રહ્યા છે. કાતિલ ઠંડી અને ધુમ્મસને કારણે રાજયના અનેક વિસ્તારોમાં જનજીવનને અસર પડી છે.

૧૮મીએ ગણતરી, બપોરે ૧૨ વાગ્યા સુધી ટ્રેન્ડ જાણી શકાશે

અમદાવાદ

ગુજરાત વિધાનસભાની ચૂંટણીના પ્રથમ અને બીજા તબક્કાના મતદાન બાદ હવે તમામ ઈવીએમ અને વીવીપેટ મશીનો નિયત સ્ટ્રોંગ રૂમમાં લોખંડી સુરક્ષા કવચ હેઠળ સુરક્ષિત કરી દેવાયા છે. સીસીટીવી કેમેરા, સુરક્ષા જવાનો અને કંટ્રોલરૂમની બાજ નજર હેઠળ સ્ટ્રોંગ રૂમની અંદરની અને બહારની એકેએક હરકત પર તંત્ર અને અધિકારીઓ દ્વારા ચાંપતી નજર રખાઈ રહી છે. રાજયભરમાં તા.૧૮મી ડિસેમ્બરે મતગણતરી હાથ ધરાનાર છે ત્યારે ચૂંટણીના પરિણામોને લઇ ભાજપ, કોંગ્રેસના ઉમેદવારો સહિત તેમના સમર્થકો અને ટેકેદારોમાં ભારે ઉત્તેજના અને આતુરતાનો માહોલ છવાયો છે. અમદાવાદ શહેરની ૧૬ અને ગ્રામ્યની પાંચ મળી કુલ ૨૧ બેઠકોની મતગણતરી શહેરના એલ.ડી.એન્જિનીયરીંગ કોલેજ, પોલીટેકનીક અને ગુજરાત કોલેજ ખાતે હાથ ધરવામાં આવશે. બપોરે લગભગ ૧૨ વાગ્યાની આસપાસ ઉમેદવારોના હાર-જીતનો ટ્રેન્ડ ખબર પડી જશે. તા.૧૮મી ડિસેમ્બરે સવારે આઠ વાગ્યાથી તમામ રાજકીય પક્ષોના ઉમેદવારો, તેમના પ્રતિનિધિઓની હાજરીમાં ચૂંટણી કર્મચારીઓ દ્વારા મતગણતરીની પ્રક્રિયા શરૂ કરવામાં આવશે. જે તે બેઠકના કુલ મતદાન નથકમાં ઈવીએમના મતની ગણતરી માટે ૧૪ ટેલબ રાખવામાં આવશે. મતદાન મથકની કુલ સંખ્યાના આધારે મતગણતરીના રાઉન્ડ નક્કી કરવામાં આવશે. ઉદાહરણ તરીકે બાપુનગર બેઠકમાં સૌથી ઓઠા ૧૯૫ મતદાન મથકો છે તો આ બેઠક માટે મતગણતરીના ૧૪ રાઉન્ડ યોજાશે, જયારે ઘાટલોડિયામાં સૌથી વધુ ૩૬૧ મતદાન મથકો છે ત્યારે ત્યાં મતગણતરીના લગભગ ૨૫થી ૨૬ રાઉન્ડ યોજાશે. અમદાવાદ શહેર અને ગ્રામ્યની તમામ ૨૧ બેઠકો પર ઉમેદવારોની હાર-જીતનો ટ્રેન્ડ લગભગ બાર વાગ્યાની આસપાસ સામે આવી જશે. આ વખતે ઈવીએમની સાથે સૌપ્રથમવાર વીવીપેટ મશીનનો પણ ઉપયોગ કરાયો હોઈ વીવીપેટની કાપલીની ગણતરીનો નવતર પ્રયોગ પણ હાથ ધરાશે. જેમાં જે તે વિધાનસભા બેઠકના તમા મતદાનમથકના ક્રમાનુસાર ચિઠ્ઠી બનાવીને તેમાંથી ચૂંટણી અધિકારી દ્વારા રાજકીય પક્ષોના પ્રતિનિધિઓની હાજરીમાં કોઇપણ એક મતદાન મથકની ચિઠ્ઠી અંદાજાથી ઉપાડાશે અને પછી તે મતદાનમથકના ઈવીએમ સાથે જોડાયેલા વીવીપેટને ખોલી તેની કાપલીની ગણતરી કરવામાં આવશે અને ઈવીએમના પરિણામ સાથે તેને સરખાવવામાં આવશે. મતગણતરીની પ્રક્રિયા આશરે અઢી વાગ્યા સુધીમાં પૂર્ણ થવાનો અંદાજ છે.

દલિત અત્યાચાર કેસ : પોલીસ કમિશરને મામલો જોવા હુકમ

અમદાવાદ

ગુજરાતમાં દલિતો પરના અત્યાચારના વધુ એક વિવાદીત પ્રકરણમાં ગુજરાત હાઇકોર્ટે મહત્વનો આદેશ કર્યો છે. શહેરના નરોડા વિસ્તારમાં અમદુપુરાના વોરાના રોજા પાસેનો જાહેર રસ્તો બંધ કરવાના વિવાદમાં એપ્રિલ-૨૦૧૫માં સ્થાનિક પોલીસે અમાનવીય રીતે મહિલાઓ, બાળકો સહિતના સ્થાનિકો પર કરેલા લાઠીચાર્જ અને અત્યાચારને લઇ અઢી વર્ષ જેટલો લાંબો સમયગાળો વીતી ગયા બાદ પણ પોલીસતંત્ર દ્વારા એફઆઈઆર સુધ્ધાં દાખલ કરવામાં નહી આવતાં પીડિતો તરફથી સ્થાનિક દલિત અગ્રણી વિનોદભાઇ સોમાભાઇ ડોડિયાએ ગુજરાત હાઇકોર્ટમાં રિટ અરજી કરી હતી, જેની સુનાવણીમાં જસ્ટિસ જે.બી.પારડીવાલાએ દલિતો પર અત્યાચારના આ કેસમાં ખુદ શહેર પોલીસ કમિશનરને સમગ્ર મામલો જોવા આદેશ કર્યો હતો. હાઇકોર્ટે પોલીસ કમિશનરે શકય એટલી વહેલી તકે આ મેટર જોઇ તેમાં કાયદાનુસાર પગલા લેવા પણ સ્પષ્ટ હુકમ કર્યો છે.

દલિત અગ્રણી વિનોદભાઇ ડોડિયા તરફથી હાઇકોર્ટમાં કરાયેલી રિટ અરજીમાં સિનિયર એડવોકેટ આર.જે.ગોસ્વામી અને એડવોકેટ હાર્દિક બી.ચંપાવતે રજૂઆત કરતાં જણાવ્યું હતું કે, ગત તા.૧૫-૪-૨૦૧૫ના રોજ અમદુપુરા વિસ્તારમાં વોરાનો રોજા પાસેનો જાહેર રસ્તો બંધ કરી નાંખવામાં આવતાં કલેકટર કસ્ટોડિયનની ચાલી સહિતના સ્થાનિક રહીશોએ આ મામલે ઉગ્ર વિરોધ અને દેખાવો કર્યા હતા. એ વખતે શહેર કોટડા પોલીસે જુદી જુદી ગાડીઓમાં અડધી રાત્રે આ ચાલીઓ અને સ્થાનિક વસાહતોમાં જઇ સ્થાનિક મહિલાઓ, બાળકો અને દેખાવકારોને લાઠીચાર્જ કરી ફટકાર્યા હતા. પોલીસ અત્યાચારની આ ઘટના અંગે સ્થાનિક રહીશોએ પોલીસમાં ફરિયાદ નોંધાવવાનો પ્રયાસ કર્યો પરંતુ પોલીસે રહીશોની ફરિયાદ નોંધવાને બદલે ઉલ્ટાનું તેઓની વિરૂધ્ધમાં રાયોટીંગનો ગુનો દાખલ કરી દીધો હતો. છેલ્લા અઢી વર્ષથી સ્થાનિક રહીશોની માંગણી છતાં હજુ સુધી પોલીસે દલિતો પર પોલીસ દ્વારા અત્યાચારની આ ઘટના અંગે ફરિયાદ નોંધી નથી.

ગુજરાતમા મતગણતરી સમયે પ્રથમવાર પ્રયોગ

સીટવાઈઝ લાઈવ વેબ કાસ્ટિંગ કરવા માટે પંચ દ્વારા તૈયારીઓ

અમદાવાદ

રાજય વિધાનસભાની ૧૮૨ બેઠકો માટે બે તબકકામા મતદાન પુરુ થયા બાદ હવે જયારે સોમવારના રોજ રાજયમા ૩૭ જેટલા સ્થળોએ એકસાથે મતગણતરી શરૂ કરવામા આવશે ત્યારે રાજય ચૂંટણીપંચ દ્વારા ગુજરાતમા મતગણતરી સમયે સૌ પ્રથમવાર વિધાનસભાની તમામ ૧૮૨ બેઠકો વાઈઝ લાઈવ વેબકાસ્ટિંગ કરવાનો નિર્ણય કરવામા આવ્યો છે આ વ્યવસ્થાને કારણે મતગણતરી પ્રક્રીયા ઉપર પળેપળની નજર ગાંધીનગરમા બેઠા-બેઠા જાણી શકાશે.આ અંગે મળતી માહિતી અનુસાર,રાજય વિધાનસભાની ૧૮૨ બેઠકોની મતગણતરી ૧૮ ડિસેમ્બરને સોમવાર સવારથી એકસાથે શરૂ કરવામા આવશે આ સમયે તમામ મતગણતરી કેન્દ્રમા બેઠક મુજબ લાઈવ વેબકાસ્ટિંગ કરવા અંગે તમામ નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી(કલેકટર)ને પરિપત્ર કરવામા આવ્યો છે.જેને લઈને મતગણતરી કેન્દ્રમા ખાસ કેમેરા લગાવવામા આવશે આ ઉપરાંત વેબ કાસ્ટિંગ અંગેના સાધનો પણ લગાવવામા આવશે.જેની મદદથી સોમવારે સવારથી શરૂ થનારી વિધાનસભા બેઠકોની મતગણતરી પ્રક્રીયા ઉપર પળેપળની નજર રાખી શકાશે.સામાન્ય રીતે અતિ સંવેદનશીલ કે સંવેદનશીલ બેઠકો ઉપર જ લાઈવ વેબકાસ્ટિંગ કરવામા આવતુ હોય છે.પરંતુ આ વખતે સૌ પ્રથમવાર રાજયની તમામ ૧૮૨ વિધાનસભા બેઠકોની મતગણતરી સમયે બેઠક વાઈઝ લાઈવ વેબકાસ્ટિંગ કરવાનો નિર્ણય કરવામા આવ્યો છે આ અંગે ખાનગી કંપનીને કામગીરી સોંપવામા આવી હોઈ માત્ર મતગણતરી કેન્દ્રોમા કેમેરા અને વેબકાસ્ટિંગ માટેના જરૂરી સાધનો માટે જગ્યા ફાળવવાની રહેશે.

ફ્લોરાઈડયુક્ત પાણી પીવાથી દાંતનો સડો થવાનું જોખમ ઓછુ : અભ્યાસ

ટેપ-વોટરમાં ફલોરાઇડ ખનિજ સારી એવી માત્રામાં હોય છે એટલે જે લોકો નળમંથી નીકળતુ સાદુ પાણી પીવામાં ઉપયોગમાં નથી લેતા તેમને દાંતમાં જલદી સડો થવાની સંભાવના રહે છે. મિનરલ વોટર અથવા તો પ્યોરિફાયરમાં શુધ્ધ કરેલું પાણી પીવાથી એમાં ફલોરાઇડ ખનિજનો અભાવ સર્જાય છે. અમેરિકાની યુનિવર્સિટી ઓફ નોર્થ કેરોલિનાના રિસર્ચરોએ બેથી દસ વર્ષની વયના લગભગ ૧૬,૦૦૦ બાળકો જેપાણી પીએ છે એનો સેમ્પલ-સ્ટડી કર્યો હતો.૨૦૦૫ થી ૨૦૧૪ દરમ્યાન કરવામાં આવેલા નેશનલ હેલ્થ એન્ડ ન્યુટ્રિશન એકઝામિનેશન સર્વેમાં નોંધાયું હતું કે જે લોકો ફલોરાઇડયુકત પાણી પીએ છે તેમનામાં દાંતનો સડો થવાનું પ્રમાણ ઓછું હોય છે.અલબત્ત, એનો મતલબ એ જરાય નથી કે આપણે પ્યોરિફાયર કાઢીને ડાયરેકટ નળમાંથી આવતું પાણી જ પીવાનું શરૂ કરી દેવું જોઈએ. પીવાના પાણીની બાબતમાં જેમ ફલોરાઇડ મહત્વનું ખનિજ છે એમ એમાં અન્ય મિનરલ્સ પણ યોગ્ય પ્રમાણમાં હોય એ જરૂરી છે. અભ્યાસકર્તાઓએ નોંધ્યું છે કે ફલોરાઇડયુકત પાણી પીનારાં બાળકો અને કિશોરોના લોહીમાં સીસું વધી જાય છે. સીસું અનેક રીતે શરીર માટે હાનિકારક છે.અમેરિકાના અભ્યાસકર્તાઓના મતે ટેપ-વોટર ન પીનારાઓમાં દાંતનો સડો વધે છે, પરંતુ એ પાણીમાં સીસું ન હોય એનું ધ્યાન રાખવું પણ જરૂરી છે.

સ્થાનિક બજાર ભાવ

ચોકસી બજાર(કીલોના)
ચાંદી ચોરસા ૩૭૨૦૦-૩૭૫૦૦
રૂપુ કાચું ૩૭૨૦૦-૩૭૫૦૦
સોનુ તોલો ૨૯૧૦૦-૨૯૪૦૦
તેલ બજાર
રાધે પામોલીન ૧૦૫૦
પામોલીન ૧૦૪૦
સોયા રીફાઈન ૧૩૭૦
રાયડાતેલ ૧૫કી.૧૧૧૦-૧૨૭૦
સીંગતેલ૧૫ કી. ૧૫૫૦-૧૬૬૦
સીંગતેલ ૧૫ લી.૧૫૫૦
સીગતેલ ૫ લી. ૫૦૫
તિરૂપતી કપા. ૧૨૬૦
૫ લીટર ૪૦૦
વનસ્પતિ ઘી ૧૦૬૦-૧૧૮૦
કોપરેલ ૧૫ કિલો ૩૦૦૦
૫ કે. કોપરેલ૧૧૫૦
૫લી. અંકુર સીંગતેલ ૫૧૦
૧૫ લીટર સનફલાય ૧૨૭૦
ટાયગર રાયડા તેલ ૧૫ કી. ૧૨૬૦
૫ લી. ૪૬૦
૨ લી. ૧૬૩
ચોખા-દાળ બજાર
(૧૦૦ કીલોના ભાવ)
કીચન ચેમ્પીયન કલાસીક ૮૫૦૦
કીચન ચેમ્પીયન સુપર ૭૭૦૦
કીચન ચેમ્પીયન તીબાર ૭૨૦૦
કીચન ચેમ્પીયન દુબાર ૬૯૦૦
કીચન ચેમ્પીયન રોજાના ૬૫૦૦
કીચન ચેમ્પીયનમીની દુબાર ૫૮૦૦
કીચન ચેમ્પીયન મોગર ૪૮૦૦
કીચન ચેમ્પીયન મીની મોગરા ૪૪૦૦
કીચન ચેમ્પીયન મીની મોગરા ૩૯૦૦
કીચન ચેમ્પીયન બ્રોકન ૩૦૦૦
દાવત ૧૧૨૧ કલાસીક ૯૫૦૦
દાવત ૧૧૨૧ કલાસીક ૯૫૦૦
દાવત સ્પેસીયલ ૭૮૦૦
દાવત ૭૭૦૦
દાવત તીબાર ૭૭૦૦
દાવત દિલખુશ ૭૮૦૦
દાવત રોજાના ૬૮૦૦
દાવત મોગરા ૪૮૦૦
દાવત મીની મોગરા ૪૦૦૦
ઈ.ગેટ કલાસીક ૨૫ કી.૧૪૦૦૦
ઈ.ગેટ કલાસીક ૧૦ કી.૧૪૨૦૦
ઈ.ગેટ કલાસીક ૫ કી.૧૪૨૦૦
ઈ.ગેટ કલાસીક ૧ કી.૧૪૪૦૦
ઈ.ગેટ સુપર ૨૫+૫ કી.૧૧૨૦૦
ઈ.ગેટ સુપર ૧૦ કી.૧૧૨૦૦
ઈ.ગેટ સુપર ૫ કી.૧૧૬૦૦
ઈ.ગેટ સુપર ૧ કી.૧૦૭૦૦
ઈ.ગેટતીબાર ૨૫ કી.૮૦૦૦
ઈ.ગેટ તી બાર ૧૦ કી.૮૧૦૦
ઈ.ગેટતીબાર ૫ કી.૮૫૦૦
ઈ.ગેટતીબાર ૧ કી.૮૫૦૦
ઈ.ગેટ દુબાર ૨૫ કી.૭૫૦૦
ઈ.ગેટ દુબાર ૧૦ કી.૮૦૦૦
ઈ.ગેટ દુબાર ૫ કી.૮૦૦૦
ઈ.ગેટ દુબાર ૧ કી.૮૦૦૦
દુન પ્રીમીયમ ૯૦૦૦
દુન તીબાર ૨૫ કી.૭૭૦૦
દુન તીબાર ૧૦ કી.૭૨૦૦
નર્મદા મગ પોલીસ ૫૯૫૦
મગદાળ નર્મદા સુપર ૬૦૦૦
નર્મદા મગ મોગર ૬૬૦૦
મગમોગરનર્મદાપ્રીમી ૬૯૦૦
નર્મદા અડદદાળ ૬૦૦૦
ઈન્ડિયા ગેટ મીની જુના ૪૫૦૦
ઈન્ડિયા ગેટ મોગરો ૪૪૦૦
ઈન્ડિયા ગેટ કણકી ૨૮૦૦
ઈન્ડિયા ગેટ ગોલ્ડન સેલા ૬૮૦૦
તુવરદાળ કૃષ્ણા ૭૦૦૦
તુવરદાળ રેંટીયો કિ.૫ ૯૦૦૦
તુવરદાળ ખીડીયાર ૬૧૦૦
લાલ કીલ્લો મેજીસ્ટીક ૯૦૦૦
લાલ કીલ્લો પ્રીમીયમ ૮૦૦૦
લાલ કીલ્લો તીબાર ૭૦૦૦
લાલ કિલ્લો દુબાર ૫૫૦૦
લાલ કિલ્લો મોગરો ૪૫૦૦
હેરીટેઝ એક્ષએક્ષએલ ૯૦૦૦
હેરીટેજ તીબાર ૭૮૦૦
હેરીટેજ દુબાર ૬૦૦૦
હેરીટેજ મીની દુબા ૫૦૦૦
કાયનાત પી ૮૫૦૦
કાયનાત સુપર ૮૧૦૦
કાયનાત ૬૮૦૦
રાજા બાસમતી ૪૦૦૦
કુરૂક્ષેત્ર ૫૮૦૦
એપ્પલ પ્રીમીય ૪૮૦૦
ઓરેન્જ ૬૦૦૦
દાવત અપ્સરા ૫૦૦૦
જીરાસર ચંદન ૩૮૦૦
ચણાદાળ ૪૪૪ ૭૧૦૦
મગદાળ સમરદીપ ૭૨૦૦
મગમોગર રીયલ ૮૦૦૦
અડદદાળ અક્ષર ૮૩૦૦૦
મગ ૫૭૦૦
અંગુર તુવેરદાળ ૭૨૦૦
અંગુરતુવેરદાળઆયાતી ૬૪૦૦
ગાય છાપ તુવેરદાળ ૬૦૦૦
કિસાન તુવેરદાળ ૬૨૦૦
પરખ ગોલ્ડ પ્રીમીયમ ૬૦૦૦
પરખ સ્પેશીયલ ૫૨૦૦
લાલપરી તીબાર જુના ૪૨૦૦
લાલપરી દુબાર જુના ૩૮૦૦
લાલપરી સ્પેશી.નવા ૪૪૦૦
લાલપરી દુબાર નવા ૩૯૦૦
રોયલ ટેસ્ટ બાસમતી ૪૦૦૦
લાલમંદિર બાસમતી ૩૬૦૦
ખાંડ બજાર
(બોરીના ભાવ)
ખાંડ એસ. ૩૫૫૦-૩૬૫૦
ખાંડ એમ. ૩૬૫૦-૩૭૫૦
ખાંડએલ. ૩૯૦૦
ચા-બજાર
સુરજ છાપ ચા ૩૦૦
હરણ છાપ ચા ૨૨૦
આખા મરચાં-હળદર
હળદર આખી રાજાપુરી ૭૦-૧૨૦
હળદર આખી રાજાપુરી ગટ્ટા ૧૦૦-૧૪૦
હળદર આખી સેલમ ૯૦
હળદર તળેલી સાંગલી ૮૦
મરચા વન્ડર હાટ ૨૦૫૦
મરચા વન્ડર મીડીયમ ૧૭૦૦
મરચા તેજા ૧૮૦૦
મરચું ગંતુર મીડીયમ ૧૯૦૦-૨૦૦૦
મરચા ટોમેટો ૨૨૦૦
મરચા ટોમેટો મીડીયમ ૧૯૦૦
કાશ્મીરી ૯૦
કાશ્મીરી મમરી ૯૦
સુપર પટની ૧૦૫
સુપર રજવાડી ૧૯૦
મરચા ડેડીકટ ૧૨૫
મરચાં ૫૮૦૦
ગોળ બજાર
વડેચા ગોલ્ડ ૧૦ કે ૪૪૦૦
વડેચા રજી ૧૦ કે. ૪૬૦૦
વડેચા ૫ કી. ૪૮૦૦
વડેચા ૧ કી. ૫૦૦૦
વડેચા ૨૫૦ ગ્રામ ૫૦૦૦
સાંગલી ૧૦ કે. ૪૩૦૦
ખોળ બજાર
દાણ ૭૦ કી.ગ્રા. ૬૫૦
મોરબી ખોળ ૧૦૫૦-૧૭૦૦
જીરાળુ ૧૭૪૦
ચૂની કોરમુ ૭૦ કિ.ગ્રા. ૯૨૦-૧૫૪૦
મકાઈ ૩૫ કી.ગ્રા. ૫૩૦
જવ ભરડો ૩૫ કી.ગ્રા.૫૭૦
પરચુરણ
સોજી ૭૮૦
મેંદો ૭૧૦
શ્રીફળ એમ. ૮૮૦
નિરમા સાબુ૫૨૫
મેદી ૬૦-૧૦૦
અજમો ૧૪૦-૧૭૦
સાકરીયા ૪૪૦૦
ખાંડ બુરૂ ૪૪૦૦
કોકમ ફુલ ૧૮૦
એલચી ૯૦૦-૧૧૦૦
મોરૈયો ૬૫-૯૪
તલ ૯૦-૧૦૦
ખસ-ખસ ૩૫૦-૫૮૦
સીંગદાણા ૬૫-૮૦
શાકભાજી(૨૦ કિલોના ભાવ)
દુધી ૨૦૦-૨૪૦
સુકી ડુંગળી ૭૦૦-૮૦૦
લસણ ૭૦૦-૮૦૦
ધાણા ૧૦૦૦-૧૨૦૦
મરચાં ૪૦૦-૫૦૦
લીબુ ૪૦૦-૫૦૦
અડવી પત્તા ૨૦૦-૩૦૦
આદુ ૬૦૦-૭૦૦
રીંગણ ૩૦૦-૪૦૦
ટામેટા ૭૦૦-૭૪૦
ભીંડા ૭૦૦-૮૦૦
કોબી ૪૦૦
વટાણા ૫૦૦-૬૦૦
ટીંડસા ૫૦૦-૬૦૦
ગવાર ૮૦૦-૯૦૦
બાદશાહ બટાકા ૧૪૦-૨૦૦
સાંગા બટાકા ૧૨૦- ૧૪૦
ચોળી ૬૦૦-૭૦૦
તુરીયા ૩૦૦-૬૦૦
તુવેર ૮૦૦-૯૦૦

રખેવાળ ના માધ્યમથી તમારા લાડલાને અથવા સ્નેહીને જન્મદિન શુભેચ્છાઓ.....

'જન્મદિન મુબારક' માં ભાગ લેવા આટલું કરો

★ તમારા સ્નેહીને વિનામુલ્યે જન્મદિન-મુબારક પાઠવવાનો નીચેની કુપનમાં જણાવેલ વિગત જન્મદિવસ તારીખ અગાઉ એક સપ્તાહ પહેલાં મળી જાય તે રીતે મોકલી આપવું.
★'રખેવાળ' માં પ્રસિદ્ધ થયેલ કૂપન સિવાય અન્ય કાગળોમાં મોકલેલ વિગતો ધ્યાને લેવાશે નહીં.
કૂપન સાથે જન્મ તારીખના દાખલાની ઝેરોક્ષ અવશ્ય મોકલવી.
★ જન્મદિન મુબારકમાં જો આપ ફોટો છપાવવા ઈચ્છતા હોવ તો તે માટે ટીકીટ સાઈઝ ફોટા માટે રૂા. ૧૦૦/- તથા ૪ સે.મી. સાઈઝ ફોટો માટે રૂા. ૨૫૦/- ચાર્જ એડવાન્સ મોકલી આપવાના રહેશે.

જન્મદિન મુબારક

નામ :........................ પતિ/પિતા :........................
માતા : ....જ.તા. ....ઉ.વ.
પરિચય: ....
સરનામુ : ....
મોકલનારની સહી : ....

તમે ગયા તો

સુકા પડયા છે સાવ સુના બગીચા
ફુલ છે ઘણા પણ હવે એ સુગંધ નથી, તમે ગયા તો
વાત એ છે કે તારા સ્પંદનથી થાય અહેસાસ
પણ હૃદય નહીં વચ્ચે એ લાગણી નથી.. તમે ગયા
હજુ યાદ છે એ દર્દ ભરેલી રાત છુટા પડયા તા
અફસોસ છે મિલનનું હવે એ માગણી નથી તમે ગયા તો
મારી જીંદગી છે હવે પાનખર અરે ઓ પ્રિય
આવશે એ વસંત ૠતુ હવે એ રાગીણી નથી તમે ગયા તો
થાશે હવે કોઈ રચના નવી ઓ પ્રિય
દર્દના આંસુ છલકાતી હવે એ રાતડી નથી તમે ગયા તો
તમે કહેતા હતા ને ચાલને રમીએ એ રમત
અફસોસ હારવા જીતવાની છે હવે એ ભાવના નથી તમે ગયા તો
કુદરતને કહ્યું આપ ફરી એ સુંદરતા
કુદરત કહે મજબુર છે હવે એ અંગ નથી તમે ગયા તો
તારી યાદમાં પડયા છે સુના ઝરૂખા કોઈ
આવીને ઝુલાવે છે હવે એ હાથ નથી તમે ગયા તો
તારો હાથ પકડી રસ્તે ચાલશું સાથે સાથે
અરે ઓ મુસાફર હવે એ રાહ નથી તમે ગયા તો
તારી સાથે જો સમય વર્તાય તો કંઈક જ
નહીં કહું એટલું હવે એ માયા નથી તમે ગયા તો

માયા ધરમાણી, ડીસા

તમારા નામનું

તમારા નામનું ઝાડ વાવજો જી રે !
હળવા તે હાથથી ઉગાડજો, તમારા નામનું ઝાડ વાવજો જી રે
છાણીયું ખાતર નીચે નાખજો જી રે !
સરવરનું નીર નીત સીંચજો, તમારા નામનું ઝાડ વાવજો જી રે !
ચોખાને કુમકુમથી વધાવજો જી રે,
દીપકથી આરતી ઉતારજો તમારા નામનું ઝાડ વાવાજો જી રે
આતમથી અધિક એને પાળજો જી રે,
સાચવજો સદાય એનું અંગ જો તમારા નામનું ઝાડ વાવજો જી રે !
બદલાની ન કદી ઈચ્છા રાખતા જી રે !
જીવતર થશે લીલા લહેર જો, તમારા નામનું ઝાડ વાવજો જી રે !
ફળફુલોને છાંયડો આપશે જી રે!
કાષ્ટ થઈ થશે અંતે રાખજો, તમારા નામનું ઝાડ વાવજો જી રે !

મંગળ રાવળ સ્નેહાતુર

ગઝલ

દરીયામ ધીમી ચાલતી સુરજ તો ડુબ્યો
કેવા કોઈ કુમારથી સુરજ તો ડુબ્યો
આખો દિવસ બદલતો રહે રૂખ કીરણ કરણ
આ ખરમાં રંગ લાલથી સુરજ તો ડુબ્યો
એ રીતે હોઠ સીવીને ક્ષિતીજો ઉભી રહી
જાણે કોઈ લિબાશથી સુરજ ડુબ્યો
લાગે અમસ્તુ દ્રશ્ય કફન કોઈ સાંજનું
થાકેલા કેવા હાલથી સુરજ તો ડુબ્યો
કાંઠે ઉભો રહીને કહે કોને અલવીદા ખુલશે
સવારે ભેદ બધા રાતના અમી
કેવાને શું ખયાતની શી સુરજ તો ડુબ્યો

સલીમભાઈકુંભાર

વનનાં ગીત

કવિ તું ગાજે વનનાં ગીત
મળશે તને કોયલનું સંગીત
જોઈને મયુર નર્તન તું નિત
કરીશ તું વન પંખીડાથી પ્રીત
જોઈને વનકન્યાનું સ્મીત
મળશે તને તેમાં તારાં ગીત
વધશે જ્યારે વનથી તારી પ્રીત
બનશે વૃક્ષો તારાં મનમીત
પ્રફુલ્લીત થાશે વનથી જ્યારે ચિત્ત
બનશે ત્યારે ગીત તારાં અજીત

નટવર હેડાઉ

ખાનદાની

ફુલદાની થુંકદાની પાનદાની હોય છે
બંગલાઓમાં હવે કયાં ખાનદાની હોય છે ?
આત્મહત્યા ઝુંપડાઓની જરૂરી સૌ પ્રથમ
એમની લાશો ઉપર આ મીજબાની હોય છે
સગવડો આપે છે અહીંયા સંતાનોને પ્રેમથી
દુષણો સામે ન એની સાવધાની હોય છે
ડોળ દેખાડો નર્યો દિવાનખંડોના ફલક,
હૃદય ખંડોની જગ્યા તો ખુબ નાની હોય છે
ભીંતમાં ભટકાય ને પડઘાય છે પૈસો ફકત
ખોખલા વૈભવ તણી જ્યાં મહેરબાની હોય છે
કે ના વું નિચોવવું દેખાડવું દબડાવવું
શ્રીમંતોની આટલી બસ જીંદગાની હોય છે
બંગલો, ગાડી ને સંપત હોય છે સઘળું છતાં
સાંઈ અંતરમાં અજંપાની કહાની હોય છે

સાંઈરામ દવે

જીંદગી

માયાના વમળોમાં આ જીંદગી બદલાઈ ગઈ
સાચા સાથીની શોધમાં આ જીંદગી ફેરવાઈ ગઈ
સુખ દુખના સંગમમાં આ જીંદગી વહેચાઈ ગઈ
ઝાકળના બીંદુમાં આ જીંદગી સમાઈ ગઈ
અશ્રુની ધારા સમી આ જીંદગી મૂર્છાઈ ગઈ
કરૂણા દયા ભાવમાં આ જીંદગી છવાઈ ગઈ
સુક્ષ્મ કણની માફક આ જીંદગી લુંટાઈ ગઈ
સમયના સથવારે આ જીંદગી અલ્પ થઈ ગઈ
જીવનની ક્ષણીક ઘડીઓ લુપ્ત થઈ અકળાઈ ગઈ
રાત દિનના ચક્રમાં પરમાર્થની આ જીંદગી સમેટાઈ ગઈ

સંકલન :પરમાર રમેશભાઈ એસ.
(માડકા)

અલખનાદ રાખું છું

વૃક્ષ સાથે પ્રેમ રાખું છું
શ્વાસનો સંબંધ રાખું છું
જીંદગી જેના થકી હોય છે
લાગણી ત્યાં તરબોળ રાખું છું
જીવને શીવથી જોડવા
અંતર અલખનાદ રાખું છું
મહેફીલનો શોર ત્યજી
પંખીનો કલરવ સંગ રાખું છું
વસુંધરાનો વારસો છે વનવાસી
પંચ મહાભુત પ્રમાણ રાખું છું

રાજેશ બારૈયા (બોરડા જી. ભાવનગર)

ભ્રષ્ટાચાર

જયાં જાવ ત્યાં લાંચ આપે થોડા પૈસા તો
થાય ઓળખાણને કામ ઓફીસ જાવ
બજાર જાવ જયાં જાવ ત્યાં
લાંચ મંદીર ગૌશાળા કે મંડળ
દવાખાના કે શાળા
બધે જ ચાલે છે ભ્રષ્ટાચાર
બેંક હોય કે પંચાયત બધે લાંચ ચાલે બધે
પૈસાની બોલબાલા,
ભાઈઓ શિક્ષણ વિજ્ઞાનયુગમાં
વધ્યો ભ્રષ્ટાચાર ઘણો
ગરીબ મધ્યમ વર્ગનુંથાય છે
જાહેરમાં શોષણ ભાઈ
વધ્યો બધે ભ્રષ્ટાચાર ભાઈ

સંકલન : બાબુભાઈ પી.ઠાકોર
(બીયોક)

રાધનપુરમાં મતદાતાઓએ મતદાન કર્યાના ફોટા પાડયા

રાધનપુર

રાધનપુર વિધાનસભા બેઠકનું મતદાન ગુરુવારે યોજાઈ ગયું,જેમાં યુવા મતદારોએ ભારે ઉત્સાહથી મતદાન કર્યું હતું,પરંતુ કેટલાક યુવાનોએ મતદાન કોને કર્યું છે તેની સાબિતી આપવા માટે ઈ.વી.એમ.મશીનમાં જે ઉમેદવારને મત આપ્યો હોય તે બટન દબાવીને ફોટા પણ પડ્યા હતા,અને મિત્રોને મોકલ્યા હતા.

પાટણની ગ્રીન પાર્ક સોસાયટીના બંધ મકાનમાંથી રૂા.૧.૧૬ લાખની મત્તાની ચોરી

પાટણ

પાટણ ખાતે આવેલ ગ્રીન સોસાયટીમાં તસ્કરોએ એક બંધ મકાનનું તાળું તોડી રોકડ રકમ અને સોના - ચાંદીના દાગીના સહિત મળી કુલ રૂા.૧.૧૬ લાખની માલમત્તા ચોરી ગયા હતા. જે બાબતની જાણ મકાન માલીકને થતાં તેઓએ પાટણ શહેર બી. ડીવીઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસ ચલાવેલ છે. જાણવા મુજબ પાટણના ચાણસ્મા રોડ પર આવેલી ગીન - ૨ સોસાયટીમાં રહેતા વીષ્ણુભાઈ રણછોડભાઈના બંધ મકાનનું તસ્કરોએ તાળુ તોડી અંદર પ્રવેશ કરી તીજોરીમાં રાખેલ નાના ધરેણાં, ગીફટો, સોનાની વીંટી, ગળાનો સોનાનો દોરો તથા રોકડ રકમ મળી કુલ રૂા.૧.૧૬ લાખની માલમત્તા ચોરી જતાં વીષ્ણુભાઈ પટેલે બી ડિવીઝનમાં ફરિયાદ નોંધાવી હતી.

મહેસાણાના કોંગ્રેસી ઉમેદવારનાં ચૂંટણી કાર્યાલય પર મોડી રાત્રે બુકાનીધારી શખસોનો હુમલો

મહેસાણા

મહેસાણા વિધાનસભા બેઠકના કોંગ્રેસના ઉમેદવાર જીવાભાઈ પટેલના ચૂંટણી કાર્યાલય પર ગઈ મોડીરાત્રે એક વાગ્યે બુકાનીધાની શખસોએ ત્રાટકી ધાંધલ-ધમાલ મચાવી ભારે તોડફોડ કરતા અફરાતફરી મચી ગઈ હતી. પ્રાપ્ત માહિતી અનુસાર આ બનાવની વિગત એવી છે કે મહેસાણા બેઠકના કોંગ્રેસી ઉમેદવાર જીવાભાઈ પટેલનું રાધનપુર રોડ પર ચૂંટણી કાર્યાલય આવેલું છે. આચારસંહિતાના કારણે ગઈકાલે રાત્રે કાર્યાલય બંધ કરી કાર્યકરો કાર્યાલયની આજુબાજુમાં બેઠા હતા ત્યારે રાત્રીના ૧૨-૩૦ થી ૧-૦૦ વાગ્યાના સુમારે પલ્સર બાઈક પર સાતથી આઠ બુકાનીધારી શખસો કાર્યાલય પર ત્રાટક્યા હતા. કોંગ્રેસના કાર્યકરો કંઈ પણ વિચારે તે પહેલાં આગંતુકો લાકડીઓ અને હોકી જેવા હથિયારો સાથે તૂટી પડ્યા હતા અને ખુરશીઓ તેમજ અન્ય ફર્નીચરનો તોડફોડ કરી ભારે નુકસાન પહોંચાડી હુમલાખોરો બાઈક પર નાસી છૂટ્યા હતા. બનાવની જાણ થતા પોલીસે તાત્કાલીક પહોંચી જઈ કાર્યવાહી હાથ ધરી હતી.

પાટણમાં બીએસએનએલના કર્મચારીઓ હડતાલ પર ઉતરતા ધારકો પરેશાન

પાટણ

પાટણ જિલ્લામાં બીએસએનએલના ૧૦૦ જેટલા કર્મચારીઓ પોતાની પડતર માંગણીઓને લઈ બે દીવસની હડતાલ પર ઉતરી સરકાર સામે વિરોધ પ્રદર્શન કર્યું હતું. બીએસએનએલ કંપની અને કંપનીના કાર્ડ વેચતા ધારકોનું ત્રીજું પગારપંચ સહિત વિવિધ માંગણીઓને લઈ અનેકવાર રજુઆત કરવા છતાં તેમની માગ સ્વીકારવામાં ન આવતાં ગત મંગળવારે ટેલિફોન એક્ષચેજ ઓફિસ ખાતે બીએસએનએલના ૧૦૦ જેટલા કર્મચારીઓ બે દીવસ હડતાલ પર ઉતાર્યા હતા. જો તેમની માંગણી સ્વીકારવામાં નહિ આવે તો સરકારે ભારે પરિણામ ભોગવવું પડશે. આમ તમામ કર્મચારીઓ હડતાલ પર ઉતરતા ધારકોને મુશ્કેલી ભોગવવાનો વારો આવ્યો છે.

ભાજપથી એક વર્ષમાં શિવસેના અલગ થઈ જશે : આદિત્ય ઠાકરે

મુંબઈ

મહારાષ્ટ્રમાં ભાજપ અને શિવસેનાનું ગઠબંધન સંકટમાં નજરે પડી રહ્યું છે. શિવસેના અધ્યક્ષ ઉદ્ધવ ઠાકરેના પુત્ર આદિત્ય ઠાકરેએ એ વાતનો સ્પષ્ટ સંકેત આપ્યો છે કે ૨૦૧૯ની ચુંટણી શિવસેના એકલા હાથ લડશે શિવસેનાએ કહ્યું કે તે એક વર્ષની અંદર ભાજપના નેતૃત્વવાળી સરકાર છોડી દેશે. શિવસેનાની સરકારથી અલગ થવાની આ એક નવીનતમ ચેતવણી એ વાતનો સંકેત આપે છે કે પાર્ટી ૨૦૧૯ની ચુંટણી એકલા હાથે લડશે ભાજપની સાથે પોતાના કડવાહટ ભર્યા સંબંધને જાહેર કરી રહેલ શિવસેના આ પહેલા પણ એનડીએ સરકારથી બહાર થવાની અનેકવાર ધમકી આપી ચુકી છે.

વિવિધ બજાર ભાવ

પાટણ		એરંડા	૮૭૦-૮૭૩
એરંડા	૮૪૦-૮૮૩	રાયડો	૬૭૫-૭૧૦
મેથી	૪૭૦-૬૧૬	ગવાર	૬૯૯-૭૧૧
સુવા	૯૪૮-૧૦૪૮	ઘઉં	૩૧૫-૩૫૧
રાયડો	૬૫૦-૭૨૦	બાજરી	૨૨૪-૨૬૪
જીરૂ	૨૪૭૧-૩૬૨૭	મગ	૬૮૮-૯૫૩
વરી.	૧૦૦૦-૧૨૦૦	તલ	૧૬૧૫-૧૭૯૦
જુવાર	૫૬૬-૬૫૧	અડદ	૬૯૦-૮૧૨
તલ	૧૪૦૦-૧૬૪૬	મગફળી	૯૦૦
મગફળી	૬૭૦-૭૩૫	**સિદ્ધપુર**	
ઘઉં	૩૨૧-૩૫૭	ઘઉં	૩૩૩-૩૬૯
બાજરી	૨૧૧-૨૮૧	બાજરી	૨૦૦-૨૮૨
મગ	૬૦૦	જુવાર	૫૦૧-૬૭૨
બંટી	૩૫૫-૩૫૬	કપાસ	૯૦૦-૧૦૦૧
અડદ	૭૪૫-૮૯૮	એરંડા	૮૫૧-૮૯૫
ગવાર	૫૯૫-૭૪૧	અડદ	૭૪૦-૯૧૬
કપાસ	૯૧૫-૧૦૦૮	જીરૂ	૨૯૦૫-૪૦૭૦
થરા		રાયડો	૬૬૦-૬૯૨
જીરૂ	૩૭૦૦-૩૯૦૦	ગવાર	૬૬૩-૭૩૫

કડી: ટ્રેક્ટરની ટ્રોલી પાછળ બાઈક ઘૂસી જતાં પિતા-પુત્રનાં મોત

કડી

કડીના રાજપુર ગામે રહેતા પરપ્રાંતિય પિતા-પુત્ર બુધવારે બાઈક લઈને અમદાવાદ દવા લેવા જઈ રહ્યા હતા, ત્યારે બોરીસણા નજીક રોડ પર ઉભેલા ટ્રેક્ટરની ટ્રોલી પાછળ તેમનું બાઈક ઘૂસી ગયું હતું. આ અકસ્માતમાં બંને પિતા-પુત્રના ગંભીર ઈજાના કારણે મોત થયા હતા. મૂળ ઉત્તરપ્રદેશના વતની અને છેલ્લા ૪૦ વર્ષથી કડીના રાજપુર ગામે રહેતા રામપ્યારે ઈલેક્ટ્રીકનું કામ કરી પરિવારનું ગુજરાન ચલાવતો હતો. બુધવારે બપોરે તેના પિતા બુધઈરામ અમદાવાદ દવા લેવા જવાનું હોઈ બંને પિતા-પુત્ર બાઈક (GJ 18 CD 1346) લઈને અમદાવાદ જવા નીકળ્યા હતા.

કડીના થોળ રોડ પર બોરીસણા નજીક અકસ્માત

બપોરે એક વાગે તેઓ બાઈક લઈને થોળ રોડ પર બોરીસણા ગામ નજીકથી પસાર થઈ રહ્યા હતા, ત્યારે દરમિયાન રોડ પર પાર્ક ટ્રેક્ટર (જીજે ૦૨ જી ૪૦૮૬)ની ટ્રોલીની પાછળ બાઈક ઘૂસી ગયું હતું. જે અકસ્માતમાં પિતા-પુત્રનું ઘટના સ્થળે જ મોત નીપજ્યું હતું. બનાવની જાણ રાજપુરના મિત્રોને થતાં તાત્કાલીક બનાવ સ્થળે દોડી આવ્યા હતા. કડી પોલીસે બંનેના મૃતદેહોનું કડી સરકારી હોસ્પિટલમાં પીએમ કરાવી વાલીવારસોને સોંપ્યા હતા. ઘટના અંગે કડી પોલીસે ટ્રેક્ટર ચાલક વિરુદ્ધ ફરિયાદ નોંધી છે.

મહેસાણામાં માર્ગ અકસ્માતમાં પાંચના મોત, ચારને ઈજા થઈ

મહેસાણા

મહેસાણા જીલ્લાના લાધણજમાં આજે માર્ગ અકસ્માતમાં એક જ પરિવારના ચાર સભ્યો સહિત પાંચ લોકોના મોત નિપજયા હતાં જયારે અન્ય ચારને ઈજા થઈ હતી.આ ઘટનાની જાણ થતાં જ પોલીસ ઘટના સ્થળે દોડી ગઈ હતી અને ઈજા પામેલાઓને હોસ્પિટલમાં મોકલી આપ્યા હતાં અને આ અંગે વધુ તપાસ શરૂ કરી હતી.

પોલીસના જણાવ્યા અનુસાર મહેસાણા અમદાવાદ રાજમાર્ગ પર મંડાલી ગામ નજીક સવારે અમદાવાદ બેચરાજીની મોટપ ગામ તરફ જઈ રહેલ કારનું ટાયર ફાટી જવાથી તે અનિયંત્રિત થઈ ડિવાઈડર પાર કરી ગઈ અને વિપરીત દિશામાં આવી રહેલ કારને ટકરાઈ હતી જેથી કારમાં સવાર મોટપ નિવાસી ઈશ્વરભાઈ ૬૫,તેમની પત્ની હંસાબેન ૬૨, તેમનો પુત્ર હાર્દિક ૩૦ તેમની પુત્રી ઝીલ ૯ અને ભાવશ પટેલ ૨૯ના ઘટના સ્થળે જ મોત નિપજયા હતાં જયારે અન્ય ચારને ઈજા થઈ હતી જેમને હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે.

પાટણમા અંબિકા શાક માર્કેટ નજીક બાઈક ઊંટલારીને અથડાતા ૩ ને ઈજા

પાટણ

પાટણમાં અંબિકા શાકમાર્કેટથી વેરાઈ ચકલા તરફ જવાના માર્ગ પર ગત બુધવારે સાંજે બાઈક અને ઉંટલારી વચ્ચે થયેલા અકસ્માતમાં બાઈક ચાલક સહિત ત્રણને ઈજા થવા પામી હતી.

જાણવા મળતી વિગતો અનુસાર પાટણમાં અંબિકા શાક માર્કેટમાં આવજા કરવા માટેના બે રસ્તા છે આગળના ભાગેથી નિકળતા વાહનો વેરાઈ ચકલા થઈને અન્ય રોડ પર જાય છે. ત્યારે ગત બુધવારે સંખારી બાજુના વિસનજી ઠાકોર પોતાના બાઈક પર ત્રણ સવારી સાથે શાકમાર્કેટમાં કોઈ કામકાજ અંગે આવેલા બાદમાં ત્યાંથી પરત જવા વેરાઈ ચકલા તરફ જતા હતા ત્યારે સામેથી પુરઝડપે આવતી ઊંટલારી જેમાં ફુલેવર ભરેલું હતું. તેને બાઈક અથડાતા પડતા બાઈક ચાલક સહિત ત્રણ જણાને હાથ પગે ઈજાઓ થઈ હતી. તેમજ ઊંટલારીને આગળના ભાગે થોડું નુકસાન થયું હતું.

અત્રે નોંધવું ઘટે કે શાકમાર્કેટથી વેરાઈ ચકલાનો માર્ગ ખૂબ જ સાંકડો હોવાથી અઠવાડિયામાં બે ત્રણ વાર અકસ્માતના બનાવો બન્યા વિના રહેતા નથી.

રાધનપુરમાં રેફરલ હોસ્પિટલ આગળ પાણીનુ તળાવ ભરાયું, દર્દીઓ પરેશાન

કમલ ચક્રવર્તી

રાધનપુર

રાધનપુરમાં અત્યાધુનિક રેફરલ હોસ્પિટલમાં પાટણ, બનાસકાંઠા અને કચ્છ જિલ્લાના દર્દીઓ સારવાર માટે આવતા હોય છે, પરંતુ આ રેફરલ હોસ્પિટલના પ્રવેશદ્વાર આગળ જ છેલ્લા કેટલાય સમયથી પાણીનું તળાવ ભરાયું હોવાથી દર્દીઓને હોસ્પિટલમાં કેવી રીતે જવું એ સવાલ ઉભો થાય છે,નવાઈની વાત તો એ છે કે આ ગંદા પાણીમાં જ થઈને પ્રાંત અધિકારી, મામલતદાર, પોલીસ ઈન્સ્પેક્ટર સહિતના અધિકારીઓને નીકળવું પડે છે, તેમ છતાંય કોઈનાયે પેટનું પાણી હાલતું નથી,કારણકે અધિકારીઓ ગાડીમાં બેસીને નીકળે છે,જેથી તેમને કોઈ જ તકલીફ નથી પડતી પરંતુ ગરીબ દર્દીઓને તો ના છૂટકે આ ગંદા પાણીમાં થઈને જવું પડે છે કાં તો સાઈડે સાઈડે જોખમી રીતે ચાલીને રેફરલ હોસ્પિટલમાં જવું પડે છે,તંત્ર દ્વારા તાત્કાલિક આ ગંદા પાણીનો નિકાલ થાય તેવું જનતા ઈચ્છે છે,જો ગંદુ પાણી નહિ હટે તો રોગચાળો પણ ફાટી નીકળે તેમ છે.

પાટણમાં ચેક બાઉન્સ થવાના કેસમાં આરોપીને છ માસની સજા ફટકારતી કોર્ટ

પાટણ

પાટણની જ્યુ.કોર્ટે ગત બુધવારે રૂા. ૧૩,૩૦,૭૫૫ નો ચેક બાઉન્સ થવાના કેસમાં એક આરોપીને છ માસની સાદી જેલની સજા ફટકારી હતી. તથા ચેકની રકમની દોઢી રકમ એટલે કે રૂા. ૧૮,૦૯,૮૦૦ ની રકમનું વળતર ફરિયાદીને ચુકવવાનો આદેશ કર્યો હતો અને જો વળતરની રકમ ન ચુકવે તો વધુ ત્રણ માસની કેદની સજા ફટકારી હતી.

સદર કેસની વિગત એવી છે કે પાટણના નવા ગંજબજારની આર.આર. ટ્રેડર્સના પ્રોપરાયટર રાજેબેન રોહિતભાઈના કુલ મુખત્યાર જયંતિભાઈ નારણભાઈ પટેલ (રહે. પાટણ) ની પેઢીમાંથી ગંજબજારના વેપારી જય જલારામ એન્ટરપ્રાઈઝના પ્રોપરાઈટર ચંદ્રેશ ત્રિકમભાઈ ઠક્કર (રહે.પાટણ) એ તા.૮/૨/૧૨ ના રોજ રૂા. ૩,૩૪,૩૩૯ નો તા. ૯/૨/૧૨ ના રોજ ૪,૫૩,૫૧૦ નો તથા ૧૨/૨/૧૩ ના રોજ ૪,૪૩,૨૦૩ નો ગવાર ખરીદ્યો હતો. તથા ચંદ્રેશે બે લાખની રકમ ઉછીની તા. ૧૨/૧૨/૧૩ ના રોજ લીધી હતી. આ રૂા. બે લાખની રકમ પેટે જયંતિભાઈએ આપેલો એક તેને વટાવી દીધો હતો. આમ કુલ રકમ રૂા. ૧૧,૩૦,૭૫૫ ની ગવાર ખરીદી પેટે બે લાખની રકમ મળી કુલ રૂા.૧૩,૩૦,૭૫૫ ની રકમની લેણી રકમ પેટે આરોપી ચંદ્રેશે જયંતિભાઈને નાગરિક બેન્કનો તા. ૧૮/૨/૧૩ નો ચેક આપ્યો હતો. જે એક જયંતિભાઈએ તા. ૬/૫/૧૩ નામ રોજ પોતાના ખાતામાં ક્લિયરીંગ માટે જમા કરાવતા ચંદ્રેશના ખાતામાં બેલેન્સ ન હોવાથી ચેક પરત થતાં જયંતિભાઈ પટેલે તેને નોટીસ આપી હતી. બાદમાં ફરિયાદ કરી હતી. સદર કેસ પાટણની જ્યુ.કોર્ટમાં ચાલી જતાં જજ ડી.જે.વ્યાસે આરોપી ચંદ્રેશ ઠક્કરને ૬ માસની સાદી કેદની સજા અને રૂા. ૧૮,૦૯,૮૦૦ નું વળતર ચુકવવાનો આદેશ કર્યો હતો.

મુસ્લિમ સમાજના અગ્રણીએ રૂા. ૫૦,૦૦૦/- નું દાન એલ.એન.એમ લાયન્સ હોસ્પિટલને અર્પણ કર્યું

ચાણસ્મા

મુસ્લિમ સમાજના અગ્રણી અને સોયબ કન્સ્ટ્રક્શનના માલિક સુમાર ખમીશા કુંભાર અને તેમના પુત્ર અલી સુમાર કુંભારે ભુજની લાયન્સ હોસ્પિટલની સેવાઓથી પ્રભાવિત થઈ અને જણાવ્યું હતું કે આ હોસ્પિટલમાં કોઈપણ જ્ઞાતિના ભેદભાવ વગર સર્વધર્મ સમભાવની ભાવનાથી સેવા થઈ રહી છે. તે ધ્યાનમાં લઈ આ દાતાએ કિડની ડાયાલીસીસના દર્દીઓને મદદરૂપ થવા માટે રૂા. ૫૦,૦૦૦/- નું દાન હોસ્પિટલના ચેરમેન લાયન ભરત મહેતાને અર્પણ કર્યું હતું. આ પ્રસંગે પ્રેસિડેન્ટ લાયન ભુપેન્દ્ર પટેલ પણ હાજર રહ્યા હતા.

તેવું હોસ્પિટલના મીડીયા કન્વીનર લાયન નવીન મહેતાની યાદીમાં જણાવવામાં આવેલ.

વિસનગરના હસનપુરામાં મતદાન વચ્ચે પથરમારો : ૧૦ લોકો ઘાયલ

વિસનગર

બીજા તબક્કામાં થઈ રહેલા મતદાન વચ્ચે પથ્થરમારાનો બનાવ સામે આવ્યો છે. વિસનગરના હસનપુરા ગામબે પથ્થરમારાની ઘટના બની છે. જેમાં પોલીસે કેટલાક શખ્સોની અટકાયત કરી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, મહેસાણાના વિસનગર તાલુકાના હસનપુરા ગામે સવારથી રાબેતા મુજબ મતદાન શરૂ થયું હતું. મતદાન માટે કતારમાં ઉભેલા મતદાતાઓ પર અસમાજિક તત્ત્વોએ પથ્થરમારો કર્યો હતો. આ પથ્થરમારામાં ૧૦ લોકો ઘાયલ થયા છે. જેમને સારવાર માટે તાત્કાલિક વિસનગરની સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. સૂત્રો દ્વારા પ્રાપ્ત માહિતી અનુસાર, ઈલેક્શનને લઈને બે જૂથ વચ્ચે બોલાચાલી થઈ હતી. જેને કારણે સમગ્ર મામલો બિચક્યો હતો અને મતદારો પર પથ્થરમારો કરાયો હતો.

આ અંગે પોલીસને જાણ થતા તાત્કાલિક દોડી આવી હતી અને કેટલાક શખ્સોની અટકાયત પણ કરી છે. હાલ આ મામલે પોલીસ તપાસ કરી રહી છે.

હિંમતનગરના ઈલોલમાં સાસરીયાના ત્રાસથી પરિણીતાએ કેરોસીન છાંટી અગ્નિસ્નાન કર્યું

હિંમતનગર

હિંમતનગર તાલુકાના ઈલોલ ગામની પરિણીતાએ પતિ તથા સાસુમા શારિરીક - માનસિક ત્રાસના કારણે તંગ આવીને પોતાના શરીર પર કેરોસીન છાંટી અગ્નિસ્નાન કરી જીવતર ટુંકાવી દેતાં ચકચાર મચી જવા પામી હતી.

હિંમતનગરના સુંદરગઢ ગામે રહેતા મૃતક પરિણીતાના પિતા અરવીંદભાઈ કચરાભાઈ મકવાણાએ નોંધાવેલ ફરિયાદ ના આધારે હિંમતનગર પોલીસે પતિ પ્રકાશ કરસનભાઈ સોલંકી સાસુ લાડુબેન કરસનભાઈ વીરૂધ્ધ ઈપીકો કલમ ૩૦૬ તથા ૪૯૮ (ક) હેઠળ ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

ફરિયાદી અરવીંદભાઈ મકવાણાની પુત્રી કોમલ (ઉં.વ.૨૮)ના લગ્ન આજથી ૧૧ માસ ઉપર ઈલોલ ગામના આરોપી પ્રકાશ કરસનભાઈ સોલંકી સાથે થયા હતા. પ્રકાશના કોમલ સાથેના આ બીજીવારના લગ્ન હતા. લગ્ન બાદ કોમલ પતિ ગૃહે આવી હતી. માત્ર ૧૧ માસના ટુંકા લગ્ન જીવન દરમ્યાન પતિ પ્રકાશ અને સાસુ લાડુબેન અનેકવિધ રીતે વાંધાવચકા કાઢી કોમલ પર શારિરીક માનસિક ત્રાસ ગુજારવાનું ચાલુ રહેતા કોમલે ત્રાસી ઉઠીને ગત ૧૧ ડીસેમ્બરે બપોરના સમયે પોતાના શરીર પર કેરોસીન રેડી દિવાસળી ચાંપી હતી. બાદમાં તેણીને સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવી હતી પરંતુ સખ્ત રીતે દાઝી જતાં પાછળથી તેનું મોત થયું હતું.

કડીના ધરમપુર ખાતે સગીરા પર દુષ્કર્મનો પ્રયાસ થતાં પોલીસમાં રાવ

મહેસાણા

કડીના ધરમપુરની સીમમાં એક સગીરા પર દુષ્કર્મ કરવાનો પ્રયાસ કરવામાં આવતા ગામમાં ચકચાર મચી જવા પામી છે. આ અંગે ગામના બે શખ્સો સામે બાવલુ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસ હાથ ધરી છે.

જાણવા મળતી વિગતો અનુસાર બાવલુ પોલીસ મથકે ધરમપુરના ચંદુજી પ્રતાપજી ઠાકોર અને રેવાભાઈ ઠાકોર સામે ફરિયાદ નોંધાવામાં આવી છે.

ફરિયાદમાં જણાવ્યા અનુસાર આરોપીઓએ ગત બુધવારે ગામની સીમમાં એક સગીરાને ખેતરમાં ખેંચી જઈ તેની પર દુષ્કર્મનો પ્રયાસ કરતાં સગીરાએ બંનેનો હિંમતપૂર્વક સામનો કરી ભાગીને ઘરે આવી પરિવારજનોને હકીકત જણાવતા બાવલુ પોલીસ મથકે બે આરોપીઓ સામે ફરિયાદ નોંધાવામાં આવી હતી.

રાધનપુર વિધાનસભા બેઠક ઉપર ભાજપ અને કોંગ્રેસના જીતના દાવા

રાધનપુર

રાધનપુર વિધાનસભા બેઠકનું મતદાન પૂર્ણ થયા બાદ ભાજપ અને કોંગ્રેસ થયેલા મતદાન આધારે તેમને કેટલા મત મળશે અને કેટલા મતે વિજય થશે તેના આંકડા ગોઠવીને સંતોષ માની રહ્યા છે,ભાજપના અગ્રણીઓ દસ હજાર કરતા વધુ મતે વિજયનો અંદાઝ લગાવી રહ્યા છે ત્યારે કોંગ્રેસના અગ્રણીઓ ૬૩૩૪ મતે વિજય થશે તેમ ગણતરી માંડી રહ્યા છે,આ બેઠક ઉપર કુલ ૨,૫૮,૯૪૯ મતદારો છે, જેમાંથી ૧૭૬૧૫૭ મતદારોએ મતદાન કર્યું છે, એટલે કે ૬૮.૦૩ ટકા મતદાન થવા પામ્યું છે,જેમાં કયાં સમાજે કેટલું મતદાન કર્યું છે તેના અંદાઝ મારીને જીતના આંકડા મુકવામાં આવી રહ્યા છે,આ મતવિસ્તારમાં ઠાકોર સમાજના સૌથી વધુ ૭૪૯૯૪ મતદારો છે, જેમાંથી ૫૬૨૪૫ મતદારોએ મતદાન કર્યું હોવાના આંકડા મુકવામાં આવે છે,આ ઉપરાંત ચૌધરી સમાજના ૨૨૫૨૬ માંથી ૧૬૮૯૪, દલિત સમાજ ૧૯૭૪૧ માંથી ૧૩૮૧૮, મુસ્લિમ ૧૯૪૯૪ માંથી ૧૫૫૯૫, આહીર ૧૬૦૫૩ માંથી ૧૦૪૩૪, રબારી ૧૫૪૭૬ માંથી ૧૦૦૫૯ મતદારોએ મતદાન કર્યું હોવાના અંદાઝ લગાવવામાં આવ્યા છે, આ ઉપરાંત અન્ય સમાજના મતદાનના આંકડા મૂકીને પોતાને કેટલા મત મળશે તેનો અંદાઝ લગાવી જીતનો અંદાઝ લગાવ્યો છે, બંને પક્ષની ધારણા મુજબ ઠાકોર સમાજે અલ્પેશ ઠાકોરને કારણે કોંગ્રેસને વધુ મત આપ્યા છે, જયારે મુસ્લિમ અને દલિત સમાજે પણ ભાજપ કરતા કોંગ્રેસને વધુ મત આપ્યા છે, ચૌધરી સમાજે ભાજપને ભરપૂર મતદાન કર્યું છે,અન્ય સમાજની વાત કરીએ તો આહીર, રબારી, ભરવાડ સહિતના સમાજોએ ભાજપમાં પોતાનો વિશ્વાશ વ્યક્ત કર્યો છે,અને ખોબલે-ખોબલે ભાજપને મત આપ્યા છે.આવું બંને પક્ષ માને છે,તમામ સમાજના આંકડા મૂકીને બંને પક્ષે કેટલા મત આપ્યા હશે તેનો અંદાઝ મારીને બંને પક્ષે પોતાની જીતના દાવા કર્યા છે, કોંગ્રેસના ઠાકોર અગ્રણી અને અલ્પેશજી ઠાકોરની સાથે પડછાયાની જેમ સતત પ્રચારમાં સાથે રહેલા જોરાજી ઠાકોરના જણાવ્યા મુજબ સમગ્ર ઠાકોર સમાજે કોંગ્રેસ તરફી મતદાન કર્યું છે,અને અલ્પેશજી ઠાકોરને મતગણતરીના દિવસે અબીલ-ગુલાલ અને ફુલહાર તૈયાર રાખવાની પણ રજુઆત કરી દેવામાં આવી છે,જયારે દલિત સમાજના અગ્રણી અને શહેર કોંગ્રેસ પ્રમુખ કાનજીભાઈ પરમારના જણાવ્યા મુજબ દલિત સમાજે ૮૦ ટકા મતદાન કોંગ્રેસ તરફી કર્યું છે,અને અલ્પેશજી ઠાકોરની જીત નક્કી જ છે,આ બાજુ ભાજપના જિલ્લાના મહામંત્રી પ્રવીણભાઈ મહાલક્ષ્મીના જણાવ્યા મુજબ ભાજપના લવિંગજી ઠાકોરનો વિજય નિશ્ચિત જ છે,દસ હજાર કરતા વધુ મતોથી ભાજપનો વિજય થવાનો છે. આમ બંને પક્ષના દાવા થઈ રહ્યા છે ત્યારે ૧૮ મીએ કોનો દાવો સાચો ઠરે છે તે જોવાનું રહે છે.

ડીસાના જાવલ ગામે ચૂંટણીની અદાવતે સામસામી ફરિયાદ

મતદાન એજન્ટ પર ખોટુ મતદાન કરવાના આરોપને કારણે થયેલી બબાલ : ૧૫ વ્યક્તિઓ વિરૂદ્ધ મારામારી અને લૂંટની ફરિયાદ

ડીસા

ડીસા તાલુકાના જાવલ ગામે ગુરૂવારે ચૂંટણીના મતદાન સમયે ખોટું મતદાન કરાવતા હોવાની બાબત માં થયેલી બબાલ ગામમાં ઉગ્ર સ્વરૂપ ધારણ કર્યું હતું અને બે જૂથો વચ્ચે ઝઘડો થતાં ડીસા તાલુકા પોલીસ મથકમાં બંને જૂથોએ સામસામે મારામારી અને સોનાના દોરાની લૂંટની ફરિયાદ નોંધાવી છે.

આ અંગેની વિગત એવી છે કે ડીસા તાલુકાના જાવલ ગામે રહેતા કાળુભાઈ વણવીરભાઈ ચૌધરી ડીસા વિધાન સભા ભાજપના ઉમેદવાર શશીકાંતભાઈ પંડયા ના મતદાન એજન્ટ હોઈ તેઓ જાવલ પ્રાથમિક શાળાના બુથ નંબર ૩૬માં બેઠા હતા ત્યારે અપક્ષ ઉમેદવાર બહાદુરસીંગ વાઘેલા ના ટેકેદારો અને જાવલ ગામમાં જ રહેતા વિરમસિંહ શંકરજી ઠાકોર ત્યાં આવ્યા હતા અને તું ખોટું મતદાન કરાવે છે તેમ કહી તેને પકડી બહાર ખેંચી સાત જણા ભેગા થઈ ગડદાપાટુનો મારમારી કાળુ ભાઈના ગળામાંથી સોનાની સોનાની ચેન ખેંચી લીધી હતી. જે અંગે કાળુભાઈએ ડીસા તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાવી છે. જ્યારે સામે પક્ષે વિરમસિંહ શંકરજી વાઘેલાએ પણ ફરિયાદ નોંધાવી છે. જેમાં જણાવાયું છે કે, તેઓ તેમના પિતા શંકરજી સાથે વોટિંગ કરવા આવ્યા ત્યારે એમના પિતા ક્યાં મતદાન કરવું તેમ પૂછતા હતા અને તેમણે તમારે બુથ ૨ માં મતદાન કરવાનું છે તેમ જણાવ્યું તો કાળુભાઈ સહિત અન્ય શખ્સોએ તેમને પકડીને બહાર કાઢી મુક્યા હતા ઝપાઝપી કરી ગદડાપાટુનો માર મારી અને તેમના પિતાના ખિસ્સામાંથી ૨૦૦ રૂપિયા કાઢી જ્યારે રતનસીંહના ગળામાંથી દોઢ તોલા સોનાની ચેન ખેંચી લેવાઈ હતી.

પોલીસે બંને પક્ષોની ફરિયાદના આધારે મારામારી અને સોનાના દોરાની લૂંટની ફરિયાદ નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

આરોપીના નામ

રતનસિંહ શંકરજી વાઘેલા, શંકરજી ગેલાજી વાઘેલા, ગોબરજી ભાવુજી વાઘેલા, વિરમસિંહ શંકરજી વાઘેલા, માલાજી શંકરજી વાઘેલા, ગોમનસિંહ ધાવુજી વાઘેલા, દશુભા ગમનસિંહ વાઘેલા, વિક્રમસિંહ જામાજી વાઘેલા, ઉદેસીંગ ભાભુજી વાઘેલાર, કાળાભાઈ વણવીરભાઈ ચૌધરી, કામરાભાઈ વજાભાઈ ચૌધરી, મનજીભાઈ ધનાભાઈ ચૌધરી, ભીખાભાઈ વણવીરભાઈ ચૌધરી, સણદેવભાઈ વીરાભાઈ ચૌધરી, વિરાભાઈ જોઈતાભાઈ ચૌધરી રહે. તમામ જાવલ, તા.ડીસા.

ડીસાના તેરમીનાળા વિસ્તારમાં બાળકોને ખોરાકી ઝેરની અસર

બગીચામાં રમતા-રમતા રતન જયોતના બીજ ખાતાં ઝાડા-ઊલટી થતાં સારવાર હેઠળ

ભરત સુંઢેશા

ડીસા

ડીસા તાલુકાના તેરમી નાળા વિસ્તારમાં ગુરૂવારે મોડી સાંજે કેટલાક બાળકો બગીચામાં રમી રહ્યા હતા ત્યારે બગીચામાં ઉગેલ રતનજયોત છોડના બીજ ખાતા કેટલાક બાળકોને ખોરાકી ઝેરની અસર થતાં ઝાડા ઉલટી થવા લાગ્યા હતા બાળકોને સારવાર માટે ડીસા અને બાદમાં પાલનપુર સિવિલ હોસ્પિટલ લઈ જવાયા હતા.સારવાર મળતાં તમામ બાળકોને સારૂ છે.

ડીસા શહેરમાં આવેલ તેરમીનાળા વિસ્તારમાં ગુરુવારે વસાહત નાના ભુલકાઓ બગીચામાં રમતા હતા. તે દરમિયાન આ ભુલકાઓએ રત્નજ્યોત છોડના બીજ ખાતા ખોરાકી ઝેરની અસર થઈ હતી.

જેમાં મિત્તલ મહેશભાઈ માજીરાણા, ખુશી પ્રતાપભાઈ માજીરાણાને અચાનક મોઢામાંથી લોહી અને ઉલટી નીકળવા માંડ્યું હતું અને એકાએક બેભાન થવા લાગ્યા હતા.

આ ઘટનાની જાણ બાજુમાં રહેતા લોકોને થતા તમામ ભૂલકાઓને તાત્કાલિક સારવાર અર્થે ૧૦૮ એમ્બ્યુલન્સ વાન મારફતે ડીસા સિવિલ હોસ્પિટલ માં લઈ જવામાં આવ્યા હતા. પરંતુ હાલત ગંભીર હોવાથી વધુ સારવાર અર્થે પાલનપુર સિવિલ હોસ્પિટલ મ ખસેડવામાં આવ્યા હતા.જ્યાં અત્યારે તેમની સ્થિતિ સારી છે તેમ તબીબોએ જણાવ્યું હતું.

ધાનેરાના ચારડા ગામે થયેલ હુમલા બાબતે આવેદનપત્ર

મધ્યાહન ભોજન સંચાલકોની ઉપવાસની ચીમકી : કાર્યવાહી ક્યારે ?

(ધન.કે.ચૌધરી)

(તા.પ્રતિ.) ધાનેરા

ધાનેરાના ચારડા ગામે મતદાન સમયે પટાવાળાની ફરજ ઉપર કામ કરતા મધ્યાહન ભોજન સંચાલક ઉપર થયેલ હુમલાને વખોડી કાઢી હુમલાખોરો સામે કાયદેસરના પગલા ભરવા આવેદનપત્ર આપવામાં આવ્યુ છે અને જો કાર્યવાહી નહી થાય તો ભુખ હડતાલ ઉપર ઉતરવાની પણ ચિમકી આપી છે. ચારડા ગામે મતદાન મથક ઉપર ફરજ બજાવી રહેલા મધ્યાહન ભોજન સંચાલક સબુસિહ ગણપતસિહ દેવડાને ચારડા ગામના ઈસમોએ ચાલુ મતદાન મથક ઉપર આવ્યૂને માથાના ભાગે માર મારતાં તેમની હાલત ગંભીર બની હતી અને તેમને તાત્કાલીક ધાનેરા **અનુસંધાન પાના નં.૬**

ઉંઝામાં છરાની અણીયે ૧.૮૮ લાખની મત્તાની લૂંટ

બૂટીયા ટોપી પહેરેલ ચાર શખ્સોનું કારસ્તાન

ઉંઝા

વેપારી મથક અને યાત્રાધામ ઉંઝાં શહેરમા સ્થાનિક પોલીસતંત્રની સરેઆમ નિષ્ફળતાને કારણે ગુન્હેગાર તત્વોને જાણે મોકળું મેદાન મળી ગયું હોય તેમ ઉત્તરોત્તર ગુનાખોરી વકરી જતાં લોકો ભયના ઓથાર હેઠળ જીવન જીવી રહ્યા છે.

આજે વહેલી પરોઢના ઉંઝા ખાતે વિસનગર રોડ પર આવેલ રૂસાત નગરના એક મકાનમાં ચાર અજાણ્યા શખ્સોએ મકાનની બારીની ગ્રીલ તોડી અંદર પ્રવેશી મકાન માલિક તેમજ તેમના પત્નિને છરો તથા ગિલોલ બતાવી ડરાવી ધમકાવી કબાટમાંથી સોનાચાંદીના દાગીના અને રોકડ રકમ મળી કુલ ૧,૮૮૦૦૦ ની કિંમતની મત્તાની આબાદ લૂંટ ચલાવી ક્યાંક નાસી છૂટ્યા હોવાનો ચોંકાવનારો બનાવ બન્યો હતો.

વિગત એવી છે કે ઉંઝા શહેરમાં વિસનગર રોડ પર આવેલ રૂસાત નગરના એક મકાનમાં રહેતા પટેલ દશરથભાઈ મણીલાલ પરિવાર સાથે મકાનમાં રાત્રિના સમયે સૂઈ રહ્યા હતા ત્યારે વહેલી પરોઢના પોણા ત્રણ વાગ્યાના સુમારે ચાર અજાણ્યા શખ્સો જેઓએ બુઢિયા ટોપી પહેરેલ હતી. તેઓ મકાનના બેઠક રૂમની બારીની ગ્રીલ તોડી અંદર પ્રવેશ્યા હતા. આથી દંપાતિ અવાજથી જાગી જતાં લૂંટારૂઓએ પતિ-પત્નિને છરો તથા ગિલોલ બતાવી ડરાવી **અનુસંધાન પાના નં.૬**

બનાસકાંઠા જિલ્લામાં ૭૫.૨૫ ટકા મતદાન થયું

સૌથી વધુ મતદાન થરાદ બેઠક ઉપર ૮૫.૫૩ અને સૌથી ઓછુ પાલનપુર બેઠક ઉપર ૬૮.૯૯ ટકા

પાલનપુર

વિધાનસભા સામાન્ય ચૂંટણી-૨૦૧૭ અન્વયે બનાસકાંઠા જિલ્લાની નવ બેઠકો ઉપર શાંતિપૂર્ણ માહોલમાં ૭૫.૨૫ ટકા જેટલું મતદાન થયું છે. સૌથી વધુ મતદાન થરાદ બેઠક ઉપર ૮૫.૫૩ ટકા અને સૌથી ઓછુ પાલનપુર બેઠક ઉપર ૬૮.૯૯ ટકા થયું છે. જીલ્લાપની તમામ બેઠકો ઉપર થયેલ મતદાનની વિગત નીચે પ્રમાણે છે.

બેઠકનું નામ	કુલ મતદારો	થયેલ મતદાન	ટકાવારી
૭-વાવ	૨,૫૬,૯૪૪	૨,૦૭,૫૫૪	૮૦.૭૭
૮-થરાદ	૨,૦૯,૧૮૩	૧,૭૮,૬૨૨	૮૫.૫૩
૯-ધાનેરા	૨,૨૮,૬૪૪	૧,૭૨,૫૦૫	૭૫.૩૫
૧૦-દાંતા	૨,૧૮,૬૨૧	૧,૬૧,૩૮૭	૭૩.૭૨
૧૧-વડગામ	૨,૬૦,૭૧૧	૧,૮૫,૬૮૭	૭૧.૨૩
૧૨-પાલનપુર	૨,૫૧,૧૬૧	૧,૭૩,૨૭૮	૬૮.૯૯
૧૩-ડીસા	૨,૫૦,૭૬૯	૧,૭૮,૨૬૮	૭૧.૦૯
૧૪-દિયોદર	૨,૧૫,૩૫૧	૧,૬૫,૩૭૩	૭૭.૭૯
૧૫-કાંકરેજ	૨,૫૨,૧૪૫	૧,૯૦,૪૧૨	૭૫.૫૨
કુલ	૨૧,૪૪,૧૩૯	૧૬,૧૩,૩૯૬	૭૫.૨૫

ઉત્તર ભારતમાં હીમવર્ષાના પગલે ડીસામાં શીતલહેરનું મોજુ ફરી વળ્યું

ડીસાના લઘુતમ તાપમાન ૧૨.૧ ડી.સે

નરસિંહ દેસાઈ

ડીસા

ઉત્તર ભારતમાં થઈ રહેલી હિમવર્ષાને પગલે છેલ્લા બે દિવસથી સમગ્ર બનાસકાંઠા જિલ્લામાં ઠંડીનો માહોલ જામ્યો છે લઘુત્તમ તાપમાનના પારામાં ઘટાડો થતાં ડીસામાં ૧૨.૧ ડીગ્રી સાથે ઠંડીનું જોર અચાનક વધી પડ્યું છે.

જિલ્લાભરમાં વિલંબથી શરૂ થયેલ શિયાળાની અસર ધીરે ધીરે જામી રહી છે જેથી રાત્રી દરમિયાન તીવ્ર ઠંડીનો અનુભવ થઈ રહ્યો છે ત્યારે ડેરેઠેર તાપણાંની મોસમ પણ ખિલી છે ઠંડીની અસરના પગલે પ્રજાજનોને દિવસભર ગરમ વસ્ત્રોમાં રહેવાની ફરજ પડી છે છેલ્લા બે-ત્રણ દિવસથી વાતવરણમાં ઠંડીનું પ્રમાણ વધી જતાં પ્રજાજનોને સિઝનની સૌથી વધુ ઠંડીનો અનુભવ થઈ રહ્યો છે ૧૪મી ડિસેમ્બરે વિધાનસભાની ચૂંટણીમાં ઠંડીમાં પણ રાજકીય માહોલ ગરમાયેલો હતો ત્યારે એકાએક ઠંડીનું પ્રમાણ વધતાં ગ્રામ્ય સહિત શહેરી વિસ્તારોમાં રાત્રે કરફ્યું જેવો માહોલ જોવા મળી રહ્યો છે. સમગ્ર જિલ્લાભરમાં ઠંડીના પગલે પ્રજાજનો ઠંડી ઉડાડવા વિવિધ નુસ્ખાઓ અપનાવી રહ્યા છે ચાની લારીઓ, નાસ્તાની લારીઓ તથા અનેક જગ્યાએ તાપણાંઓ કરી ઠંડી ઉડાડવાની સાથે રાજકીય ગણીતની ચર્ચામાં જો અને તો ની સાથે ચર્ચાનું પણ જોર વધ્યુ છે દેશના પહાડી રાજ્યોમાં થઈ રહેલી બરફવર્ષાના પગલે સમગ્ર પંથકમાં ઠંડીનું જોર વધ્યુ છે તેની સીધી અસર જિલ્લાના હવામાન પર પડતા તાપમાનનો પારો ગગડી રહ્યો છે જેના કારણે ડીસા શહેરમાં પણ તાપમાનનો પારો ૧૨.૧ ડિગ્રીએ પહોચતા પ્રજાજનોને તીવ્ર ઠંડીનો સામનો કરવો પડી રહ્યો છે.

માઉન્ટ આબુમાં ઠંડીની મજા માણવા પ્રવાસીઓ ઉમટી પડ્યા



માઉન્ટ આબુ

જમ્મુ-કાશ્મીર અને હિમાચલ પ્રદેશમાં હિમપાત થતા તેની અસર રાજસ્થાનના રણમાં પણ જોવા મળી છે. સમગ્ર રાજસ્થાન થરથર કાપી રહ્યુ છે. રાજસ્થાનના માઉન્ટ આબુમાં નખ્ખી લેઇક થીજી ગયુ છે. સવારે જયારે લોકો ઘરની બહાર નીકળ્યા તો તેઓની ગાડી ઉપર બરફ જામી ગયો હતો. ઘરની બહાર ડોલમાં રાખેલુ પાણી પણ બરફ થઇ ગયુ હતુ. આબુમાં દિવસનું તાપમાન ૧૮ ડીગ્રી હતુ તો ન્યુનતમ તાપમાન એક ડીગ્રી થઇ ગયુ છે.

રાજસ્થાનમાં સામાન્ય રીતે ડિસેમ્બરના ત્રીજા સપ્તાહમાં તાપમાન ૧ ડીગ્રી સુધી તૂટે છે પરંતુ આ વખતે હિમાચલ અને જમ્મુ-કાશ્મીરમાં બરફ પડતા ડિસેમ્બરના બીજા સપ્તાહમાં ગાત્રો થીજાવતી ઠંડી પડી રહી છે. માઉન્ટ આબુમાં પારો ૧ ડીગ્રી થઇ ગયો છે. ઠંડા પવનો ઉત્તર ભારતથી ફુંકાતા નખ્ખી લેઇક થીજી ગયુ છે. માઉન્ટ આબુ પ્રખ્યાત હિલ સ્ટેશન છે અને ત્યાં ઠંડીનું જોર વધતા તેની મજા લેવા પ્રવાસીઓ ઉમટી પડયા છે. હોટલો અને ગરમ વસ્ત્રોના વેપારીઓને તડાકો પડી ગયો છે. માઉન્ટ આબુમાં ઠંડી વધતા સવારે ૧૦ વાગ્યા બાદ **અનુસંધાન પાના નં.૬**

માઉન્ટ આબુમાં તાપમાન ૧ ડિગ્રીએ પહોંચ્યુ, નખ્ખી લેક તળાવ થીજી ગયું

પાલનપુરમાં પૈસાની લેતીદેતીના મામલે ચપ્પુ હુલાવ્યું

પાલનપુર

પાલનપુરમાં કાયદો અને વ્યવસ્થાની કથળતી જતી પરિસ્થિતિની ગવાહી પૂરો પાડતો બનાવ નાની બજારમાં બન્યો હતો. જેમાં પૈસાની લેતીદેતીના મામલે મિત્રએ મિત્રને ચપ્પુ માર્યું હોવાની ઘટના સામે આવી છે.

પાલનપુરના નાની બજારમાં પૈસાની લેતીદેતી મામલે મિત્રએ જ મિત્ર પર હુમલો કર્યો હતો. જેમાં ઈરફાન અબ્દુલ રશીદ અંસારી ઉ.૩૦ રહે.નાની બજાર, પાલનપુર વાળાને પૈસાની લેતીદેતી મામલે તેના મિત્રએ જ ચપ્પુ મારતા તેને ઈજા થઈ હતી. ત્યારે ઈજાગ્રસ્ત યુવકને સારવાર અર્થે પાલનપુર સિવિલમાં ખસેડાયો હતો.

પીળી ચાદર પથરાઈ....

નરસિંહ પ્રજાપતિ

લાખણી સહિત બનાસકાંઠા જિલ્લા માં શિયાળુ સિઝનમાં રાયડાનું પણ મોટાપાયે વાવેતર થયું છે. ત્યારે પ્રારંભે ઓછી ઠંડી બાદ હાલમાં છેલ્લા ચારેક દિવસથી કડકડતી ઠંડી પડી રહી છે. જેના કારણે રાયડાનો પાક ખીલી ઉઠયો છે જેના કારણે ખેતરોમાં પીળી ચાદર પથરાઈ હોય તેવા મનમોહક દ્રશ્યો આંખોને અનેરી ઠંડક આપે છે. હવે આ રીતે આગામી દિવસોમાં ઠંડીનું જોર જળવાઈ રહે તો રાયડાનું મબલખ ઉત્પાદન થવાની ખેડૂતોએ આશા વ્યક્ત કરી હતી.

ધાનેરામાં સરકારી કચેરીઓમાં પણ રખડતા ઢોરોનો ત્રાસ

તા પ્રતિ. ધાનેરા

ધાનેરામાં જાહેરમાર્ગો પર રખડતા પશુઓનો ત્રાસ જોવા મળે છે. પરંતુ આજે મતદાનના દિવસે મામલતદાર કચેરીના કંપાઉન્ડમાં પણ રખડતા પશુઓના લીધે લોકોને પરેશાન થવું પડી રહ્યું છે. ત્યારે પશુઓ પણ પોતાની કોઈ રજુઆત લઈને સરકારી કચેરીએ આઈંગો જમાવ્યો હોય તેવા દ્રશ્યો જોવા મળી રહ્યા છે.

શ્રધ્ધાંજલિ

સ્વ.ઠેલોસિંહજી જેમવસિંહજી ચૌહાણ
મુ.સુજાવાન (તાલ મણાવર ધારાનુર)
સ્વ.તા. ૩૩-૧૨-૨૦૧૬

"મૌહબતના માનની જેરી જગ છોડીને ચાલી, કરગ એની કાણ-વર ઘર મંડલી"
"જાને ઢબાણી દાણદાર કાં માંડે કાઢાણ, જા જાને તાર મારશે રાજ ઘર ચૌહાણ"

રામસિંહજી ચૌહાણ પેરા સમાજારી પૂરાબના વંશમાં જન્મેલ ઠેલોસિંહજી ભાવુ સાથ સમસ્ત નાડોળા તથા સમસ્ત જાગીરદાર રબાર તથા સમગ્ર પંચક માટે સ્વપ્નનું ઉમદા વ્યક્તિત્વ, રાજિય ધર્મને શોભે તેવા સ્વપ્નના ગુણો, ગુજરનની નવી પેઢીને પ્રેરણા આપતું રહેશે. અમારી પડેલ દુઃખદ ક્ષણે સદ્ગત કરવાની સ્વપ્નના પરિવારને આશ સમાધાપુરા માં શક્તિ અર્પે, આપના દિવ્ય સ્વપ્નાને માના સરણોમાં સ્થાન અર્પે એજ મહાદુને પ્રાર્થના સહ અશ્રુાંજલિ

સ્વ.ઠેલોસિંહજી રામસિંહજી પરિવાર બુકણા
(નિવૃત્ત વિભાગ અધિકારીશ્રી)
ઠેલોસિંહજી મહેન્દ્રસિંહજી ઠેલોસિંહજી
ઠેલોસિંહજી રણજુતસિંહજી ઉર્ફે લાલસિંહજી ઠેલોસિંહજી

સિ.
ઠેલોસિંહજી ઠોરીવારસિંહજી સિંઘસિંહજી
ઠેલોસિંહજી કુલદીપસિંહજી સિંઘસિંહજી
તથા સમસ્ત નાડોળા ઠેલોસિંહ
પરિવાર-પક્ષ કોટડી
(મુ.પો.બુકણા, તા.વાવ, જિ.બ.કાં.)

જાહેર આભાર

ધાનેરા વિધાનસભા મત વિસ્તારના
તમામ મતદાર ભાઇ-બહેનોને
લોકશાહીના પર્વમાં
પોતાના મતાધિકાર
ઉપયોગ કરવા
બદલ ખુબ ખુબ આભાર...

માવજીભાઇ મગનભાઇ દેસાઇ
ઉમેદવાર, ધાનેરા વિધાનસભા ભાજપ

જીતશે વિકાસ, જીતશે ગુજરાત

જાહેર આભાર

ડીસા વિધાનસભા મત વિસ્તારના
તમામ મતદાર ભાઇ-બહેનોને
લોકશાહીના પર્વમાં
પોતાના મતાધિકાર
ઉપયોગ કરવા
બદલ ખુબ ખુબ આભાર...

શશીકાન્ત મહોબતરામ પંડયા
ઉમેદવાર, ડીસા વિધાનસભા ભાજપ

જીતશે વિકાસ, જીતશે ગુજરાત